પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૩-૮-૨૦૨૪, મંગળવાર
વર્ષ: ૧૩, અંક : ૧૩૪

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

યોગ્ય સમયે મનમાંથી કાઢી નાખેલી ગેરસમજ, જીવનમાં મીઠાશનું નિર્માણ કરે છે..














વિદેશી પર્યટકોને દેશી ચસ્કો લાગ્યો



ઈરાન ઈઝરાયેલ યુદ્ધ અઠવાડિયામાં થશે?



ભારતમાં ટૂંક સમયમાં જ વંદે મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે



નાના માણસોનો મોટો મેળો હવે 'ઈવેન્ટ મેનેજમેન્ટ'ના હાથમાં!!

### નમામિ દેવી નર્મદે

# નર્મદા ડેમ છલકાતા સૌરાષ્ટ્ર-ઉ.ગુજરાતમાં થશે પાણીની રેલમછેલ



**નર્મદાના વહી જતા પાણીનો સદ્પયોગ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય: રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લાના જળાશયોમાં ચાર પાઈપલાઈન મારફત ૧૩૦૦ ક્યુસેક પાણી ઠાલવાશે**

**સૌરાષ્ટ્રના સાત જિલ્લાના ૪૦ જળાશયોમાં અને ઉત્તર ગુજરાતના ૯૫૨ તળાવોને નર્મદાના નીરથી છલકાવી દેવાશે**

**અબતક, રાજકોટ**

ગુજરાતની જીવાદોરી મનાતો સરદાર સરોવર ડેમમાં પાણીની ચિક્કાર આવક થઈ રહી છે. છેલ્લા ચારેક દિવસથી ડેમના દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યા છે. નર્મદાના વહી થતા નીરનો સદપયોગ કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે નર્મદાના નીરથી સૌરાષ્ટ્રના સાત જિલ્લાના ૪૦ જળાશયો અને ઉત્તર ગુજરાતના ૯૫૨ તળાવોને ભરી દેવાનો ખુબ જ મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતો અને નાગરિકોને નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે.

નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો હોવાથી આ પાણી સૌરાષ્ટ્રના જળાશયોમાં પહોંચાડવામાં આવશે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, બોટાદ, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લાઓના કુલ ૪૦ જળાશયોને જુદીજુદી સૌની યોજનાની ૪ પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવાનું રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે.

હાલ આ પાઈપલાઈનો દ્વારા ૧ હજાર ૩૦૦ ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને આ જળાશયમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે.

ક્રમશ: તેમાં વધારો કરીને ૨૦૦૦ ક્યુસેક્સ ઉપરાંત પાણીનું ઉદવહન કરીને સૌરાષ્ટ્રના આ જળાશયો આગામી દિવસોમાં પહોંચાડવામાં આવશે.

વરસાદ ખેંચાશે તો આ જિલ્લાઓના આશરે ૬૦૦ ચેકડેમ/તળાવો પણ ભરવાનું (અનુ. આઠમા પાને)

## કેબિનેટમાં પણ નર્મદાના મહામૂલા નીરના સદપયોગ કરવા ચર્ચા

સામાન્ય રીતે દર બુધવારે રાજ્ય સરકારના મંત્રી મંડળની બેઠક યોજાતી હોય છે દરમિયાન આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખેડા જીલ્લાન મુલાકાતે હોવાના કારણે આજે કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજયના અનેક વિસ્તારોમાં  અપુરતા વરસાદના કારણે પાણીની ખેંચ વર્તાય રહી છે. બીજી તરફ નર્મદા ડેમ ૯૦ ટકા જેટલો ભરાય જવાના કારણે પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણીનો યોગ્ય ઉપયોગ કરવા માટે રાજય સરકારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને ભર ચોમાસે નર્મદાનાનીર આપવાનો નિર્ણય લીધો છે. દરમિયાન આજે કેબિનેટમાં નર્મદા ડેમની સપાટી અંગે ચર્ચા કરવામાં આવી હતી. નદીમાં વહી જતાં નર્મદાના મહામુલા નીરનો સદપયોગ કરવા ચર્ચા કરાય હતી અને યોગ્ય આયોજન કરવાનું પણ નકકી કરાયું હતું.ફ

# હવે રૂ.૬ લાખથી વધુ રકમ વિદેશમાં મોકલશો તો આઈટીની તવાઈ આવશે

## કરચોરીને રોકવા સરકાર સજ્જ: વિદેશમાં મોકલાતી મોટી રકમ તપાસવાનું શરૂ

**અબતક, નવી દિલ્હી**

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસએ રેમિટન્સ ડેટામાં વિસંગતતાઓ અને સંભવિત કરચોરીને ઓળખવા માટે રૂ. ૬ લાખથી વધુના ઊંચા મૂલ્યના આઉટવર્ડ ફોરેન રેમિટન્સ એટલે કે વિદેશ મોકલવામાં આવતા નાણાની વ્યાપક ચકાસણી શરૂ કરી છે.

વિદેશી રેમિટન્સ અને ખર્ચ વ્યક્તિઓ દ્વારા જાહેર કરાયેલ આવકને અનુરૂપ ન હોય તેવા કિસ્સાઓ શોધી કાઢ્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે અને સ્ત્રોત પર ટેક્સ કલેક્શનમાં ડિફોલ્ટ્સ હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બોર્ડે ફીલ્ડ ફોર્મેશન્સને વેરિફિકેશન પ્રક્રિયા શરૂ કરવા અને ફોર્મ ૧૫સીસી - આવકવેરા વિભાગમાં અધિકૃત ડીલરો દ્વારા ફાઈલ કરાયેલા બાહ્ય ભંડોળના ત્રિમાસિક ડિસ્કલોઝર સ્ટેટમેન્ટની ચકાસણી શરૂ કરવા જણાવ્યું છે. તેમણે કહ્યું કે ફોર્મ ૧૫સીસી ડેટા ૨૦૧૬ થી એકત્ર કરવામાં આવી રહ્યો છે અને તેને અલગ પાડવામાં આવી રહ્યો છે અને તે આ વર્ષથી વિશ્લેષણ માટે ઉપલબ્ધ થશે. ગયા વર્ષે વ્યાપક સમીક્ષાની ભલામણ કરવામાં આવી હતી. તે પ્રથમ વખત ફિલ્ડ ફોર્મેશન માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે આ પગલું સરકારને એવા કેસોને ઓળખવામાં મદદ કરશે જ્યાં નાણાં મોકલવામાં આવ્યા હતા પરંતુ કરદાતાએ તેની ફાઈલિંગમાં તેની જાણ કરી નથી. અધિકારીએ જણાવ્યું (અનુ. આઠમા પાને)

# ૨૦૩૬ સુધીમાં દેશની વસ્તી ૧૫૨ કરોડને આંબશે: મહિલાદર વધી ૯૫૨ થશે

## દેશમાં વસ્તી વધારાની સાથે શિક્ષણ અને જનજાગૃતિનું પ્રમાણ વધતા મહિલા જન્મદરમાં વૃદ્ધિના સારા સમાચાર ટાઢક આપનારા

**અબતક, રાજકોટ**

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતની વસ્તી સંભવિત રીતે ૨૦૩૬ સુધીમાં ૧૫૨.૨ કરોડના આંખને વટાવી જશે સાથે સાથે સારા સમાચાર એ છે કે જાતિ ધર્મ દીકરીના જન્મ દર ની ટકાવારી ૨૦૨૧ ૨૦૧૧ ની ૪૮.૫% ની જગ્યાએ ૪૮.૮% એ પહોંચશે સરકારના આંકડા અને આયોજન



વિભાગના જાહેર થયેલા અહેવાલમાં દીકરી જન્મદરના પ્રમાણ વધવા ના સારા સમાચારો મળ્યા છે

ભારતમાં મહિલા અને પુરુષ ૨૦૨૩ જારી કરવામાં આવેલા અહેવાલમાં ૨૦૧૧ થી ૨૦૩૬ ના સમયગાળા દરમિયાન ૧૫ વર્ષની વય જૂથ ની વસ્તી માં ઘટાડો જોવા મળશે અને અને ૬૦ વર્ષ થી (અનુ. આઠમા પાને)

# રિટેઈલ ફુગાવો ૪%ની નીચે આવતા અર્થતંત્ર ટનાટન

## છૂટક મોંઘવારી દર ૫.૦૮%થી જુલાઈમાં ઘટીને ૩.૫૪% થયો, આ દર પાંચ વર્ષના તળિયે પહોંચતા મોટી રાહત

**અબતક, નવી દિલ્હી**

અર્થતંત્રના મોરચે બે સુખદ આંકડાઓ સામે આવ્યા છે. જુલાઈમાં છૂટક મોંઘવારી દર ઘટીને ૩.૫૪ ટકા થયો હતો. જૂનમાં તે ૫.૦૮ ટકા હતો. તે જ સમયે, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫.૨ ટકાનો વધારો થયો છે. એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં ૪.૭ ટકાની વૃદ્ધિ હતી.

ખાદ્યપદાર્થોની કિંમતોમાં નરમાઈને કારણે જુલાઈમાં છૂટક મોંઘવારી દર ઘટીને ૩.૫૪ ટકા થઈ ગયો હતો. લગભગ પાંચ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે રિટેલ ફુગાવો ભારતીય રિઝર્વ બેંકના ચાર ટકાના લક્ષ્યાંકથી નીચે



ગયો છે. આ વર્ષે જૂનમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત છૂટક ફુગાવો ૫.૦૮ ટકા હતો. જ્યારે ગયા વર્ષે જુલાઈમાં તે ૭.૪૪ ટકા હતો.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસના ડેટા અનુસાર, ખાદ્ય ચીજવસ્તુઓમાં ફુગાવો જુલાઈમાં ૫.૪૨ ટકા હતો. જૂનમાં તે ૯.૩૬ ટકા હતો. અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૯માં છૂટક ફુગાવાનો દર ચાર ટકાથી નીચે હતો.

સરકારે રિઝર્વ બેન્કને રિટેલ ફુગાવાનો દર બે ટકાના તફાવત સાથે ચાર ટકા પર રાખવાની જવાબદારી સોંપી (અનુ. આઠમા પાને)

## ઔદ્યોગિક ઉત્પાદનમાં પણ ૪.૨%નો વધારો

અર્થતંત્ર સાથે જોડાયેલા બીજા સમાચાર ઔદ્યોગિક ઉત્પાદન સંબંધિત છે. માઈનિંગ અને પાવર સેક્ટરની સારી કામગીરીને કારણે જૂન મહિનામાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪.૨ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે જૂનમાં ઔદ્યોગિક ઉત્પાદનની વૃદ્ધિ ચાર ટકા હતી. સરકારી આંકડા મુજબ જૂન મહિનામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ ૨.૬ ટકા હતો. એક વર્ષ અગાઉના સમાન ગાળામાં તે ૩.૫ ટકા હતો. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ખાણકામ ક્ષેત્રે ૧૦.૩ ટકાના દરે વૃદ્ધિ નોંધાવી હતી. (અનુ. આઠમા પાને)

# ‘સ્વ જાગૃતિ’ વિદ્યાર્થીઓમાં સમસ્યા ઉકેલની કલા વિકસાવે

**વિદ્યાર્થીઓમાં વિચારોની અસ્પષ્ટતા, મુંઝવણ અને કર્તવ્ય અંગેની સમજદારીનો અભાવ જોવા મળે છે, ત્યારે સેલ્ફ અવેરનેશ એટલે વ્યકિતની પોતાની શારીરિક, માનસિક તેમજ વર્તનને લગતી તમામ બાબતો અંગેની જાગૃતિ જ સફળતા અપાવે છેઃ આપણા વિચારો, પસંદ-નાપસંદ, ચારિત્ર્ય અંગેના ખ્યાલો, લાગણીઓ તથા વલણો તરફ વધુ સ્પષ્ટ રીતે વિચારતા થવું, જેને સર્વાંગી વિકાસ સાથે સીધો સંબંધ છે**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦


આજના ફાસ્ટ યુગમાં શિક્ષણ લેતો છાત્ર કે યુવા ભયંકર રીતે વિવિધ તણાવનો સામનો કરી રહ્યો છે. ભણતર બાદ તેની કારકીર્દી લક્ષી ચિંતા સૌને સવિશેષ જોવા મળે છે. વિવિધ લાઇફ સ્કીલનાં કૌશલ્ય વિકાસ સાથે શિક્ષણ મેળવ્યું હશે તો બહુ ચિંતા રહેતી નથી. સ્વ, જાત, પોતે કે સેલ્ફ અવેરનેશ કે સ્વંવિકાસને સર્વાંગી વિકાસને સિધો સંબંધ છાત્રના જીવનમાં છે.

સેલ્ફ ડેવલપમેન્ટમાં સૌથી અગત્યની બાબતએ છે કે છાત્ર કે તરૂણ, કિશોર, યુવા પોતાની જાતને સમજીને જાતે જ સ્વ-નિયંત્રણ રાખતા શીખે છે. આવા છાત્રોને મુલ્યોનું શિક્ષણ આપવું પડતું નથી. આમ જોઈએ તો પણ લાઇફ સ્કીલ કે જીવન કૌશલ્ય શિક્ષણમાં સ્વજાગૃતિએ પાયાનું કૌશલ્ય છે. સમોવડીયા પાસેથી શિક્ષણ સાથે ઘણું શીખે છે. ત્યારે સારા નરસાની પરિભાષા શીખવી ખુબ જ જરૂરીછે.

સર્વાંગી વિકાસમાં શિસ્ત, નિયમપાલન, પરસ્પર, સહકાર અને જવાબદારીની ભાવના જેવા ગુણોનું મહત્વ છે. સ્વજાગૃતિ કેળવતા આ વલણો આપોઆપ છાત્ર શિખતો જાય છે. છાત્ર કે યુવાન વિકાસ શીલ બનીને સમાજનાં વિકાસમાં અગત્યનો ફાળો આપે છે. દરેક શિક્ષકે મા-બાપે આવા વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે જોવું જરૂરી છે.

સ્વજાગૃતિ એટલે વ્યકિતની પોતાની શારીરિક, માનસિક તેમજ વર્તનને લગતી તમામ બાબતો અંગેની જાગૃતિ, જેના દ્વારા આપણે આપણા વિચારો, આપણી પસંદ-નાપસંદ, આપણા ચારિત્ર્ય અંગેના ખ્યાલો, આપણી લાગણીઓ તથા આપણા વલણો તરફ વધુ સ્પષ્ટ રીતે વિચારતાં થઈએ છીએ, આ રીતે જયારે આપણે આપણા જીવન અને અસ્તિત્વનો ખરો અર્થ સમજવા સક્ષમ બનીએ છીએ, ત્યારે આપોઆપ જ આપણામાં આત્મવિશ્વાસ, આત્મગૌરવ અને આત્મસંતોષની લાગણી જન્મે છે. આમ, સ્વજાગૃતિ આપણને એક સુખી અને સફળ જીવન જીવવાનો રસ્તો બતાવે છે.

ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વિચારોની અસ્પષ્ટતા, મૂંઝવણ અને કર્તવ્ય અંગેની સમજદારીનો અભાવ જોવા મળે છે તે બીજું કંઈ નહીં, પણ સ્વજાગૃતિનો અભાવ છે. જો એકવાર



વિદ્યાર્થીઓ પોતાની લાગણીઓ, વિચારો, વિશેષતાઓ તેમજ મર્યાદાઓને સમજતાં થઇ જાય, તો પોતાની મેળે જ તેઓ યોગ્ય વર્તણૂક દાખવે છે. અને સફળતાના સોપાનો સર કરે છે. સ્વજાગૃતિનું કૌશલ્ય કેળવતાં બાળકો માટે સૌથી અગત્યની બાબત એ બની શકે છે, કે તેઓ પોતાની જાતને સમજીને જાતે જ સ્વ-નિયંત્રણ રાખતાં શીખે છે, જેને લીધે તેમને ઈરાદાપૂર્વક મૂલ્યોનું શિક્ષણ આપવું પડતું નથી. જેમ કે સ્વજાગૃતિ ધરાવનાર બાળકોને પરીક્ષાની તૈયારી કરવા માટે આનંદ-પ્રમોદ છોડીને વધારે સમય વાંચવુ પડે, ત્યારે આ બાળક ખુશીથી વાંચતા જણાય છે. તેઓ આ અભ્યાસથી કંટાળી નથી જતાં, કારણ કે તેમને તેની આવશ્યકતા અને ગંભીરતાની ખબર હોય છે. તેઓ પોતાના અભ્યાસની જરુરીયાત અને પોતાની જવાબદારી અંગે સભાન બન્યા હોય છે.

આમ, વિદ્યાર્થીઓના સર્વાંગિણ વિકાસમાં જરૂરી એવા વલણો જેમ કે શિસ્ત, નિયમપાલન, સમયપાલન, પરસ્પર સહકાર અને જવાબદારીની ભાવના વિગેરે સ્વજાગૃતિનું કૌશલ્ય કેળવતાં આપોઆપ વિકાસ પામે છે. આ રીતે, વિદ્યાર્થી પોતે વિકાસશીલ બનીને સમાજના વિકાસમાં અગત્યનો ફાળો આપે છે.

આ કૌશલ્ય બાળકોમાઃ વિકસે તે માટે વડીલોએ ખુબ જ ધીરજી, કાળજી અને ધ્યાન રાખવું જરુરી છે, અને બાળકો ઉપર પોતાની અપેક્ષાઓ ઠોકી બેસાડયા વિના તેમના વિચારોને સમજીને તેમને પોતાની મર્યાદાઓ સમજવામાં સહાયરુપ થવું જરુરી છે. બાળકોને સ્વતંત્ર રીતે સ્વમૂલ્યાંકની તક આપીને, ધીમે ધીમે તેમને સાચો રસ્તે દોરી જવા જરુરી છે, જેમ કે, જયારે બાળકો પોતાની જાતને બીજાઓ કરતા ચઢિયાતી માનવા લાગે, ત્યારે તેને ઉતારી પાડીને અથવા ધમકાવીને ચૂપ કરવાને બદલે, તેને પોતાની મર્યાદાઓ સમજવામાં અને બીજાની છૂપી વિશેષતાઓને ઓળખવામાં મદદ કરો. દા.ત. કોઇ બાળક જયારે એવું સમજે, કે તે તેના વર્ગમાં સૌથી સારા ગુણ લાવતું હોવાથી સૌથી ચઢિયાતુ છે, તો ત્યારે તેને સમજાવી શકાય, કે શું તેને બીજા ઓછા ગુણ લાવતા વિદ્યાર્થીઓની જેમ રમત ગમત સારા આવડે છે?

શું તે બીજાને મદદ કરવાનો ગુણ ધરાવે છે? શું તેનું સામાન્ય જ્ઞાન સારું છે? તદઉપરાંત, શું માત્ર સારા ગુણ જ ચઢિયાતાપણાની નિશાની છે? આમ, દરેક પાસા તરફ જો તેનું જો ધ્યાન દોરવામાં આવે, તો તેના સાચો વિકાસ થાય છે. આમ, જીવનકૌશલ્ય શિક્ષણમાં સ્વજાગૃતિ એ પાયાનું કૌશલ્ય છે, જેના ઉપર બીજા બધા કૌશલ્યો આધારિત છે. સ્વજાગૃતિ દ્વારા જ વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ સાધી શકે છે.

# જનસંપર્ક કાર્યાલયે ઉદય કાનગડે લહેરાવ્યો તિરંગો

**અબતક, રાજકોટ**

દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન ચાલી રહયું છે ત્યારે ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા પોતાના પેડક રોડ સ્થિત ૬૮-વિધાનસભા જનસેવા કાર્યાલય ખાતે તિરંગો લહેરાવાયો હતો. તેમજ શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાના નિવાસસ્થાન ખાતે તિરંગો લહેરાવી ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા પાર્ટીના તમામ કાર્યકર્તાઓ અને શહેરીજનોને પોતાના ઘેર તિરંગો લહેરાવવા જાહેર અપિલ કરવામાં આવી હતી.



આ તકે ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર સાથે વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ સંગઠનના હોદેદારશ્રીઓ,વિવિધ મોરચાના હોદેદારો તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# શ્યામજી કૃષ્ણ વર્મા ગાર્ડન ખાતે સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## વોર્ડ નં.પ અને વોર્ડ નં.૬ માં સ્વચ્છતા અભિયાન યોજાયુંઃ શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ભાવવંદના કરાઈ

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તા.૧૨ થી તા.૧૪ મહાપુરૂષો અને શુરવીરોની પ્રતિમાની આસપાસ સફાઈ અભિયાન અને પુષ્પાંજલી કાર્યક્રમ ચાલી રહયો છે તે અંતર્ગત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા શહેરના વોર્ડ-પ માં શ્યામજી કૃષ્ણ વર્મા ગાર્ડન ખાતે તેમજ વોર્ડ-૬માં સીતારામ સોસાયટીમાં સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવાયો હતો. ત્યારબાદ ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ



મહામંત્રી અશ્વિન મોલીયા ધ્વારા શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ભાવવંદના કરાઈ હતી. આ તકે શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ઘરોડીયા, વોર્ડના કોર્પોરેટરઓ તેમજ વોર્ડ સંગઠનના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

# ભાજપ દ્વારા વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત કાલે વકતવ્ય

**અબતક, રાજકોટ**

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશભરમાં હર ઘર તિરંગાના મૂર્ત સ્વરૂપ દ્વારા રાષ્ટ્રભકિતના આઝાદીના એક દિવસ પહેલા થયેલ દેશના વિભાજનની વેદના દેશ ક્યારેય ભુલી શકશે નહી, ત્યારે વિભાજનમાં વિસ્થાપિત થયેલા અને જીવ ગુમાવનારા આપણા લાખો ભાઈ-બહેનોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં તા.૧૪ ઓગષ્ટ વિભાજન વિભિષિકા દિવસ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. તે અંતર્ગત વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન કે જેમાં વીર શહિદો અને વિભાજન સમયે દેશવાસીઓની બલિદાનગાથાની યાદ તાજા થાય અને શહેરીજનો તેનાથી માહિતગાર થાય તે





અંતર્ગત શહેર ભાજપ દ્વારા આવતીકાલે તા.૧૪/૮ બુધવારે સાંજે ૬.૦૦ કલાકે સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ઓડીટોરીયમ હોલ, કોટેચા ચોક ખાતે લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી વિભાજન વિભિષિકા દિવસ અંતર્ગત બલિદાન અંગેનું વકતવ્ય આપશે. આ વકતવ્યમાં ભાજપના તમામ શ્રેણીના કાર્યકતાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્સિંહ ઝાલાએ જાહેર અનુરોધ કરેલ છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૪૧૧ | ૬૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૨૮૮૦ | ૩૦૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૧૩૫૫ | ૩૦૫ | ૬૬૫ |
| ટમેટા | ૬૩૯ | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૫૧ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૧૯૦ | ૯૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૧૪ | ૪૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૩૫૫ | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૭૨ | ૨૫૦ | ૪૦૦ |
| ફલાવર | ૪૭૬ | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૫૨ | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૯૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૫૭ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૧૫ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૭૬ | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૪૨૭ | ૨૦૦ | ૩૫૦ |
| કારેલા | ૧૪૬ | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૮ | ૭૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૮૫ | ૪૦૦ | ૬૫૦ |
| પરવર | ૪૮ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૨૯૦ | ૨૦૦ | ૩૫૦ |
| ગાજર | ૧૮૦ | ૩૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૩ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૯૯ | ૨૦૦ | ૩૦૦ |
| બીટ | ૩૦ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૬ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૮ | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૯૨ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| મરચા લીલા | ૨૯૪ | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૧૮૫ | ૩૦૦ | ૬૦૦ |
| મકાઈ લીલી | ૧૫૫ | ૨૦૦ | ૩૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૩૭૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૧૩૦ | ૫૦૬ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૧૬૦૦ | ૫૧૧ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૩૦ | ૬૬૫ | ૭૨૮ |
| જુવાર પીળી | ૫ | ૪૦૦ | ૪૬૬ |
| બાજરી | ૧૨૦ | ૪૦૦ | ૪૮૯ |
| તુવેર | ૩૫ | ૧૭૭૬ | ૨૨૨૨ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ચણા સફેદ | ૬૦૦ | ૨૦૦૦ | ૩૨૦૦ |
| અડદ | ૫૫ | ૧૬૦૦ | ૧૮૨૪ |
| મગ | ૨૨૫ | ૧૪૭૫ | ૧૬૩૮ |
| સીંગદાણા | ૩૫ | ૧૫૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૨૫૦ | ૧૧૦૦ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૨૦૦ | ૧૦૫૦ | ૧૧૭૦ |
| અળશી | ૩ | ૮૦૧ | ૮૦૧ |
| તલી | ૭૨૦ | ૨૦૦૦ | ૨૪૭૫ |
| સુરજમુખી | ૨ | ૫૪૦ | ૫૪૦ |
| એરંડા | ૧૫૦ | ૧૦૫૦ | ૧૧૮૮ |
| અજમો | ૫ | ૧૫૫૦ | ૧૮૦૦ |
| સુવા | ૨ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૩૦ | ૮૧૧ | ૮૩૬ |
| સીંગફાડા | ૮૦૦ | ૧૦૦૦ | ૧૩૧૫ |
| કાળા તલ | ૭૦૦ | ૨૯૦૦ | ૩૫૪૦ |
| લસણ | ૪૫૦ | ૨૭૫૦ | ૪૪૪૪ |
| ધાણા | ૩૮૦ | ૧૧૨૫ | ૧૪૦૫ |
| વરીયાળી | ૩૦૦ | ૧૦૫૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૪૦૦ | ૪૩૬૦ | ૪૮૨૦ |
| રાય | ૩૦ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| મેથી | ૨૨૫ | ૯૪૦ | ૧૩૪૫ |
| કલોંજી | ૭૦ | ૩૭૦૯ | ૩૭૦૯ |
| રાયડો | ૧૫૦ | ૯૪૦ | ૧૦૪૮ |
| રજકાનું બી | ૨૦ | ૪૪૦૧ | ૫૩૮૦ |
| ગુવારનું બી | ૨૦ | ૧૦૨૧ | ૧૦૨૫ |

# અબતક પંચાગ

## તા.૧૪-૮-૨૦૨૪ બુધવાર

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | શ્રાવણ શુદ નોમ બગીચાનોમ વિછુડો |
| **નક્ષત્ર** | અનુરાધા |
| **યોગ** | ઐન્દ્ર **કરણઃ** તેતિલ |
| **સુર્યોદય** | ૬.૨૫ **સુર્યાસ્તઃ** ૭.૧૯ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિક |
| **રાશિ અક્ષર** | ન.ય |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

# સૂડોકુ -૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | ૯ | | ૨ |
| | ૧ | ૨ | | | ૩ | | | |
| | | ૮ | ૭ | ૧ | | ૬ | | |
| | | | | | | | | ૮ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | ૩ | ૯ | ૮ | | ૬ | ૫ | | |
| ૨ | ૫ | ૩ | | | ૯ | | ૪ | ૧ |
| | | ૧ | | | | ૮ | ૫ | |
| ૮ | ૪ | ૭ | ૫ | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૮-૨૦૨૪ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (દુશ્મનાવટ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.દેવેન્દ્ર દેકીવાડીયા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૩૦ મનુ મોજીલો
૦૫:૩૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (રેશમ ડંખ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૧૦:૦૦ ચાલ ને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૮-૨૦૨૪ મંગળવાર**

૦૭:૦૦ થી ૦૯:૦૦ શિવ કથા(પૂ.ગિરી બાપુ)
૦૯:૦૦ થી ૦૯:૩૦ શ્રાવણ મહિનો સ્ટોરી
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

# આજનું રાશિફળ

## તા.૧૩.૮.૨૦૨૪ મંગળવાર, સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ આઠમ, વિશાખા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રોમાં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે,આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેર જીવનમાં સારૂ રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી,ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારૂ રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રોની મદદથી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારૂ રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કામકાજમાં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસમાં કાળજી રાખવી. મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રોથી સારૂ રહે, લેખન વાંચન મંથનથી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** વેપારીવર્ગને સારૂ રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજીને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# ૧૫૧ સ્માર્ટ સોસાયટીઓની સફાઇ ગ્રાન્ટ બમણી: સ્ટેન્ડિંગની બહાલી

## સ્માર્ટ સોસાયટીઓને હાલ દર મહિને પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૫૦ લેખે ચુકવાતી ગ્રાન્ટ હવે રૂ.૩ મુજબ અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે બપોરે શહેરના સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલા અટલ સરોવર ખાતે મળી હતી. જેમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલી ૫૭ પૈકી એક દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. જ્યારે કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવાની દરખાસ્ત વધુ અભ્યાસ માટે વધુ એકવાર પેન્ડિંગ રાખવામાં આવી હતી. સ્માર્ટ સોસાયટીઓને કોર્પોરેશન દ્વારા હાલ ચુકવાતી સફાઇ ગ્રાન્ટ બમણી કરવામાં આવી છે.





તસવીર: શૈલેષ વાડોલિયા

આ અંગે વધુ માહિતી આપતા ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે શહેરમાં આવેલી ૧૫૧ સ્માર્ટ સોસાયટીઓને કોર્પોરેશન દ્વારા હાલ ચુકવાતી સફાઇ ગ્રાન્ટની રકમ બમણી કરવામાં આવશે. થોડા દિવસ પહેલા બજેટમાં કરાયેલી જાહેરાત અંગે રિવ્યૂ બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિસ્તૃત માહિતી લેવામાં આવી હતી. અલગ-અલગ વોર્ડમાં આવેલી સ્માર્ટ સોસાયટીઓની ગ્રાન્ટમાં બમણો વધારો કરવા માટે આજે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિ.કમિશનર દ્વારા દરખાસ્ત મોકલવામાં આવી હતી. જેને બહાલી આપવામાં આવી છે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી ૧૫૧ સ્માર્ટ સોસાયટીઓને દર મહિને સફાઇ ગ્રાન્ટ માટે પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૫૦ મુજબ ગ્રાન્ટ ચુકવવામાં આવે છે. જેનો માસિક ખર્ચ રૂ.૧૨,૬૦,૪૧૭ અને વાર્ષિક ખર્ચ રૂ.૧,૫૧,૨૫૦૦૪ જેવો થવા પામે છે. બજેટમાં કરવામાં આવેલી જોગવાઇને

(અનુ. આઠમા પાને)

## ડેપ્યૂટી મેયર ટીકુભાએ સુવિધાઓ ખેંચી: વોર્ડ નં.૩માં વિકાસ કામો માટે રૂ.૨૧.૩૯ કરોડ મંજૂર

કોર્પોરેશનના ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાએ પોતાના મતવિસ્તાર એવા વોર્ડ નં.૩માં વિકાસ કામો માટે રૂ.૨૧.૩૯ કરોડનો ખર્ચ મંજૂર કરાવ્યો છે. શહેરના વોર્ડ નં.૦૩માં રૂ.૮.૬૯ કરોડના ખર્ચે રેલનગર વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૧૯, એફ.પી. નં.૮-એ પ્લોટ ઉપર કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ, રૂ.૪૭.૧૦ લાખના ખર્ચે ટી.પી. સ્કીમ નં.૧૯, ૨૩ તથા ૨૪ માં બાકી રહેતા ભાગમાં ડ્રેનેજ લાઇન નાખવાનુ, મેનહોલ તથા હાઉસ કનેકશન ચેમ્બર બનાવવાનુ કામ અને રૂ.૯.૦૮ કરોડના ખર્ચે અમૃત મિશન ૨.૦ અંતર્ગત જુદા જુદા વિસ્તારમાં ઘંટેશ્વર સમ્પથી ડી.આઇ. પાઇપલાઇન(લેબર કામ) તથા રીસ્ટોરેશન કરવાનુ કામ અને રૂ.૩.૧૪ કરોડના ખર્ચે રેલનગરમાં આરોગ્ય કેન્દ્ર તથા સિટી ટી.બી. સેન્ટર બનાવવાનુ કામ આમ કુલ મળીને રૂ.૨૧.૩૯ કરોડના જુદા-જુદા કામો આજરોજ (અનુ. આઠમા પાને)

## મેયરના વોર્ડમાં ટીપીના રસ્તા ડેવલપ કરવા ૯.૪૮ કરોડ મંજૂર

શહેરના પ્રથમ નાગરિક મેયર નયનાબેન પેઢડિયાના મતવિસ્તાર એવા વોર્ડ નં.૪માં ટીપી સ્કિમ નં.૧૪, ૧૭, ૧૮ અને ૩૧માં જુદા-જુદા ટીપી રોડને ડેવલપ કરવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.૯,૪૮,૩૫,૮૩૩નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ટેન્ડિંગમાં ડ્રેનેજ કામ માટે રૂ.૩.૩૨ કરોડ, પેવિંગ બ્લોકના કામ માટે રૂ.૭૩.૧૪ કરોડ, ડીઆઇ પાઇપલાઇનના કામ માટે રૂ.૧૦.૯૬ કરોડ, વાહન ખરીદી માટે રૂ.૧.૯૨ કરોડ સહિત સ્ટેન્ડિંગમાં રૂ.૪૫.૫૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો.

## કોર્પોરેટરો અને અધિકારીઓ ઇલેક્ટ્રીક બસમાં અટલ સરોવર ગયા!!

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દર વખતે સામાન્ય રીતે મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ હોલ ખાતે રાખવામાં આવે છે.પરંતુ રામવન બાદ આજે સ્ટેન્ડિંગ કમિટીની મિટીંગ સ્માર્ટ સિટી વિસ્તાર, નવા ૧૫૦ ફટ રિંગ રોડ ખાતે આવેલ નવું નજરાણું અટલ સરોવર ખાતે રાખવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીની મિટીંગમાં જવા તથા પરત આવવા માટે ઇલેક્ટ્રિક બસની વ્યવસ્થા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતેથી રાખવામાં આવી હતી. કોર્પોરેટરો તથા અધિકારી-કર્મચારીઓ ઇલેક્ટ્રિક બસ મારફત ''અટલ સરોવર'' ખાતે ગયા હતા. સ્ટેન્ડિંગ કમિટી મિટીંગ અંતર્ગત ''અટલ સરોવર'' ખાતે એક સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. જેમાં, ટેબલ, ખુરશી, મંડપની બેરી કેટીંગ, ચા-નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. આમ, સ્ટેન્ડિંગ (અનુ. આઠમા પાને)

## કોર્પોરેશનનું કોમ્યુનિટી સેન્ટર મફતમાં મેળવી રોટરી ક્લબ દ્વારા કોમર્શિયલ ઉપયોગ..!

### ગુલાબનગર કોમ્યુનિટી સેન્ટરનું સંચાલન દત્તક યોજના હેઠળ વધુ બે વર્ષ માટે રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનને સોંપવાની દરખાસ્ત નામંજૂર: સેન્ટરનો કબ્જો મેળવી જન સુખાકારી માટે ઉપયોગ કરવાનો નિર્ણય



રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા ગુલાબનગર સ્થિત કોર્પોરેશનના કોમ્યુનિટી સેન્ટરનું સંચાલન દત્તક યોજના હેઠળ સંભાળવામાં આવી રહ્યું છે. જો કે, સેવાકીય સંસ્થા દ્વારા તેનો કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવતો હોવાનો ઘટસ્ફોટ થતા આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વધુ બે વર્ષ માટે કોમ્યુનિટી સેન્ટરનું સંચાલન રોટરી ક્લબને સોંપવાની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી છે. સાથોસાથ આગામી દિવસોમાં આ સેન્ટરનો કબ્જો સંસ્થા પાસેથી મેળવી લઇ તેનો ઉપયોગ જન સુખાકારી માટે થાય તે રીતનો સર્વે કરવા પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવ્યું હતું કે દત્તક યોજના અંતર્ગત કોર્પોરેશનના ગુલાબનગર કોમ્યુનિટી સેન્ટરનું સંચાલન વર્ષ–૨૦૧૪ના ઠરાવ અને સમજૂતી કરાર હેઠળ ૨૩ શરતોને આધિન કોર્પોરેશન દ્વારા સેવાકીય સંસ્થાઓને સોંપવામાં આવે છે. આ સેન્ટરનું કેમ્પસ ૬૮૩ મીટરનું છે. જેમાં એક ઓફિસ અને ૬ રૂમની સુવિધા છે. કુલ ૨૪૦ ચોરસ મીટરનું બાંધકામ ધરાવતી આ પ્રિમાઇસીસ કોર્પોરેશન દ્વારા કોઇપણ ભાડું વસૂલ્યા વિના રોટરી ક્લબને સેવાકીય પ્રવૃત્તિ માટે છેલ્લા ૨૦ વર્ષથી આપવામાં આવે છે. વધુ બે

(અનુ. આઠમા પાને)

### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૪૫.૫૫ કરોડના વિકાસ કામોને બહાલી આપતા ચેરમેન જયમીન ઠાકર: ૧૨ વર્ષથી સળંગ નોકરી કરતા કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવાની દરખાસ્ત વધુ એકવાર પેન્ડિંગ

# વોર્ડ નં.૧૮માં લોક દરબારમાં રોડ અને દબાણ પ્રશ્ને હોબાળો: પોલીસ બોલાવવી પડી

## પદાધિકારીઓ અને અરજદારો વચ્ચે ઉગ્ર બોલાચાલી: કજીયાના ઘર બની ગયેલા લોક દરબારનું સમાપન





**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૮માં આજે 'મેયર તમારે દ્વારે' શિર્ષક હેઠળ લોક દરબાર યોજાયો હતો. જેમાં બિસ્માર રોડ-રસ્તા અને ગેરકાયદે દબાણો મુદ્દે ભારે હોબાળો બોલી ગયો હતો. અરજદારો અને કોર્પોરેશનના પદાધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. મામલો ગરમા-ગરમી સુધી પહોંચી જતા આજી ડેમ પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. કજીયાના ઘર સમા લોક દરબારનું આજે સમાપન થયું છે. તમામ ૧૮ વોર્ડમાંથી ફરિયાદોનો ધોધ છૂટ્યો છે. દબાણ અને રોડ-રસ્તા સહિતની રેકોર્ડબ્રેક ૧૮૪ ફરિયાદો ઉઠતા તમામ ચોંકી ઉઠ્યા હતા.

લોકોએ રોજબરોજની લગતી સામાન્ય ફરિયાદો માટે કોર્પોરેશન કચેરી સુધી ધક્કો ન ખાવો પડે તે માટે 'મેયર તમારા દ્વારે' શિર્ષક હેઠળ કોર્પોરેશનના પદાધિકારીઓ દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં લોક દરબાર યોજવામાં આવ્યા હતા. આજે વોર્ડ નં.૧૮માં લોક દરબાર સાથે આ અભિયાનનું સમાપન થયું હતું. વોર્ડ નં.૧૮માં યોજાયેલા મેયરના લોક દરબારમાં વોર્ડના નાગરિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. રોડ-રસ્તાના પ્રશ્ને ભૂતકાળમાં અનેકવાર ચક્કાજામ કરનાર વોર્ડના લોકોએ આજે લોક દરબારમાં શાસકો અને અધિકારીઓ પર તડાપીઠ બોલાવી હતી. કોંગ્રેસ અને સ્થાનિક લોકોએ રોડ-રસ્તા ઉપરાંત સ્ટ્રીટ લાઇટ, પાણીની વ્યવસ્થા, સફાઇ સહિતના મુદ્દે મેયર, ડેપ્યૂટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના

(અનુ. આઠમા પાને)

### ૧૦-૧૦ વર્ષથી રોડ બન્યા ન હોય લોકોએ લોક દરબારમાં બળાપો ઠાલવ્યો: સોસાયટીઓના કોમન પ્લોટમાં કોમર્શિયલ દબાણ ખડકાઇ ગયા હોવા સહિતની ૧૮૪ ફરિયાદો ઉઠી

### નશામુક્તિ ભારત અભિયાન

# એસઓજીએ કોપ્ટા એક્ટ હેઠળ ૧૨૬ ગુના દાખલ કરતા તમાકુના વેપારીઓમાં ફફડાટ

## શહેરની અનેક શાળા–કોલેજમાં જાગૃતતા સેમિનાર યોજાયા: વિદ્યાર્થીઓણે નશાથી દૂર રહેવા શપથ લેવડાવ્યા

**અબતક, રાજકોટ**

ભારતના યુવા ધનને નશાના કાળા અંધારામાં ધકેલાતા બચાવવા માટે નશામુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અભિયાન હેઠળ રાજકોટ શહેર એસઓજી પોલીસ દ્વારા બીડી, સિગરેટ અને તંબાકુનું વેચાણ કરતા વેપારીઓએ કોપ્ટા એક્ટનું પાલન નહીં કરતા કુલ ૧૨૬ કેસ કરવામાં આવ્યા છે. એસઓજીની કાર્યવાહીથી તંબાકુના વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.





સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા નશા મુક્ત ભારત અભિયાન ચલાવવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર વિવિધ માદક પદાર્થોના નશાની બદ્ધી દુર કરવા સતત કાર્યશીલ અને ચિંતિત છે. જેના ભાગરૂપે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ ઝા અને અધિક પોલીસ કમિશનર બગરીયા દ્વારા રાજકોટ ખાતે અભિયાનના ભાગરૂપે અસરકારક કામગીરી કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ભરત બસીયા દ્વારા 'નશામુક્ત રાજકોટ શહેર' અને 'સે નો ટુ ડ્રગ્સ'થીમ હેઠળ શહેરમાં નશામુક્તિ સંબંધે પ્રોએક્ટિવ કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર ડી સી સાકરીયા તથા શહેરના તમામ થાણા અમલદારો દ્વારા વિવિધ શાળા- કોલેજોમાં વિદ્યાર્થીઓ સાથે નશામુક્તિ સંબંધી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેર પોલીસ દ્વારા રોજરી સ્કૂલ, સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ, વી જે મોદી સ્કૂલ, શમ્સ માધ્યમિક સ્કૂલ, નેસ્ટ

(અનુ. આઠમા પાને)

### શું છે કોપ્ટા એક્ટ?

બીડી–સિગરેટ તેમજ તમાકુ પ્રોડક્ટના વેચાણ અંગે નિયમો બનાવવામાં આવેલા છે. જેનો સમાવેશ કોપ્ટા એક્ટ હેઠળ કરવામાં આવ્યો છે. જેમાં જાહેરમાં વેચાણ પર પ્રતિબંધ, શૈક્ષણિક સંકુલની ૧૦૦ મિટર નજીક વેચાણ પર પ્રતિબંધ, ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિણે તમાકુનું વેચાણ, ઈ સિગરેટ સહિતના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે એક્ટની અમલવારી નહિ કરનારા વેપારીઓ પર ગુન્હા દાખલ કરવામાં આવ્યા છે.

# ગ્રેટર ચેમ્બરના સેમિનારમાં લઘુ ઉદ્યોગોના વિકાસ માટે સામુહિક પરામર્શ

## એમએસએમઈના આર્થિક પડકારોના ઉકેલ માટે નિષ્ણાંતોએ આપ્યુ માર્ગદર્શન





**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર અને ઔદ્યોગીક શહેર રાજકોટના નાના મધ્યમ લઘુઉદ્યોગો વેપારના વિકાસ માટે કાર્યરત ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ દ્વારા ઉદ્યોગ જગતના વિકાસ અને પડકારોના ઉકેલ માટે સેમીનાર યોજાયો હતો.

અત્રેથી આપણી સંસ્થા ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુકત પ્રયાસોથી એમએસએમઈના વેપારીઓને માટે મહત્વનો સેમીનાર યોજાઈ ગયો. જેમાં બહોળી સંખ્યામાં વેપારીઓએ હાજરી આપી હતી. ૯/૦૮/૨૦૨૪ ને શુક્રવારના રોજ ગુજરાતમાં પ્રવર્તમાન ઉદ્યોગ પ્રોત્સાહન યોજનાની છણાવટ અને આત્મનિર્ભર ભારતની એમએસએમઈ માટેની સહાયની વિવિધ યોજનાઓ, (જૂની બાકી ઉઘરાણી) મેળવવા માટેની સમાધાન યોજના અંગે માર્ગદર્શન, બિઝનેસના વિકાસને અવરોધતા ચક્રવ્યુહમાંથી બહાર કઈ રીતે નીકળવું, ની જરૂરિયાત અને તે કઈ રીતે મેળવવું તેવા ખરેખર ઉપયોગી એવા વિષયો અંગેની સરળ સમજણ જે-તે વિષયના તજજ્ઞો દ્વારા આપવામાં આવેલ હતી.ભારતીય પરંપરા મુજબ દિપપ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત કરેલ હતી. આપણી સંસ્થાના સહકોષાધ્યક્ષ હેમલભાઈ કામદાર દ્વારા હાજર રહેલ સૌને આવકારવામાં આવેલ પ્રમુખ રાજીવભાઈ દોશીને સ્વાગત પ્રવચન આપવા જણાવેલ હતું, જેમાં પ્રમુખશ્રી દ્વારા મંચસ્થ મહાનુભાવોને ચેમ્બરની કામગીરીથી વાકેફ કરેલ હતા અને સૌને સેમીનારના મહત્વના વિષયોની છણાવટ કરીને આ સેમીનાર શા માટે સૌ વેપારી મિત્રોને લાભકારક છે તે અંગેની સમજ આપેલ હતી. તથા ચેમ્બર દ્વારા ટુંક સમયમાં જ સંસ્થાની ડિરેકટરી પ્રકાશીત થવાની હોય તેની માહિતી આપેલ હતી. તદ ઉપરાંત સેમીનારમાં ભાગ લેનાર દરેક સભ્યોને આપવામાં આવેલ કીટમાં આપણી સંસ્થાનું બ્રોશર, ખજખઉની માહિતીપત્રીકા, સંસ્થાના સભ્યપદ માટેનું ફોર્મ, સંસ્થા દ્વારા તેમના સભ્યોને તબીબી સારવાર માટે નામાંકીત હોસ્પીટલોમાં મળતા વળતરનો પરીપત્ર અને ડિરેકટરી અનુસંધાનેની વિગત દર્શાવતી પત્રક આપેલ હતી. જે દરેકની વિગતવાર સમજણ પુરી પાડીને મંચસ્થ મહાનુભાવોને પોતાના વિષય અન્વયેની માહિતી પુરી પાડવા જણાવેલ હતું.

વિનોદભાઈ દેસાઈ - મેનેજમેન્ટ ગુરૂ દ્વારા પોતાના વેપારના વિકાસને અવરોધતી સમસ્યાઓમાંથી કેવી રીતે બહાર નીકળીને વેપારનો વિકાસ કરવો તે અંગેની આગવી સમજણ પોતાની શૈલીમાં આપેલ હતી.

અશ્વીનકુમાર ડી.આર.એમ. વેસ્ર્ટન રેલ્વે કે પ્રાસંગીક પ્રવચન આપીને ચેરમેનશ્રી ધનસુખભાઈ વોરા દ્વારા પાયો નાખીને આગળ વધેલી ગ્રેટર ચેમ્બરની કામગીરીના વખાણ કરીને હાલની કારોબારીને પ્રોત્સાહીત કરેલ હતી. ત્યારબાદ રાજકોટ ખાતે કાર્યરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીશ્રી ફળદુ સાહેબ દ્વારા ગુજરાતના હાલના ઉદ્યોગ પ્રોત્સાહન યોજનાની વિગતવાર અને આત્મનિર્ભર ભારતનીએમએસએમઈ માટેની સહાયની વિવિધ યોજનાઓ વિશેની માહિતી પુરી પાડેલ હતી.

વિજ્ઞાની શુભમસિંઘ દ્વારા

(અનુ. આઠમા પાને)

# વી.વી.પી. જ્ઞાનકેન્દ્ર દ્વારા લાઈબ્રેરીયન્સ ડેની ઉજવણી



## પુસ્તકો વાંચવાથી એકાગ્રતા અને ક્રિએટીવીટી વધે ડો. નવિનભાઈ શેઠ

**અબતક,રાજકોટ**

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ જ્ઞાનકેન્દ્ર (લાઈબ્રેરી) દ્વારા ડો. એસ.આર. રંગનાથન ડે ની તથા લાઈબ્રેરીયન્સ ડેની બેસ્ટ યુઝર એવોર્ડ વિતરણ દ્વારા જ્ઞાનવર્ધક ઉજવણી કરવામાં આવી સાથે જ કાર્યક્રમને નેશનલ ડિજિટલ લાયબ્રેરી ઓફ ઈન્ડીયા એનડીએલઆઈ ક્લબ સાથે પણ જોડવામાં આવેલ હતો.

આ પ્રસંગે વી.વી.પી.ના ટ્રસ્ટી નવિનભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહેલ. તેમણે પ્રસંગોચિત માર્ગદર્શન આપતા જણાવેલ કે આપણે દરેક મહાપુરૂષોને રૂબરૂ મળી નથી શકતા પણ તેમની આત્મકથાનું પુસ્તક વાંચી તેમને આપણે જાણી શકીએ છીએ. આપણને ગમતા પુસ્તકના રોજ ઓછામાં ઓછા દશ પેઈઝ વાંચવા જોઈએ જેનાથી એકાગ્રતા આવે છે અને ક્રિએટિવિટી વધે છે. તેમણે સ્વામી વિવેકાનંદ, ગુરૂજીને યાદ કરતા જણાવેલ કે, બનારસ હિન્દુ યુની. લાઈબ્રેરીના તમામ પુસ્તકો ગુરૂજીએ તેમના સમયમાં વાંચેલ. એકાગ્રતા અને સફળતામાં પુસ્તકોના વાંચન ને અવગણી ન શકાય.

ડો. રંગનાથનજી ગણિતના પ્રાધ્યાપક હોવા છતા પુસ્તકો પ્રત્યેના પ્રેમ ના કારણે લાઈબ્રેરી સાથે જોડાયા તેમણે લાઈબ્રેરી ક્ષેત્રે ઘણું કાર્ય કર્યું. પુસ્તકોને વર્ગીકૃત કરવા માટેની કોલન કલાસીફીકેશન પદ્ધતિ પણ તેમણે વિકસાવી હતી. અંતમાં તેમણે પુસ્તક વાંચન દ્વારા જીવનનો સર્વાંગી વિકાસ કરવા અનુરોધ કર્યો હતો.


આ પ્રસંગે વર્ષ-૨૦૨૩ દરમ્યાન લાઈબ્રેરીનો મહતમ ઉપયોગ કરનાર વિજેતાઓઃ ટોપ ટેન સ્ટુડન્ટસ ક્રમ નંબર ૧. ચેતના દિનેશભાઈ પરમાર ૨. આયુષ અમિતકુમાર સિન્હા ૩. હેમંગ પ્રકાશકુમાર મયાત્રા ૪. હાર્દિક દિનેશભાઈ ગર, ૫. પ્રદિપ રમેશભાઈ રાઠોડ ૬. મૌલીન વિજયભાઈ સૌંદરવા ૭. કુશ મયુરભાઈ રાજયગુરૂ ૮. દિવ્યા મહેન્દ્રભાઈ સોલંકી ૯. જૈમીન ગુણવંતભાઈ સોલંકી ૧૦. જીયા વિમલભાઈ માવાણી, તથા ટોપ થ્રી સ્ટાફ પ્રથમ જીજ્ઞેશભાઈ અરવિંદભાઈ શાહ, દ્વિતીય ડો. સચીનભાઈ વ્રજલાલ રાજાણી, તૃતિય ચિરાગ દિનેશભાઈ માલવીને શિલ્ડ, સર્ટિફિકેટ તથા બુક દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા.

તદ્ઉપરાંત બ્રાંચમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓમાં આઈ.ટી. વિભાગમાં બીજલ મશરૂભાઈ બાંભવા, કેમિકલ વિભાગમાં હાર્દિક પ્રવીણભાઈ મોવલીયા તથા બી.ટી.

(અનુ. આઠમા પાને)

### એસજીવી ગુરૂકુળ અમદાવાદના

# સ્વામી બાલકૃષ્ણદાસજીની જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ધર્માધ્યક્ષ પદે વરણી



**અબતક, રાજકોટ**

વિ.હિ.પ. પ્રેરીત યોજાતી જન્માષ્ટમી મહોત્સવ નિમિતે અનેકવિધ કાર્યક્રમોની હારમાળ બાદ સૌથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. સેંકડો ફલોટ, નાના-મોટા વાહનો, વેશભુષા, સાફાધારી યુવાનો, કળશધારી બાળાઓ, ફોર વ્હીલર, ટ્રેકટર, ઘોડા-હાથી, થ્રી વ્હીલર, ટુ વ્હીલર, રાસ-મંડળીઓ, ધૂન મંડળો, તલાવર બાજો, બેન્ડ, ઢોલ-નગારા સાથે યોજાતી શોભાયાત્રાના દર્શનનો લ્હાવો લેવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

દર વર્ષે આ જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રામાં ધર્માધ્યક્ષના વડપણ હેઠળ અનેક સંતો, મહંતો પણ આ શોભાયાત્રામાં જોડાય છે. આ વખતની જન્માષ્ટમી મહોત્સવ સમિતિ-૨૦૨૪ના ધર્માધ્યક્ષ પદે એસ.જી.વી. ગુરૂકુળ અમદાવાદના પ. પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજીની પસંદગી કરવામાં આવી છે.

પૂજય બાલકૃષ્ણદાસજીની વરણી જન્માષ્ટમી શોભાયાત્રા-૨૦૨૪ ના ધર્માધ્યક્ષપદે થતા જન્માષ્ટમી મહોત્સવ સમિતિ-૨૦૨૪ ના માર્ગદર્શકો સર્વ નરેન્દ્રભાઈ દવે, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, મહોત્સવ સમિતિના અધ્યક્ષ રાજદિપસિં જાડેજા (રાજાભાઈ વાવડી), શોભાયાત્રાના અધ્યક્ષ વિજયભાઈ વાંક, મહોત્સવ સમિતિના ઈન્ચાર્જ નિતેશભાઈ કથીરીયા, સહ-ઈન્ચાર્જ કૃણાલભાઈ વ્યાસ, કોષાધ્યક્ષ વિનુભાઈ ટીલાવત તેમની વરણીને આવકારવામાં આવી છે.

# ટી.બી. સેન્ટરની મુલાકાત લેતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ



**અબતક,રાજકોટ**

સરકાર દ્વારા લોકોના આરોગ્યલક્ષી અનેકવિધ સુવિધાઓ ફ્રીઓફ આપવામાં આવે છે. વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા રાજકોટ શહેર માં રહેલ સીટી ટી.બી. સેન્ટરની મુલાકાત લેવામાં આવેલ તેમજ આ અંગે તેઓએ જણાવેલ કે લોકોના આરોગ્યને ધ્યાને લઈ સરકાર દ્વારા આરોગ્યલક્ષી અનેક સેવાઓ ફ્રીઓફ આપવામાં આવેલ છે તથા શહેરમાં પાંચ ટી.બી. આરોગ્ય કેન્દ્ર પણ છે. આ સેન્ટરમાં ટી.બી.ના દર્દીઓની ટ્રીટમેન્ટ,મેનેજમેન્ટ તથા પબ્લિક હેલ્થ એકસેસ સેવાઓ ત્યાંથી આપવામાં આવેલ છે. આવા દર્દીઓને તમામ પ્રકારની સુવિધાઓ અને સારવાર ફ્રીઓફ અપાય છે.રાજકોટમાં સીટી ટી.બી. સેન્ટર ઉપરાંત પાંચ બીજા ટી.યુ.કેન્દ્ર આવેલ છે. જેમાં પણ ટી.બી.ના દર્દીઓને સારવાર અપાય છે. આ મુલાકાત દરમિયાન ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તથા ટી.બી. આરોગ્ય અધિકારી ડો.પરેશ કડિયા તથા આરોગ્ય સ્ટાફ પણ હાજર રહેલ. તથા ધારાસભ્ય દ્વારા દર્દીઓ તથા સારવાર સંદર્ભ જરૂરી માહિતી મેળવેલ.

# સંપતિ ટાઈમ્સ વાર્ષિક એવોર્ડમાં સમાજમાં યોગદાન આપનાર વિરલાઓનું સન્માન

## આલાપ ગ્રીન સિટી સોસાયટી દ્વારા વાર્ષિક એવોર્ડનું ભવ્ય આયોજન

**અબતક,રાજકોટ**

આલાપ ગ્રીન સીટી સોસાયટી ખાતે એવાર્ડનું આયોજન કરાયું હતું. રાજકોટના નિધી સિડ્સના સૌજન્યથી યોજાયેલ આ સંપત્તિ ટાઈમ્સ વાર્ષિક એવાર્ડ ૨૦૨૪ માં સોસાયટીના રહેણાંકોમાંથી સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના પ્રેસિડન્ટ દિપકભાઈ પટેલને એવાર્ડ એનાયત કરાયો.

ભગવતીબેન કઠવાડિયા, દયાભાઈ કલોલા, શિવલાલ ભાઈ ઠુમરને લાઈફટાઈમ એચિવમેન્ટ એવાર્ડ, જયશ્રીબેન વેકરિયા અને અરૂણાબેન સંચારાને સર્વિસ અને કોન્ટ્રીબ્યુશન ઉપરાંત નિલેશભાઈ રાઠોડ (વાઈસ પ્રેસિડન્ટ), મનિષભાઈ પટેલ (સેક્રેટરી), રાજેશભાઈ દવે (ખજાનચી), ગીરિશભાઈ ભેંસદડિયાને મોસ્ટ એક્ટિવ કમિટી મેમ્બરના એવાર્ડથી સન્માનિત કરાયા હતા. અનુક્રમે રીનાબેન આચાર્ય, પ્રીતિબેન પુરોહિત, લીમાબેન સિતાપરા, નિધી કલોલાને વિશેષ સેવા માટે સન્માન અપાયું હતું.

તેમજ સોસાયટીના યુવા મેમ્બર્સ મંડળી તેમજ સ્વચ્છતા કામદારોનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં ખકઅ દર્શિતા બેન શાહ, કોર્પોરેટર ડો. અલ્પેશ મોરજરિયા અને દુર્ગાબા જાડેજા એ વિશેષ અતિથી તરીકે આપી હતી. નિધી સિડ્સના નરેન્દ્રભાઈ માથોલિયા અને અમૃતભાઈ માથોલિયાએ આ વાર્ષિક એવાર્ડસા ટાઈટલ સ્પોન્સર્સ રહ્યા હત



# શહેર ભાજપ દ્વારા મહાપુરૂષોની પ્રતિમાને પુષ્પાંજલી સાથે સફાઈ



**અબતક,રાજકોટ**

આઝાદીના અમૃત મહોત્સવ અતંર્ગત દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે તે અંતર્ગત સવારે ૯.૩૦ કલાકે શહેરના તમામ વોર્ડમાં આવેલ આઝાદીના લડવૈયા તેમજ ઘડવૈયા જેવા મહાન વ્યક્તિઓની પ્રતિમાની સાફ સફાઈ તેમજ પુષ્પાંજલીનો ના કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની ઉપસ્થિતમાં યોજવામાં આવ્યો હતો. શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ હતી. કાર્યક્રમમાં શહેર ભાજપના ઉપપ્રમુખ, મંત્રી, શહેર ભાજપ મોરચાના પ્રમુખ,મહામંત્રી, કારોબારી સભ્યો સહિતના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# અદાણી ફાઉન્ડેશનના ૨૮માં સ્થાપના દિન નિમિતે સેવાકીય સાપ્તાહ ઉજવાયું

## શિક્ષણ, આરોગ્ય,રોજગારી અને પર્યાવરણ ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિની વણઝાર





**અબતક,રાજકોટ**

અદાણી ફાઉન્ડેશનના સ્થાપના દિવસની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. ૨૮ વર્ષની સફળ સફરના કાર્યક્રમ અંતર્ગત ૧૧ ઓગસ્ટથી એક સપ્તાહ સુધી દરરોજ વૃક્ષારોપણ, કિશોરી ઉત્કર્ષ, અન્ન ફૂડ ફેસ્ટિવલ, પશુ આરોગ્ય, હેલ્થ કેમ્પ, જોબ ઓફર અને પ્લેસમેન્ટ, સિંચાઈ જેવી વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ પ્રસંગે માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, APSEZના એકિસકયુટિવ ડાયરેક્ટર રક્ષિતભાઈ શાહ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિરમભાઈ ગઢવી સહિત મહાનુભાવોએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

અદાણી ફાઉન્ડેશનની ૨૮મી વર્ષગાંઠની સાપ્તાહિક ઉજવણીનો પ્રારંભ મુંદ્રાના બોરાણા ગામમાં ૧૪,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી કરવામાં આવ્યો હતો. પશુધનના આરોગ્ય માટે પ્રવૃત્ત ફાઉન્ડેશને જિલ્લા પશુ આરોગ્ય વિભાગના સહયોગથી ૨૫,૦૦૦ થી વધુ પશુઓનાં રસીકરણ ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો.

કિશોરી ઉત્કર્ષ પહેલ અંતર્ગત ૮ ગામોની શાળાઓમાં Pink Toilet બનાવવાના શુભારંભથી કરવામાં આવ્યો હતો. મોટી ખાખરની શાળામાં મામલતદાર કલ્પનાબેન ગોરડીયાની ઉપસ્થિતિમાં તેનું ખાતમુહર્ત કરાવવામાં આવ્યું હતું. Pink Toilet for girls એ ગુજરાતની પ્રથમ અને અનોખી પહેલ છે. જેનો મુખ્ય હેતુ કિશોરીઓ માસિકધર્મનો શરમને બદલે સ્વીકાર કરી સ્વચ્છતા રાખે અને સંક્રામક રોગોથી બચે તેવો છે. પર્યાવરણ જાગૃતિ માટે ૭૦

(અનુ. આઠમા પાને)

# કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણી અને કોનેન વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમનું શસ્ત્ર ઉગામતી પોલીસ


## ૫૦થી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ યાકુબે તાજેતરમાં જ સેલવાસથી દારૂનો જથ્થો મોકલ્યો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટના કુખ્યાત બુટલેગર પિતા-પુત્ર યાકુબ અને કોનેન મોટાણી વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ યાકુબે સેલવાસથી મોકલેલો દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યા બાદ બંને પિતા-પુત્ર વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ માટે વર્ષોથી પ્રયત્નશીલ પોલીસ અને સરકારને લેશ માત્ર સફળતા મળી નથી. જોકે નવા કાયદાની જોગવાઈઓ મુજબ દારુની હેરાફેરી પર મહદઅંશે અંકુશ આવી શકે એવી આશા જાગી છે. રાજકોટ પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમે પાંચ દિવસ પહેલાં રાજકોટ-અમદાવાદ હાઈવે પરથી બાતમી આધારે ટ્રક અટકાવી દારૂ બિયર ના જથ્થા ૨ શખ્સને પકડ્યા હતા. આ દારૂ નામચીન બુટલેગર યાકુબ મોટાણી અને તેના પુત્રનો હોવાની કબૂલાતના આધારે નવા કાયદા મુજબ યાકુબ અને તેના પુત્ર વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમનો ઉમેરો કરાયો છે. સૌરાષ્ટ્રમાં બુટલેગર વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમનો પહેલો કેસ છે.

પ્રાપ્ત વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, પીઆઈ એમ. આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ. એન. પરમાર અને



સ્ટાફે ૫ દિવસ પહેલા અમદાવાદ હાઈવે પર ટ્રકને અટકાવ્યો હતો તલાશી લેતા ટ્રકમાંથી પ્લાસ્ટિકના કેરબામાં કેમિકલના નામે સિફત પૂર્વક પેક કરેલો ૩.૫૮ લાખની કિંમતનો કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ટ્રક,દારૂ સહિત ૧૦.૫૭ લાખના મુદ્દામાલ સાથે રાજકોટના લાલચંદ ગગનદાસ અડવાણી અને શોયબ અહેમદ મોટાણીની ધરપકડ કરી હતી.

દારૂનો આ જથ્થો રાજકોટમાં બજરંગવાડી વિસ્તારમાં રહેતા કુખ્યાત બુટલેગર યાકુબ મુસા મોટાણીએ સેલવાસ (દાદરાનગર હવેલી)થી રાજકોટ રવાના કર્યાની બન્ને આરોપીએ કબૂલાત આપી હતી.યાકુબ મુસા મોટાણી બે દસકાથી દારૂની હેરાફેરીમાં ગળાડૂબ છે અને તેની વિરુદ્ધ ૫૬ જેટલાં ગુના નોંધાયેલા છે. નવા કાયદા મુજબ આવી પ્રતિબંધિત ચીજવસ્તુઓની હેરાફેરી કરતા અપરાધીઓ વિરુદ્ધ નવા કાયદા મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૧ હેઠળ ઓર્ગેનાઇઝડ ક્રાઈમની આકરી કલમ મુજબ કાર્યવાહી થઈ શકે છે.

રાજકોટના બુટલેગર યાકુબ મોટાણી વિરૂધ્ધ ૫૦ થી વધુ ગુના છે અને નવા કાયદાની જોગવાઈ હેઠળ તેની સામે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ મુજબ કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી તપાસ અધિકારી એ. એન. પરમાર દ્વારા આ મામલે ઉચ્ચ અધિકારીઓ તથા કાયદા નિષ્ણાંતનું માર્ગદર્શન લઇ યાકુબ મોટાણી વિરૂધ્ધ નવા કાયદા હેઠળ ઓર્ગેનાઇઝડ ક્રાઈમની કલામનો ઉમેરો કરવા કાર્યવાહી કરી છે.નોંધનીય છે કે આ કાયદામાં આજીવન કેદની સજા, ૧૦ લાખના દંડ સુધીની જોગવાઈ છે.

# કરિયાવર બાબતે મેણાં - ટોણા મારતા ગોકુલધામના સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ

## નોકરિયાત પરિણીતાએ પગાર આપવાની ના પાડતા મારકૂટ કરી તરછોડી દીધી

**અબતક, રાજકોટ**

શહેરમાં ગોકુલધામ પાસેની ગીતાંજલિ સોસાયટીમાં રહેતી અને હાલ માવતરના ઘેર નાનામવા રોડ પર રાજનગરમાં રહેતી પરિણીતાને ઘરકામ અને કરિયાવર બાબતે તેના પતિ સહિતનાઓ કહેતા તને તારા બાપે કંઈ શીખવાડેલ નથી તેમજ મારો પગાર પણ લઈ લેતા હતા અને મેં પગાર દેવાની ના પાડતા મારકૂટ કરી તરછોડી દેતા તેને મહિલા પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે પતિ, સાસુ અને સસરા સામે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાજનગરમાં માવતરના ઘેર રહેતી રવિનાબેન રવિકુમાર ભટ્ટીએ તેના પતિ રવિકુમાર, સાસુ સોનલબેન અને સસરા દિનેશભાઈ હરિસીંગ ભટ્ટી સામે ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન ૨૦૧૩માં થયા હતા. એકાદ વર્ષ સારી રીતે રાખ્યા બાદમાં સાસુ-સસરા સહિતના ઘરકામ બાબતે ત્રાસ આપતા હતા અને કહેતા કે તું પોતા સરખી રીતે નથી, કરતી તને કપડાં ધોતા નથી આવડતું અને તારા બાપે કંઈ કામ શીખવાડ્યું જ નથી અને મારકૂટ કરતા હતા. ત્યાર બાદ તને રસોઈ બનાવતા નથી આવડતી, તારી માએ તને કાંઈ શીખડાવેલ નથી, તારામાં બુદ્ધિ જ નથી, તું ખાલી ખોખું છો અને ઘરનું તમામ કામ મને નોકરાણીની જેમ કરાવતા હતા હોય જેથી મારા પતિને વાત કરું તો તે પણ સાસુ-સસરા તરફે થઈ મારી સાથે ઝઘડો કરતા હતા. તેમજ મારા સાસુ-સસરા કહેતા કે, તારા કરતા વધારે સારો કરિયાવર લઈ આવે તેવી છોકરી સાથે મારા દીકરાને પરણાવવાના હતા તું ભટકાઈ ગઈ. એમ કહી ત્રાસ આપતા હતા મારા પતિ મને અવારનવાર મારા પિયરેથી પૈસા લઈ આવવા માટે દબાણ કરતાં અને મને મારકૂટ કરતા હતા અને હું મોલમાં નોકરી કરતી હતી જેનો પગાર પણ પતિ લઈ લેતા હતા અને ઘરખર્ચ પણ આપતા ન હતા. મારી દીકરી માટે કપડાં લેવા પણ પૈસા આપતા નહીં. જેથી મેં પગાર દેવાની ના પાડતા મારા પતિ મને મારકૂટ કરી ત્રાસ આપતા હતા. સાતેક માસ પહેલાં પગાર બાબતે પતિએ ઝઘડો કરી મને અને મારી દીકરીને મારા માવતરે મૂકી ગયા બાદ આજ સુધી તેડવા નહીં આવતા ફરિયાદ કરી હતી. બનાવને પગલે પીએસઆઈ ત્રિવેદી સહિતે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# કુવાડવા નજીક બાઈક હડફેટે યુવાનનું મોત

## પરપ્રાંતિય યુવાનના મોતથી પરિવારમાં શોક

**અબતક, રાજકોટ**

રાજકોટના ગુંદા ગામ નજીક રહેતા પર પ્રાંતિય યુવાન સાયકલ લઈને ઘરે થી પરત ફરતા હતા દરમિયાન દૂરસાયપર ગામ નજીક પહોંચ્યા ત્યારે બાઈક સવારે પાછળથી હડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા સાઈકલ સવાર પર પ્રાંતિય યુવાનનું ઘટના સ્થળેજ મોત થયું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગુંદા ગામે શામજીભાઈ અરજણભાઈ સુદાણીની વાડીએ શેમળા સીમ વિસ્તારમા રહેતા કમિતાબેન વસુનિયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતુંકે પોતે પોતાના પતી હતરિયાભાઈ નાનસુભાઈ વસુનિયા સાથે સાયકલ પર બેસી ઘરે પરત ફરતી વખતે દુરસાયપર ગામ નજીક પહોંચ્યા ત્યારે પાછળથી બાઈક સવારે સાયકલને ઠોકર મારતા દંપતી સાયકલ પરથી પટકાયું હતું ત્યારે મહિલા કમિતા બેનને સામાન્ય ઈજાઓ થવા પામી હતી પરંતુ હતરિયાભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી જેને ઈજા ગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરે જોઈ તપાસી હતરિયાભાઈને મૃત જાહેર કરતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સમગ્ર બનાવની જાણ કુવાડવા પોલીસને થતા પોલીસે ઘટના ચોપડે નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચકચારી ભાસ્કર-પરેશ અપહરણ કેસમાં સુભાષ ત્રિવેદીની સર તપાસ

**તત્કાલિન તપાસનીશ ફોટો પર આરોપીઓને ઓળખી બતાવ્યા**

## ૨૪ વર્ષ પહેલા ખંડણી વસુલવાના મામલે વેપારી બંને યવકનું અપહરણ કર્યુ 'તું

**અબતક,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમા ચકચાર મચાવનાર ભાસ્કર પરેશ અપહરણકાંડના કેસની સુનાવણીમાં આજે પોલીસ અધિકારી સુભાષ ત્રિવેદી ની સર તપાસ લેવામાં આવી હતી જેમાં તેઓએ ફોટામાં આરોપીને ઓળખી બતાવ્યા હતા. આજથી ૨૪ વર્ષ પહેલા શહેરના ધમધમતા એવા યાજ્ઞિક રોડ પરથી મધ્યરાત્રીએ વેપારી બે યુવક ભાસ્કર અને પરેશની કરોડોનીખંડણી વસૂલવાના ઈરાદે અપહરણ કરવાની ઘટના થી ચકચાર મચી ગઈ હતી. જે ઘટનામાં તત્કાલીન પોલીસ કમિશનર સુધીરકુમારસિંહાની કુનેહથી અપહરણ બાદ પરેશને ભરૂચ જિલ્લાના વાલીયા ગામની સીમમા છુપાવ્યો હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે તત્કાલીન પોલીસ ઓફિસર સુભાષ ત્રિવેદી અને તેમની ટીમ દ્વારા વાલીયા ગામેથી અપહત પરેશને અપહરણકારોના સકંજામાંથી છોડાવ્યો હતો તે સમયે પોલીસ સાથે થયેલી અથડામણમાં નામચીન રાજસી મેરનું અને અન્ય ગેંગસ્ટરને સરધાર નજીક એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. તપાસનીશ ટીમ દ્વારા બંને અપહત યુવકોને મુક્ત કરાવ્યા હતા અને આ ઘટનામાં પોલીસે ૪૭ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચારસીટ રજૂ કરવામાં આવ્યું હતું.

**૪૭ શખ્સો પૈકી બેનું એન્કાઉન્ટર, ૧૧ આરોપીનું મૃત્યુ નિપજયું 'તું ત્રણને ભાગેડુ જાહેર કર્યા 'તા**

બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં ૧૧ શખ્સના મૃત્યુ થયા હતા, બે શખ્સોનું એન્કાઉન્ટર કર્યું હતું.જ્યારે ત્રણને ભાગેલું જાહેર કર્યા હતા. બાદ અદાલત દ્વારા કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં ફરિયાદી સહિત બંને આરોપીને ઓળખી ન શક્યા હતા બાદ ક્રમશ સહેદો અને તપાસનીશની સરકારી વકીલ દ્વારા સર તપાસ જુબાની લેવામાં આવી રહી છે. જેમાં આજે ઉઘડતી કોર્ટે ૧૧ વાગ્યે તપાસનીશ ભાસ્કર પરેશ અપરણના તત્કાલીન તપાસનીશ સુભાષ ત્રિવેદી જજ સમક્ષ રજુ થતા ત્રણ આરોપીઓની ઓળખ અને એન્કાઉન્ટર તેમજ પરેશને છોડાવવા અંગે કરેલી કાર્યવાહી સંદર્ભે તેઓની સર તપાસ અને ઉલટ તપાસ માટે કોર્ટમાં જુવાની માટે બોલાવાયા હતા. સુભાષ ત્રિવેદી ડીજીપી વોરા ને મળ્યા બાદ કેસની કાર્યવાહી ચાલુ થતા કોર્ટમાં ચુબાની આપી હતી ભાસ્કર પરેશ અપહરણ કેસમાં અગાઉ શાહેદો તેમ જ ભાસ્કર અપરણ પણ જુબાની દરમિયાન હોસ્ટાલ થયા હતા. જયારે ઉચ્ચ પોલીસ અધિકારી સુભાષ ત્રિવેદી ની સર તપાસ દરમિયાન આરોપીના ફોટા દેખાડતા તેઓ આરોપીઓને ઓળખી બતાવ્યા હતા. પ્રમાણિક અને હોનેસ્ટ ઓફિસરોમાં જેમની ગણના થાય છે તેવા સુભાષ ત્રિવેદી અનેક ચકચારી કેસોમાં પોતાની કુનેહ થી ભેદ ઉકેલ્યા છે. મોરબી ઝુલતા પુલની દુર્ઘટના અને રાજકોટ ટીઆરપી અગ્નિ કાંડની ઘટના અંગે નિમાયેલી શીટ માં વડા તરીકે સુભાષ ત્રિવેદી ની સરકાર દ્વારા વરની કરી અને તેઓએ કોઈપણ જાતના પક્ષપાત રાખ્યા વગર તપાસ કરી હતી. તેમજ તાજેતરમાં તા.૩૧ જુલાઈના રોજ તેઓ વય મર્યાદા ને કારણે નિવૃત્ત થયા છે.આ કેસમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ એસ કે વોરા બચાવ પક્ષે એડવોકેટ તરીકે લલિતસિંહ શાહી,સી એમ દક્ષિણી, પીયુશ શાહ, કમલેશ શાહ, કિરીટ નકુમ,હેમાંશુ પારેખ, રોહિત ધીયા અને સુરેશ ફળદુ વગેરે રોકાયા હતા

# ચેક બાઉન્સના ગુનામાં લોન ધારક મહિલાને છ માસની જેલ

## શિવશકિત મંડળીને રૂ. ૧૭ લાખ છ ટકા વ્યાજ સાથે વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરની શિવ શકિત શરાફી સહકારી મંડળીને લોનના ચડતહપ્તા પેટે આપેલો રૂ. ૧૭ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે મંડળીના મહિલા સભાસદને છ માસની કેદ અને ચેકની રકમ નવ ટકા વ્યાજ સાથે મંડળીને ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટની શિવ શકિત શરાફી સહકારી મંડળી લી.માંથી અમિનાબેન અબ્દુલરહીમ વીજળીવાળાએ મંડળીના સભાસદ દરજજે રૂા.૨૫ લાખની લોન મેળવેલ તે લોનના ચડત હપ્તા થઈ જતાં, અમીના બેને ચડત હપ્તાનો ચેક આપ્યો હતો, તે મંડળી વતી બેંકમાં રજુ કરતા સ્વીકાર્યા વગર પરત આવેલ, તેથી મંડળી દ્વારા અમીનાબેનને નોટીસ આપવામાં આવેલ, તેમ છતાં ચેક મુજબની રકમ ન ચુકવતા મંડળીએ એડવોકેટ દિપક સી. વ્યાસ મારફત આરોપી અમિનાબેન અબ્દુલ રહીમ વીજળીવાળા સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ફોજદારી ફરીયાદ દાખલ કર્યો હતો. જે ફરીયાદમાં આરોપી હાજર થયેલ. પરંતુ ત્યારબાદ આરોપી કે તેમના વકીલ હાજર ન રહેતા અવાર-નવાર વોરંટ કાઢવા છતાં આરોપી હાજર ન રહેતા હોય તેથી આરોપીના હક્ક બંધ કરીને એક તરફી કાર્યવાહી ચલાવવામાં આવી હતી, તેમાં ફરિયાદીના વકીલ દ્વારા પુરાવા, રજુઆત અને કોર્ટનું રેકર્ડ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લઈને કોર્ટે આરોપી અમિનાબેન અબ્દુલરહીમ વીજળીવાળાને ૬ માસની સાદી કેદની સજા અને વળતર પેટે ચેકની રકમ રૂા.૧૭ લાખ વાર્ષિક ૯%ના વ્યાજ સાથે ફરીયાદ દાખલ તારીખથી રકમ ચુકવી આપે ત્યાં સુધીના સમયગાળા માટેની ચડેલ વ્યાજની રકમ સહીત અને ખર્ચ પેટેના રૂા.૫૦૦૦/- વળતર તરીકે ચુકવી આપવા ઐતિહાસીક ચુકાદો આપેલ છે. આ કેસમાં ફરીયાદી મંડળી વતી એડવોકેટ દિપક સી. વ્યાસ તથા નિકુંજ ગણાત્રા રોકાયા હતાં.

# ચેક રિટર્ન કેસમાં મિત્રને છ માસની કેદ

## મોબાઈલ શો-રૂમ સંચાલકે મિત્રત્રાના દાવે મદદ માટે રકમ આપી તી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મોબાઈલ શો-રૂમધારક મિત્રને ઉછીના નાણા પરત કરવા આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપીને છ માસની કેદ અને ચેકની રકમ વળતર પેટે ચૂકવી દેવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં આવેલ મોબાઈલ શો-રૂમ સ્ટોપ એન્ડ શોપ ટેલિકોમના માલિક હર્ષિત શિંગાળાએ તેના મિત્ર દિગપાલ જે. જાનીને સંબંધના દાવે હાથ ઉછીના રોકડા આપેલા અને તે બદલ દિગપાલ જે. જાનીએ હર્ષિત શિંગાળાને ચેક આપ્યો હતો.જેથી હર્ષીત શિંગાળાએ ચેકની રકમ રોકડ સ્વરૂપે ચૂકવી દેવા દિગપાલ જાનીને નોટિસ આપી હતી, પરંતુ તેણે રકમ નહીં ચૂકવતા તેની સામે કોર્ટમાં નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટ કલમ ૧૩૮ હેઠળ કેસ દાખલ કરાયો હતો. તમામ દસ્તાવેજી પુરાવાઓ, રજુઆતો, દલીલ અને જજમેન્ટ ધ્યાને લઈને આરોપી દિગપાલ જાનીને ૬ માસની સજા અને ચેકની રકમ ફરિયાદીને ૧ માસમાં ચુકવવા તેમજ આરોપી ચેકની રકમ ફરિયાદીને ૧ માસમાં ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ૬ માસની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. આ કામમાં ફરિયાદી તરફે બુધ્ધદેવ એસોસીએટ્સના એડવોકેટ વિષ્ણુ નરેન્દ્ર બુધ્ધદેવ, ડોલી એન. બુધ્ધદેવ, શ્રેયા વિષ્ણુ બુધ્ધદેવ રોકાયા હતા.

# આજી નદી કાંઠે શ્રાવણીયો જુગાર રમતા સાત શકુની ઝબ્બે

## થોરાળા પોલીસે ૧૯,૭૦૦નો મુદામાલ કબ્જે કરી નોંધ્યો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરમાં શ્રાવણીયા જુગારના પટ મંડાયા છે ત્યારે પોલીસે પણ જુગારીઓ પર સપાટો બોલાવ્યો છે. રોજ બરોજ જુગારીઓને પાંજરે પુરવા પોલીસ કાર્યવાહી કરે છે ત્યારે આજી નદીના કાંઠે થી વધુ સાત આરોપીઓને પતાં ટીચતા ઝડપી પાડ્યા છે.શહેરમા જુગારની બદી ડામી દેવા શહેર પોલીસ કમિશનર બ્રજેશ ઝાની સૂચનાને પગલે થોરાળા પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે આજીનદીના કાંઠે જુગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો.ત્યારે જુગાર રમતા મુકેશ અમરશીભાઈ ગોરસવા, અશોક ગોરધનભાઈ ઉઘરેજીયા, મયુર જગમાલભાઈ સેફાતરા, નિલેશ મનસુખભાઈ સોલંકી, આશિષ ઉર્ફે રાહુલ ચુનીભાઈ સોલંકી, જીતેશ ચુનીભાઈ સોલંકી અને પ્રફુલ કિશનભાઈ સોલંકી( રહે બધા ખોડિયાર પરા) વાળાની ધરપકડ કરી હતી.જુગારના પટ માંથી રોકડ રૂ. ૧૯,૭૦૦ નો મુદામાલ કબજે કર્યો હતો. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંઢેરી સ્ટેડિયમ નજીક હાથી મસાલા કંપનીમાં મહિલા કર્મચારીનો આપઘાત

## અગમ્ય કારણો સર ગળે ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યુંઃકારણ અકબંધ

**અબતક ,રાજકોટ**

શહેરના ખંઢેરી સ્ટેડિયમ નજીક આવેલ હાથી મસાલા કંપનીની કેન્ટીન નજીક આવેલ ઓરડીમાં મહિલા કર્મચારીએ ગળે ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ખંઢેરી સ્ટેડિયમ નજીક આવેલ હાથી મસાલા કંપનીમાં કેન્ટીનમાં કામ કરતી મહિલા કર્મચારી સવાકીબાઈ ભવનલાલ ભીલ ઉવ ૨૬ વાળીએ કેન્ટીન નજીક આવેલી ઓરડીમાં અગમ્ય કારણો સર છતના હુકમાં ચૂંદડી વડે ગળે ફાસો ખાઈ આપઘાત કરતા બેભાન હાલતમાં રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં ઈમર્જન્સી વિભાગના ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. વધુ જાણવા મળ્યું હતુંકે મૃતક મૂળ રાજસ્થાનના વતની છે અને હાથી મસાલામા છેલ્લા ૧૦ વર્ષથી કામ કરતા હતા અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.મૃતદેહને પી એમ અર્થે ખસેડી બનાવનું કારણ જાણવા ૫ડધરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.


કેશોદ મ્યુ.જા.નં. ૩૯૯/૨૦૨૪-૨૫ તા.૦૯/૦૮/૨૦૨૪

**કેશોદ નગરપાલિકા-કેશોદ, જીલ્લો: જૂનાગઢ**

**: ફાયર ભરતી અંગેની જાહેરાત :**

કેશોદ નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક અગન/૨૦૧૮/૭૦/વ પાર્ટ તા.૨૭/૦૯/૨૦૧૯ થી માળખુ મંજુર થયેલ છે. માન.કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ગાંધીનગરના હુકમ નં. કમિ.મ્યુનિ.એડી/મકમ-૧/ફા.નં.૧૬૪૨/ફાયર મહેકમ/વશી/૭૮/૨૦૧૯ તા.૧૬/૦૧/૨૦૨૦ થી મંજુર થયેલ જગ્યાઓ માટે માન. પ્રાદેશિક કમિશ્નરશ્રી ભાવનગરના હુકમ નં. પ્રા.કમી.ન.પા./મકમ/અગ્નિ.વિ.સે.ભરતી-બઢતીના નિયમો/સુધારો/વશી/૭૭૦/૨૦૨૧ તા.૧૫/૦૭/૨૦૨૧ થી ભરતી-બઢતીના સુધારા નિયમો મંજુર કરવામાં આવેલ છે. તેમજ માન.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ગાંધીનગરના પત્ર નંબર : કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/વશી/ફાયર ભરતી/૨૦૨૦ તા.૦૮/૧૨/૨૦૨૦ થી ઉકત ફાયર ભરતીના રોસ્ટર બાબતેની સ્પષ્ટતા રજુ થયા મુજબ ફાયર વિભાગની ખાલી રહેતી જગ્યાઓ વિભાગીય ફાયર અધિકારી-૧, સ્ટેશન ફાયર ઓફિસર-૧, ફાયરમેન કમ ડ્રાઈવર-૭ ની જગ્યાઓ માટે નિયત શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ લાયકાત, શારીરિક ક્ષમતા, અનુભવ તથા નિયત વય મર્યાદા ધરાવતા ઉમેદવારોએ માટે નિયત અરજી ફોર્મ ભરી તા.૩૦/૦૮/૨૦૨૪ સમય : ૧૮.૧૦ કલાક સુધીમાં R.P.A.D./સ્પીડ પોસ્ટથી અરજી કરવાની રહેશે. આ જાહેરાત અન્વયે ઉમેદવારોએ અરજી કરતાં પહેલા વિગતવાર જાહેરાત સાથે જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને અરજી કરવાની રીત અંગેની સુચનાઓ કેશોદ નગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ જાહેરાતમાં વાંચી સમજી અને ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. અરજી પત્રક તથા જગ્યાની કેટેગરીની વિગતો તથા શરતો આ કચેરીની મહેકમ શાખામાંથી કચેરી સમય દરમ્યાન મળી શકશે અથવા http://keshodnagarpalika.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

સભ્ય સચિવ, પસંદગી સમિતિ અને ચીફ ઓફિસર, કેશોદ નગરપાલિકા — અધ્યક્ષ, પસંદગી સમિતિ, કેશોદ નગરપાલિકા

માહિતી/જુના/જા.ખ./૩૧૫/૨૪



**અસલ દસ્તાવેજનો નાશ થયેલ હોય જે સબંધે જાહેર નોટીસ**

**"ધનંજય પેરેડાઈઝ"** તરીકે ઓળખાતા હાઈ-રાઈઝડ બિલ્ડીંગના વિંગ-એ માં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. **એ-303** જેનો કારપેટ એરીયા **ચો.મી.આ. ૬૦-૯૨** તથા બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ. ૭૨-૧૨** નો રજી. વેચાણ દસ્તાવેજ **અનુ. નં.૬૪૧૭ તા.૨૧-૧૧-૨૦૧૭**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **મવડીના** રેવન્યુ **સર્વે નં.૧ પૈકી-૧**ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧ની જમીન ચો.મી.આ.૧૭૮૭-૪૪ માંહેથી ડી. પી. રોડમાં કપાત થતી જમીન ચો.મી.આ. ૧૦૬-૫૫ બાદ કરતા બાકી રહેતી નેટ જમીન ચો.મી.આ. ૧૬૮૦-૮૯ ઉપર રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ **"ધનંજય પેરેડાઈઝ"** તરીકે ઓળખાતા હાઈ-રાઈઝડ બિલ્ડીંગના **વિંગ-એ માં ત્રીજા માળે** આવેલ ફ્લેટ નં. **એ-303** જેનો કારપેટ એરીયા **ચો.મી.આ. ૬૦-૯૨** તથા બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ. ૭૨-૧૨** જે **શ્રી રમેશભાઈ બાબુભાઈ સાવલિયા**એ તેમના જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૬૪૧૭ તા.૨૧-૧૧-૨૦૧૭ મે. ધનંજય ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર શ્રી ધનશ્યામભાઈ વલ્લભભાઈ પાંભર વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. અને સદરહું ઉપરોક્ત મિલ્કતના ઉતરોતર ટાઈટલ ડીડઝની ફાઈલ વરસાદી પાણીમાં પલળી ગયેલ હોય અને સંપુર્ણ ફાઈલનો નાશ થયેલ છે. તો સદરહું ઉપરોક્ત અસલ રજી. વેચાણ દસ્તાવેજ તથા તે સાથેના ઉતરોતર ટાઈટલ અંગેની ફાઈલ અથવા મીલ્કતની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ ૮ (આઠ)માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી.

સ્થળઃ- રાજકોટ
તારીખઃ- ૧૩-૦૮-૨૦૨૪

**પંકજ બી.પાંભર** (એડવોકેટ)
ધ મિલેનીયમ, ઓફીસ નં.૫૦૮, પાંચમો માળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ.



**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ**

**જાહેર નોટીસ**

"તાલુકા સેવા સદન" ૨૧, સ્ટેશન પ્લોટ, ગોંડલ
ફોનઃ ૦૨૮૨૫-૨૨૦૦૦૮ ફેક્સ : ૦૨૮૨૫-૨૨૬૬૦૮

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી. કેસ નં.૧૪૭/૨૦૨૪ તા. ૨૭-૦૪-૨૦૨૪

(૧) શ્રી ભીમજીભાઈ વશરામભાઈ જાંબુકીયા
રહે. નાજાવાળા પરા, કુવા પાસે ,જેતપુર, તા. જેતપુર- ...અરજદાર

-:: વિરુદ્ધ ::-

(૨) રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફીસર શ્રી, જેતપુર-નવાગઢ નગરપાલીકા, જેતપુર. ...સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટિસ

આ જાહેર નોટિસથી વાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી ના પત્નિશ્રી હંસાબેન ભીમજીભાઈ જાંબુકીયા તા. ૦૮/૦૪/૧૯૯૧ ના રોજ જેતપુર મુકામે થતાં, તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા. ૦૫-૦૯-૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે પ્રાંત કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસૂર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

કોર્ટનો રાઉન્ડ સીક્કો

સહિ
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
ગોંડલ



**શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા**
**શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**
**સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ**

આયોજિત

**॥ ધ્વજવંદન નિમંત્રણ ॥**

૭૮ માં સ્વાતંત્ર્યદિન નિમિતે 'ધ્વજવંદન' કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધ્વજવંદન બાદ સંસ્થાના સ્ટુડન્ટ દ્વારા સાંસ્કૃત્તિક કાર્યક્રમ રજુ થશે. તો સર્વે શુભેચ્છકશ્રીઓ, પૂર્વ અને વર્તમાન સ્ટાફ - સ્ટુડન્ટસ - પેરેન્ટ્સને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

:: ધ્વજવંદન ::
**માન.શ્રી કૌશિકભાઈ વેકરીયા**
મુખ્ય નાયબ દંડકશ્રી, ગુજરાત સરકાર

:: તારીખ - સમય ::
**તા.૧૫-૦૮-૨૦૨૪ ને ગુરૂવાર,**
**સમય : સવારે ૦૮:૦૦ કલાકે.**

: સ્થળ :
જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ગ્રાઉન્ડ,
શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ
કોમર્સ કોલેજ ગેઈટ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

:: નિમંત્રક ::
**માન. પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા**
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
લાઠી રોડ, અમરેલી.



**ખીલાવડ ગ્રામ પંચાયત કચેરી**
**તા.ગીરગઢડા, જી. ગીર સોમનાથ**

**-:: જાહેર નિવિદા ::-**

આથી રસ ધરાવનાર તમામ વેપારી આસામીઓને જાણ કરવામાં આવે છે કે, ખીલાવડ ગ્રામ પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચ, ધારાસભ્યની ગ્રાન્ટ, સંસદ સભ્યની ગ્રાન્ટ, એટીવીટી ગ્રાન્ટ, આયોજન ગ્રાન્ટ તથા અન્ય ગ્રાન્ટ હેઠળના વિકાસના કામો તેમજ અન્ય તમામ ગ્રાન્ટો તથા સ્વભંડોળમાંથી કામો કરવાના થતાં હોય નીચેની વિગતેના માલ સામાન મજુરીના ભાવ ગ્રામ પંચાયત કચેરી ખીલાવડ ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાથી દીન ૧૦માં રૂબરૂ પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે.

૧. LED લાઈટ ૨૪ વોલ્ટથી ૧૨૦ વોલ્ટ પોલ સાથે અને પોલ વગર હાઈ પોલ સાથે નંગ ૧. ભાવ રૂા....
૨. પેવર બ્લોક ૬૦ MM થી ૮૦ MM એક ચો.મી. ભાવ રૂા......
૩. તમામ સાઈઝના રસો-પાઈપ પીવીસી પાઈપ મીટર એકનાં ભાવ રૂા.....
૪. લોખંડ I.S.I. બ્રાન્ડના ૫ MM થી ૨૦ MM કી. ગ્રામનાં ભાવ રૂા......
૫. રેતી ચાળેલી ચોખી એક ઘન મીટરના ભાવ રૂા......
૬. બેલા પથ્થર એક નંગના ભાવ રૂા.....
૭. I.S.I. સારી કંપનીની સિમેન્ટ થેલી ૧ના ભાવ રૂા.........
૮. કપચી ૬ MM ૨૦ MM ૪૦ MM ૧ મે.ટન/૧ બ્રાસ/૧ ફેરાનો ભાવ રૂા....
૯. મેટલ એક ફેરાના ભાવ રૂા........
૧૦. મજુરીના તમામ ભાવ રૂા.......
૧૧. ઘન કચરાના નિકાલના સાધનો (દરેક સાઈઝનાં ડસ્ટબીન) નંગ એકના ભાવ રૂા....
૧૨. બારી દરવાજા એક ચો.મી.ના ભાવ રૂા.......
૧૩. ગ્રીલ (જાળી) માટેનું લોખંડ ૧ કિ.ગ્રા.ના ભાવ રૂા......
૧૪. વટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા.....
૧૫. ડીસ્ટેમ્પર (કલર) ૧ લીટર ભાવ રૂા.......
૧૬. લાઈટીંગ (ઈલેક્ટ્રીક) કામ જોબવર્ક ભાવ રૂા.....
૧૭. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૮. ગેલવેનાઈસ પાઈપ I.S.I ૭૫.૯૦ MM તથા તમામ સાઈઝના વાલ્વના ભાવ રૂા...
૧૯. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ રજુ કરવા.
૨૦. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મી. નો ભાવ રૂા......
૨૧. ૩૦૦ MMD પાઈપ ૧ મીટરનો ભાવ રૂા. સીમેન્ટ પતરા ૧ મીટરના ભાવ. ગેલ્વેનાઈઝ પતરા એક કિલોના ભાવ.....
૨૨. ૪૫૦ X ૪૫૦ X ૭૭૫ MM ચેમ્બરનો ભાવ રૂા....
૨૩. ગટર લાઈન ખોદાણ, બુરાણ, ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા.......
૨૪. પાણીનો બોર કસીંગ પાઈપ ૬.૮ સાથે ૧ મીટરનો ભાવ રૂા......
૨૫. કુવાનું ખોદાણ કામ મજુરીના ભાવ રૂા......
૨૬. ઈલેક્ટ્રીક પાણીની મોટર ISI 5HP. 3HP. 7HP. 1HR. 2HR. 1HP. 10HP ફીટીંગ માલ સામાન સાથેનો ભાવ ફીટીંગ કીટ સાથેનો ભાવ રૂા....
૨૭. પાણીનો I.S.I. પ્લાસ્ટિકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા.......
૨૮. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા......
૨૯. ગટર લાઈન તથા પાણીને લાઈન માટે સીમેન્ટના તમામ સાઈઝના પાઈપના ૧ મી. નો ભાવ રૂા....
૩૦. જે.સી.બી. ખોદાણ બુરાણનો ૧ કલાકનો ભાવ રૂા.......
૩૧. દિન-૧ મિક્ષર ભાડાનો ભાવ રૂા.....
૩૨. ઓફિસ ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, વિગેરેનો ભાવ રૂા......
૩૩. આઈ.એસ.આઈ. કોમ્પ્યુટર સેટના ભાવ રૂા.....
૩૪. આઈ.એસ.આઈ. ઈલેક્ટ્રીક તમામ માલ સામાનનો ભાવ રૂા......
૩૫. ચાઈના મોઝેક (ફ્લોરીંગ)ના માલ સામાનના ૧ બ્રાસનો ભાવ રૂા.......
૩૬. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સીસ્ટમ, પ્રોજેક્ટર સીસ્ટમનો કમ્પ્લીટ ભાવ રૂા.....

ઉપર મુજબની વિગતોનાં ભાવ મંજૂર/નામંજૂર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે કે તેમજ આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના ટેક્ષ સાથેના આપવાના રહેશે.

તા. ૧૦-૮-૨૦૨૪

**તલાટી કમ મંત્રી**, ખીલાવડ ગ્રામ પંચાયત — **સરપંચશ્રી**, ખીલાવડ ગ્રામ પંચાયત

તંત્રી લેખ

# યુદ્ધ પહેલાની શાંતિ!

વિશ્વમાં હાલ યુદ્ધ પહેલાની શાંતિ હોય તેવો માહોલ છવાયો છે. કારણકે રશિયા- યુક્રેન યુદ્ધ હવે ઉગ્ર બનવા જઈ રહ્યું છે. તો ઈઝરાયેલ- ઈરાન વચ્ચે પણ યુદ્ધ છેડાય તેવી શકયતા સેવાઈ રહી છે.

યુક્રેનના ટોચના સૈન્ય કમાન્ડર, જનરલ ઓલેક્ઝાન્ડર સિરસ્કીએ કહ્યું છે કે તેમના દળોએ રશિયામાં કુસ્ર્કના મોટા ભાગોને કબજે કરીને આ વિસ્તારમાં નોંધપાત્ર ફાયદો મેળવ્યો છે. સિરસ્કીએ દાવો કર્યો છે કે યુક્રેનિયન દળોએ કુસ્ર્કમાં ૧,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારનો કબજો મેળવી લીધો છે. જનરલ સિરસ્કીનું નિવેદન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીની ટેલિગ્રામ ચેનલ પર શેર કરવામાં આવ્યું છે. કુસ્ર્કમાં ઓપરેશન શરૂ કર્યા બાદ યુક્રેનિયન સેના અને સરકાર તરફથી આ અંગે પ્રથમ જાહેર સ્વીકૃતિ છે. આને બીજા વિશ્વ યુદ્ધ પછી રશિયન જમીન પરનો સૌથી મોટો કબજો કહેવામાં આવી રહ્યો છે.

અહેવાલ મુજબ, રશિયાના કુસ્ર્ક ક્ષેત્રમાં યુક્રેનિયન સૈન્યનું આક્રમણ બીજા વિશ્વ યુદ્ધ પછી રશિયન જમીન પરનો સૌથી મોટો હુમલો હતો. જે મોસ્કોના લશ્કરી નેતૃત્વ માટે ગંભીર શરમજનક બની રહ્યો છે. આ માટે, રશિયાની સૈન્ય અને સરકારને તેમના યુદ્ધના સંચાલન માટે વધતી જતી આંતરિક ટીકાઓનો પણ સામનો કરવો પડ્યો છે.

રશિયન પ્રમુખ પુતિન કહે છે કે યુક્રેન પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, પુતિને આક્રમણ અંગેની તેમની ટિપ્પણીમાં સૂચવ્યું હતું કે આ હુમલાનો યુક્રેનનો હેતુ સંભવિત શાંતિ વાટાઘાટોમાં તેની સ્થિતિ મજબૂત કરવાનો હતો. તેણે કિવ પર રશિયા પર પ્રભુત્વ મેળવવા માટે તેના પશ્ચિમી માસ્ટર્સની મદદથી કામ કરવાનો આરોપ મૂક્યો, કહ્યું કે તે અન્ય ક્ષેત્રોમાં રશિયન લશ્કરી પ્રગતિને ધીમું કરવાનો પ્રયાસ હતો. રશિયન અધિકારીઓએ અનુમાન કર્યું છે કે યુક્રેનની આક્રમણનો હેતુ તેના પશ્ચિમી સાથીઓને બતાવવાનો છે કે તે હજુ પણ મોટા પાયે લશ્કરી કાર્યવાહી કરી શકે છે, તેમ છતાં વાટાઘાટો પર વિચાર કરવા માટે બંને પક્ષો પર આંતરરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે.

બીજી તરફ હમાસ સામેના યુદ્ધમાં ફસાયેલા ઈઝરાયેલ માટે એક નવું સંકટ વધુ ઘેરાઈ ગયું છે. તેહરાનમાં હમાસ ચીફ ઈસ્માઈલ હનીયાહની હત્યા બાદ ઈરાન બદલાની આગથી સળગી રહ્યું છે. હિઝબુલ્લાહ અને ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે ઈઝરાયેલના ભૂતપૂર્વ સૈન્ય વડાએ કહ્યું છે કે યુદ્ધની શક્યતા ખૂબ નજીક છે. આ દરમિયાન અમેરિકાએ એક ડગલું આગળ વધીને મિડલ ઈસ્ટમાં મિસાઈલથી સજ્જ સબમરીન લોન્ચ કરી છે. બીજી તરફ ઈરાન દ્વારા ઈઝરાયેલ પરના સંભવિત હુમલાને જોતા લુફ્થાન્સાએ ૨૧ ઓગસ્ટ સુધી પોતાની ઘણી ફ્લાઈટ્સ રદ્દ કરી દીધી છે. ૨૧ ઓગસ્ટ સુધી તેલ અવીવ, તેહરાન, બેરૂત, અમ્માન અને એર્બિલ માટે કોઈ ફ્લાઈટ નહીં હોય. હિઝબોલ્લાહ અને ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે ઈઝરાયેલ છેલ્લા મહિનાથી મોટા હુમલા માટે તૈયાર છે. હકીકતમાં, એક મહિના પહેલા, ઈઝરાયેલના કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં મિસાઈલ હુમલામાં ૧૨ બાળકો માર્યા ગયા હતા અને ઈઝરાયેલે બેરૂતમાં એક વરિષ્ઠ હિઝબુલ્લાહ કમાન્ડરની હત્યા કરીને જવાબ આપ્યો હતો. તે ઓપરેશનના એક દિવસ પછી, તેહરાનમાં હમાસના વડા ઈસ્માઈલ હનીયેહની હત્યા કરવામાં આવી હતી, જેનાથી ઈરાનને ઈઝરાયેલ સામે બદલો લેવાનું વચન આપ્યું હતું. જેરુસલેમ પોસ્ટના અહેવાલ અનુસાર પૂર્વ આઈડીએફ ચીફ ઈઝરાયેલ ઝિવે સ્થાનિક ઈઝરાયેલ મીડિયાને જણાવ્યું કે, ''અમે તે ક્ષણે પહોંચી ગયા છીએ જ્યાં વાસ્તવમાં કોઈપણ સમયે યુદ્ધ થઈ શકે છે.''

સતીષ કે. મહેતા

# જકાતનાકા ચોકમાં રવિવારે સાંજે નવનાથ ધ્વજારોહણ

## સંસ્થાઓનાં હોદેદારોના હસ્તે કેસરી રંગની ૫૧ ધ્વજારોહણ કરાશે

**અબતક,રાજકોટ**

સમગ્ર ગુજરાતની સૌથી જુની અને સૌથી મોટી એવી રાજકોટની જન્માષ્ટમી શોભાયાત્રાનું વર્ષોથી સફળતા પૂર્વક વિશ્વ હિંદુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવે છે. પ્રવિત્ર શ્રાવણ માસ અને જન્માષ્ટમી અંતર્ગત શિવ અને કૃષ્ણના વધામણારૂપે રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારના ચોકોમાં અનેક સંસ્થાઓ દ્વારા ધર્મ ધ્વજા રોહણ થાય છે. છેલ્લા બે વર્ષથી મોરબી રોડ જકાતનાકા ચોક ખાતે નવનાથ ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે મોરબી રોડ વેપારી એસોસીએશન દ્વારા તારીખ ૧૮/૮/ રવિવારે સાંજે ૫.૦૦ કલાકે નવનાથ ધ્વજા રોહણ થશે તેમજ સાથે વૃક્ષારોપણ માટે રોપા વિતરણ અને ભુદેવોના હસ્તે રક્ષાદોરી બાંધવાનો કાર્યક્રમ રાખેલ છે. આ ધ્વજા રોહણ કાર્યક્રમમાં મોરબી રોડ વિસ્તારમાં આવેલ તમામ સોસાયટીના ગરબી મંડળો, મહિલા મંડળો, ધુન મંડળો અને ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ સોસાયટીઓના આગેવાનો, વેપારીઓ વગેરે લોકોની હાજરીમાં નવનાથ ધ્વજા રોહણમાં કેસરી રંગની ૫૧ ધ્વજા રોહણ ચડાવવામાં આવશે તેમ મોરબી રોડ વેપારી એસોસીએશન અને માનવ સેવા એકતા સમિતિના પ્રમુખ દેવાંગભાઈ કુકાવાની યાદીમાં જણાવેલ છે. વધુ માહિતી માટે મો. ૭૫૬૭૫ ૯૩૪૫૭, ૯૦૬૭૭ ૯૩૦૯૧ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

# પાલવ સ્કુલના વિદ્યાર્થીઓ ખો-ખો સ્પર્ધામાં 'અવ્વલ'




**અબતક, રાજકોટ**

પાલવ સ્કુલના વિદ્યાર્થીઓ અંડર ૧૭ ભાઈઓની ટીમ ઝોન કક્ષાએ પ્રથમ નંબરે વિજયી થયેલ છે. તેમજ રાજકોટ શહેરનું પ્રતિનિધિ રાજયકક્ષાએ કરશે. આ ઉપરાંત સમગ્ર ટીમને સંસ્થાના મેનેજીગ ટ્રસ્ટી જગદીશભાઈ દોંગાએ વિદ્યાર્થી તથા કોચને અભિનંદન પાઠવેલ છે.

કર્મયોગી ચેરી. ટ્રસ્ટ સંચાલિત

# યુનાઈટેડ કેર હોસ્પિ.માં કાલે રકતદાન કેમ્પ

**અબતક,રાજકોટ**

સમાજ સેવા માટે અવિરત કર્મયોગ કરતી કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ કેર હોસ્પિટલ ૭૮ મા સ્વતંત્રતા દિનની ઉજવણી મહારક્તદાન કેમ્પ દ્વારા આવતીકાલે કરવામાં આવશે.

સંપૂર્ણ આયોજન રોટરીકલબ ઓફ રાજકોટ, ઉમા ડાઈનેમિક કલબ તથા શ્રી છત્રસાલ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે.

આ કેમ્પ મા ૨૦૦ યુનિટ થી વધુ રક્ત એકત્ર થશે એમ રોટરી કલબ ઓફ રાજકોટના પ્રેસિડન્ટ નીખિલભાઈ ઉચાટ, સેક્રેટરી પંકિલભાઈ પઢારીયા, ઉમા ડાયનેમિક કલબના પ્રેસીડન્ટ પંકજભાઈ કલાવાડિયા છાત્રાસાલ યુવક મંડળના પ્રમુખ અને કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટી કિરીટભાઈ કપૂપરા એ જણાવ્યું હતું

હોસ્પિટલ ના મેનેજીંગ ડાયરેક્ટ ડો. જીજ્ઞેશ મેવા તથા કર્મયોગ ટ્રસ્ટના ટ્રેઝરર કમલેશ વિરડીયા એ કાર્યક્રમની માહિતી આપતાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં સમજશ્રેષ્ઠી વલ્લભભાઈ કટારીયા, પ્રફુલચંદ્ર હદવાણી, જયેશભાઈ બુસા, મનસુખભાઈ કાકડિયા, હંસરાજભાઈ અદ્રોજા સવિશેષ હાજરી આપશે. સર્વે કર્મયોગ ટ્રસ્ટીઓ પણ સંપૂર્ણ કાર્યક્રમમાં જોડાશે.

કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ કેર હોસ્પિટલમાં તમામ સ્વાસ્થ્ય સેવાઓ જેવી કે ઈમર્જન્સી સારવાર, આઈ.સી.યુ. સારવાર, ડાયાલિસિસ, પ્રસુતિ વિભાગ, તમામ ઓપરેશન, લેબોરેટરી તપાસ, એક્સ- રે, સોનોગ્રાફી, મેમોગ્રાફી તપાસ, ફિઝીયોથેરાપી સારવાર તથા આઈ સી.યુ. ઓન વહીલ એમ્બ્યુલન્સ સેવાઓ તદન સેવાભાવી દરે આપવામાં આપે છે.

# તન્વી પાટડિયા લિખિત પુસ્તક "એટધીસ ટાઈમ લિડર્સ"નું વિમોચન

## પુસ્તક અસામાન્ય લોકોની સફળતાની વાતો કંડારવામાં આવી છે




**અબતક, રાજકોટ**

તન્વી પાટડિયા લિખિત પુસ્તક એટ ધિસ ટાઈમ લિડર્સ પુસ્તકનું વિમોચન ધ ગ્રાન્ડ એલોજીયા ખાતે કરવામાં આવ્યું. આ વિમોચન પ્રસંગે કોંકલેવ પાર્ટીનું આયોજન કરવામાં આવેલું. ૬ થી ૭ માં કોંકલેવ પાર્ટીમાં આવેલ દરેક મહેમાનોના એકબીજા સાથે સંપર્ક થયા અને બધાની ઓળખાણ વધી. ત્યારબાદ કલાસ વન ઓફિસર અને મોટીવેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરિયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. એટ ધીસ ટાઈમ હોર્ડિંગસ લિમિટેડના ચેરમેન સુભાષભાઈ ડોબરીયાએ આવેલ દરેક મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શરૂઆતમાં ઈવેન્ટના સપોન્સર વિષ્ણુભાઈ પટેલ અને ધાંગધ્રા જિલ્લાના એમ. એલ. એ પ્રકાશભાઈ વરમોરાએ પોતાના વકતવ્ય દ્વારા પોતાના અનુભવો વર્ણવ્યા હતા. ત્યારબાદ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ દરેક લીડરનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વલ્લભભાઈ કાકડીયા, ગગજીભાઈ સુતરીયા અને ગોવિંદભાઈ વરમોરા દ્વારા પ્રાસંગીક ઉદ્દબોધન કરવામાં આવેલું. આ કોંકલેવમાં અમદાવાદના ખ્યાતનામ ઈવેન્ટ પ્લાનર પૂર્વ પટેલ દ્વારા સમગ્ર ઈવેન્ટનું ડેકોરેશન કરવામાં આવેલ અને સંગાથ પિકચર દ્વારા લાઈવ અને ફોટોગ્રાફી કરવામાં આવેલ. આ બંને ટીમ ને પણ એટ ધિસ ટાઈમ દ્વારા ટ્રોફી આપી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં પુસ્તકના લેખિકા તન્વી પાટડિયા દ્વારા પુસ્તક લખતી વખતે થયેલા અનુભવો વર્ણવી સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સર્વે એ સાથે ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

આ પુસ્તક માં અસામાન્ય લોકોની સફળતાની સફરની વાતો કંડારવામાં આવી છે. જે કોઈ તેને વાંચશે તેને કઈક નવું કરવાનું સાહસ પૂરું પાડશે માટે દરેક આ પુસ્તક વસાવે એવું એટ ધીસ ટાઈમ અપીલ કરે છે. વધુ માહીતી માટે મો. ન. ૯૯૭૪૦૧૦૬૪૩ પર સંપર્ક કરવો.

# શ્રાવણના બીજા સોમવારની અનોખી ઉજવણી

## યુવા સેવા ટ્રસ્ટ દ્વારા ૧૨૧ બ્રાહ્મણોને અપાયું 'અન્નદાન'

**અબતક, રાજકોટ**



યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવેલી છે. જેમાં શ્રાવણ માસમાં ૧૨૧ બ્રાહ્મણોને દક્ષિણા તેમજ અન્નદાન આપવાનું શ્રાવણ માસના સોમવારનું ખુબજ મહત્વ હોય છે. જેના ભાગ રૂપે યુવા સેના ટ્રસ્ટ દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી. મંદિરોમાં બેસતા બ્રાહ્મણોને ખીચડી, તેમજ રોકડ દક્ષિણા આપવામાં આવી. આ સેવા કાર્યમાં પ્રમુખશ્રી પ્રધ્યુમનસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સેવાભાવી કાર્યકરે સેવા આપી હતી જેમાં કિશોરભાઈ વ્યાસ, દેવીકાબેન ગોનાડે, સોનલબેન વાછાણી, મેઘનાબેન પાંભર, તથા જગદીશભાઈ વ્યાસ વગેરે કાર્યકરે આ સેવા કાર્યને સફળ બનાવી

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા શ્રાવણ માસ માં દર વર્ષે અનોખી ઉજવણી કરતું રહયું છે જેમાં આ વખતે પણ છેલ્લા સોમવારે સ્લમ એરિયાના કુપોષિત બાળકો જેવા કે જેમને ક્યારેય પણ ડ્રાયફ્રુટ તેમજ કેસરયુક્ત દુધ મળતું ન હોય તેના અનુસંધાને મહાદેવને ચડાવવામાં આવતું દુધની ૫૦% રકમ એકત્રીત કરી ડ્રાયફ્રુટ તથા કેસરયુક્ત દુધ આપવામાં આવશે.

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સોમવારે શ્રાવણી પર્વ મહોત્સવ ઉજવાશે

**અબતક, રાજકોટ**

દર સાલની જેમ ચાલુ સાલ પણ પવિત્ર શ્રાવણ સમામાં શ્રાવણી પુનમના દિવસ બ્રહ્મસમાજ દ્વારા સમુહ જનોઈ બદલવાનો કાર્યક્રમ ૬ રજપુતપરા બ્રાહ્મણ બોડીંગ ખાતે યોજાનાર છે. બ્રાહ્મણો આ દિવસે તેમણે ધારણ કરેલી જુની યજ્ઞોપવિત ત્યજીને નવી યજ્ઞોપવિત ધારણ કરે છે. આ શાસ્ત્રોકત વિધી સચિનભાઈ ઠાકર તથા તેમની ટીમ દ્વારા કરાવવામાં આવશે.

સમસ્ત બ્રહ્મસમાજ રાજકોટની પરંપરા પ્રમાણે શાસ્ત્રોક્ત રીતે પ્રકાંડ પંડિતો દ્વારા વિધિવત સામુહિક જનોઈ બદલવાના શ્રાવણી પર્વનું અદકેરું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેર સ્થિત તમામ તળગોળના સૌ બ્રાહ્મણ પરિવાર આ પવિત્ર પ્રસંગમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

સમસ્ત બ્રહ્મસમાજની એકતા અખંડિતતા અને એક વાક્યતા એ જયારે સમયનીમાંગ છે ત્યારે આવો આપણે સૌ આ શ્રાવણી પર્વની ઉજવણીથી સમાજને તા. ૧૯-૮ ને સોમવારે સવાર ૮ કલાકે રાખેલ છે. જે અંતર્ગત દર્શીત જાની, કશ્યપ જાની, નલીન જોશી, અતુલ વ્યાસ, શૈલેષ જાની, યોગેન્દ્ર લહેરૂ સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી છે. આયોજનના ભાગરુપે જર્નાદિન પંડ્યાના મો. નં. ૯૮૨૪૨ ૧૪૦૨૧ પર સંપર્ક કરવા જણાવેલ છે.

વૃક્ષો વાવો જીવન બચાવો

# વૃક્ષ આપણા જીવનમાં જન્મથી લઈ મૃત્યુ સુધી જોડાયેલા છેઃ ધારાસભ્ય ઉદય કાનગડ

## કે.ટી.શેઠ વિદ્યાલય ખાતે મહાપાલિકા કક્ષાનો ૭૫મો વન મહોત્સવ ઉજવાયો

**અબતક,રાજકોટ**



તસ્વીર:દર્શન વાડોલીયા

સામાજિક વનીકરણ વિભાગ રાજકોટ દ્વારા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં કેશવલાલ તલકચંદ શેઠ વિદ્યાભવન રાજકોટ ખાતે ૭૫માં મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં વૃક્ષોને આપણા પૂજનીય દર્શાવવામાં આવ્યા છે. વૃક્ષ આપણા જીવનમાં જન્મથી લઈ મૃત્યુ સુધી દરેક પડાવમાં વૃક્ષો જોડાયેલા છે ત્યારે એક વૃક્ષ વાવીને પર્યાવરણ બચાવવાના આ અભિયાનમાં જનતા પણ સહભાગી બનીએ. દરેક બાળકનો તેની માતા સાથે વિશિષ્ટ સંબંધ હોય છે ત્યારે માતાના ઋણને ચૂકવવા ''એક પેડ મા કે નામ'' અભિયાન હાલ સાર્થક થઈ રહ્યું છે. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ વૃક્ષ વાવી પર્યાવરણની જાળવણી તેમજ પાણી બચાવવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહે વૃક્ષને સાચા મિત્ર તથા મહાદેવ જેવા પરોપકારી જણાવતા કહ્યું હતું કે, જેમ સમુદ્ર મંથનમાંથી હળાહળ વિષને મહાદેવે ગ્રહણ કરી અમૃત વિશ્વને આપ્યું હતું તેવી જ રીતે વૃક્ષો પણ પૃથ્વી પરનું કાર્બન ડાયોક્સાઈડ સમાન ઝેર પોતે લઈને આપણને અમૃતરૂપી ઓક્સિજન આપે છે.એક વૃક્ષ તેના જીવનના ૫૦ વર્ષના કાર્યકાળમાં ૪ કરોડ રૂપિયાથી વધુ રૂપિયાનો ઓક્સિજન આપે છેઆ પ્રસંગે નાયબ વન સંરક્ષક તુષાર પટેલે વન વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. જેમાં જણાવ્યું હતું કે, રાજકોટ વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણ યોજના અંતર્ગત ૩૪૯ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે.એગ્રો ફોરેસ્ટ્રી યોજનામાં ૭૬૦ હેક્ટર પર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જે માટે લોકોને ૩૧.૮૮ લાખની સહાય આપવામાં આવશે. કાર્યક્રમ બાદ મંત્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, મહાનગરપાલિકાના શાસકપક્ષના નેતા લીલુબેન જાદવ, રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર ડી.પી.દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# કુમ કુમ ગ્રુપ દ્વારા કાલે વિનામૂલ્યે તુલસીના રોપાનું વિતરણ

**અબતક, રાજકોટ**

રાજકોટની સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા કુમ કુમ ગ્રુપ દ્વારા આવતીકાલે સવારે ૧૧.૩૦ કલાકે લીટર માસ્ટર પ્લે હાઉસ, આફ્રિકા કોલોની શેરી નં.૩, નિલકંઠ મહાદેવ મંદિર પાસે રૈયા ટેલીફોન એકસચેન્જ ની સામે એક વૃક્ષ માતાને નામે સૂત્રને સાર્થક કરવા તુલસીના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. તો ધર્મપ્રેમી, પર્યાવરણ પ્રેમી, લોકોએ આ સંસ્થા સેવાનો લાભ લેવા અનુરોધ છે. આ સેવા યજ્ઞમાં લીટર માસ્ટરનો સહયોગય રહ્યો છે.

# ઈવનીંગ પોસ્ટના વડીલો માટે શનિવારે સંગીત સંધ્યા

**અબતક,રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૧૭/૦૮/૨૪ શનિવારનાં રોજ ૫:૩૦ કલાકે મુકેશ ફેન કલબ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૧૮/૦૮/૨૪ રવીવાર નાં રોજ ૫:૩૦ કલાકે રંગ તરંગ કારાઓકે ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, મનસુખભાઈ વાવેચા અને ડો. સુધીરભાઈ શાહ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# નાગરિક સહકારી બેંકની તમામ શાખાઓમાં કરાશે ધ્વજવંદન

**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરીક સહકારી બેંક લી. દ્વારા તા. ૧૫ ઓગષ્ટને ગુરુવારે સવારે ૯ કલાકે સ્વાતંત્ર્ય પર્વ નીમીતે રાજકોટમાં બેંકની હેડ ઓફીસ, અરવિંદભાઈ મણીઆર નાગરીક સેવાલય, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે અને બહારગામની દરેક શાખાઓમાં ધ્વજવંદન યોજાશે. રાજકોટમાં અતિથિ વિશેષ તરીકે ડો. જયંતિભાઈ ભાડેસિયા (સંઘ ચાલક રાષ્ટ્રીય સ્વયસેવક સંઘ, પશ્ચિમ ક્ષેત્ર, ગુજરાત-મહારાષ્ટ્ર- ગોવા) અને જાણીતા ઉદ્યોગપતિ હરીશભાઈ ચાંદ્રા (અતુલ ઓટો પ્રા.લી), ઉપસ્થિત રહેશે.

ઉપરોકત કાર્યક્રમમાં સર્વે બોર્ડ ઓફ ડિરેકટર્સ, શાખા વિકાસ સમીતીના સભ્યો, ડેલીગેટ અને કર્મચારી, કાર્યકર્તાઓને રાજકોટ ખાતે અથવા બહારગામમાં બેંકની નજીકની શાખામાં ઉપસ્થિત રહેવા બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મીભાઈ દક્ષીણીએ હાર્દિક અનુરોધ કરેલો છે.

# આત્મીય યુનિવર્સિટીમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓ 'તિરંગાયાત્રા' જોડાયા

## આત્મીય કેમ્પસની રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રામાં વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નાદ ગુંજયા

**અબતક,રાજકોટ**






''હર ઘર તિરંગા'' ના સ્વપનદ્રષ્ટા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રભકિતને ઉજાગર કરવાના પ્રયત્નોના ફળ સ્વરૂપે સમગ્ર દેશમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર દેશ અને રાજયમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનમાં રાજ્યની વિવિધ શાળા-કોલેજો, કોર્પોરેશન, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો તેમજ સામાન્ય નાગરીકો આ અભિયાનમાં સહભાગી બની પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આ તિરંગા યાત્રાનો પ્રારંભ સ્થાનિક કોર્પોરેશનના માધ્યમથી કેન્દ્રીય મિનિસ્ટર જે.પી. નંદા, સી.આર.પાટીલ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ ઝાઝરમાન રીતે પ્રારંભ યોજાયો હતો. જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભકિતના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ ડીસીપ્લીનથી, એક હરોળમાં આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.

આ શુભદિને પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીએ સંદેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓમાં સતત રાષ્ટ્રભકિત અને ગુરુભકિત ની ભાવના કેળવાય અને આજના વિદ્યાર્થીઓ દેશના સભ્ય નાગરીકો બની ભારત દેશનું નામ ગૌરવાન્વિત કરે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા, શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ તીલાળા, ડો દર્શિતા શાહ, મંત્રી ડો. માધવ દવે ઉપાધ્યક્ષ રાજાભાઈ વાવડી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઉપાધ્યાય, ઓર્બીટ કંપનીના પંકજભાઈ પટેલ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર ડી.ડી. વ્યાસ, રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેકટર આશિષ કોઠારી, એમ. એન્ડ એન વિરાણી સાયન્સના ડો. કે.ડી. લાડવા તથા આત્મીય પરિવારનાં જીગ્નેશ રાઠોડની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનો શુભારંભ થયો હતો.

# નાગરિક બેન્ક બચાવો સંઘ દ્વારા પરાબજાર શાખા પાસે ધરણા

## બેંકની કાલબાદેવી અને જૂનાગઢ બ્રાન્ચમાં લોન કૌભાંડ આચર્યાના આક્ષેપ : કૌભાંડો અટકાવી બેંકને બચાવવાની માંગ, સૂત્રોચ્ચાર સાથે પત્રિકા વિતરણ પણ કરાયું

**અબતક, રાજકોટ**

નાગરિક બેંકની પરાબજાર બ્રાન્ચ પાસે નાગરિક બેન્ક બચાવો સંઘ દ્વારા ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં બેંકની કાલબાદેવી અને જૂનાગઢ બ્રાન્ચમાં લોન કૌભાંડ આચર્યાના આક્ષેપ કરવામાં આવ્યા હતા અને કૌભાંડો અટકાવી બેંકને બચાવવાની માંગ ઉઠાવવામાં આવી હતી. આ સાથે સૂત્રોચ્ચાર અને પત્રિકા વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ ધરણા કાર્યક્રમમાં નાગરિક બેન્ક બચાવો સંઘના પ્રમુખ ચંદુભા પરમાર, મહામંત્રી વિબોધભાઈ દોશી, ઉપપ્રમુખ યોગીજી ખેંગાર તેમજ અન્ય લોકો જોડાયા હતા. સંઘના અગ્રણીઓ દ્વારા બે દિવસ પૂર્વે પોલીસ કમીશ્નર સમક્ષ આર્થિક અપરાધ અંગેની લેખીત ફરીયાદ રૂબરૂ મળીને કરાઈ હતી.





નાગરીક બેંક બચાવો સંઘની યાદી મુજબ બેંકની મુંબઈમાં આવેલી કાલબાદેવી બ્રાંચના ૨૫ લોન કૌભાંડો અને જુનાગઢ બ્રાંચના ૩૫ લોન કૌભાંડોમાં કરોડો રૂપિયાની નાના માણસોની પરસેવાની કમાણી ઓગળી ગઈ છે. અત્યારે સંઘ પાસે આ ૬૦ લોનના આધાર પુરાવાઓ મોજુદ છે. બેંકમાં છેલ્લા કેટલાક વર્ષથી કોઈ જવાબદાર અને ન્યાયી સંચાલકો ન હોવાથી એકંદરે બેંકની પરિસ્થિતી દિવસે દિવસે ખાડે જતી જાય છે અને કેન્સર જેવો મહારોગ લાગુ પડયો છે.

બેંકના જુના કર્મચારીઓ અને આર.એસ.એસ. તથા ભાજપના કાર્યકર્તાઓ તેમજ બેંકના હિત ચિંતકો વિગેરેએ સાથે મળી જે સંઘની સ્થાપના કરેલ છે તેના ઉપક્રમે નાગરિક બેંક, પરાબજાર શાખા, જયુબેલી પાસે, આજે તા.૧૩ ને બુધવારે સવારે ૧૧ થી ૫ સુધી ધરણા, સુત્રોચાર, પ્રદર્શની, પત્રિકા વિતરણ વિગેરે કાર્યક્રમો દવારા જન આંદોલનના મંડાણ કરવામાં આવ્યા છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક સીતેર વર્ષ જુની અને વિશ્વાસનું પ્રતિક મનાતી બેંક છે ત્યારે તાજેતરમાં બેંકના કેટલાક ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કૌભાંડો અને તેને છાવરનારા ડીરેકટરોના કરતુતો જાહેર થાય તે અનિવાર્ય છે. આ બેંક સાથે દસ લાખથી વધુ થાપણદારો, સભાસદો અને ગ્રાહકો જોડાયેલા છે તેમજ બેંક આશરે ૬૩૦૦ કરોડ જેટલી થાપણ તેમજ ૩૭૦૦ કરોડની લોનો ધરાવે છે તે સંજોગોમાં બેંકમાં જો સંગઠીત પ્રકારના આર્થિક ગુન્હેગારોને સજા આપવામાં ન આવે તો બેંકનું ભવિષ્ય અંધકારમય બની જશે. તેવું અગ્રણીઓએ જણાવ્યું હતું.

# કાલાવડ રોડ પર સોનલ પંજાબી પાર્સલમાંથી પકડાયો વાસી ખોરાક

## દાઝ્યુ તેલ, મન્ચુરીયન, ઢોસાનું ખીરૂ, નુડલ્સ અને અખાદ્ય શાકભાજી સહિત ૫૭ કિલો જથ્થાનો નાશઃ પનીર અને બટરના નમૂના લેવાયા

**અબતક, રાજકોટ**

બહારનું ખાવાનો શોખ ધરાવતા હોય તો ચેતી જજો કારણ કે કોર્પોરેશનના ચેકીંગ દરમિયાન નામી હોટલ કે રેસ્ટોરન્ટમાંથી રોજ અખાદ્ય ખોરાકનો જથ્થો પકડાઈ છે. આજે આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગ દ્વારા શહેરના કાલાવડ રોડ પર અક્ષર માર્ગ પર આવેલા સોનલ પંજાબી પાર્સલમાં સર્વેલન્સ ચેકીંગ દરમિયાન ૫૭ કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો મળી આવ્યો હતો. જેનો નાશ કરી પનીર તથા બટરના નમૂના લેવામાં આવ્યા હતા.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ સોનલ પંજાબી પાર્સલમાં ચેકીંગ દરમિયાન પેઢીના કિચનમાંથી એક્સપાયરી ડેઈટ વિતી ગયેલા શીંગતેલ અને દાઝ્યા તેલનો ૧૯ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત વાસી મન્ચુરીયન ત્રણ કિલો, એક્સપાયરી ડેઈટ વિનાનું ઢોસાનું ખીરૂ ૩૦ કિલો, વાસી અખાદ્ય શાકભાજી તથા બાફેલા પાંચ કિલો નુડલ્સ સહિત ૫૭ કિલો અખાદ્ય ખોરાકનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા અને હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા તથા ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. જ્યારે લૂઝ પનીર અને બટરના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત જૂના માર્કેટીંગ યાર્ડ પાસે આરટીઓની બાજુમાં માસૂમ વિદ્યાલય સામે માટેલ પરોઠા હાઉસમાંથી લૂઝ રસાવાળા બટેટાની સબ્જી, કોઠારિયા મેઈન રોડ પર રણુજા મંદિરની સામે પ્લોટ નં.૬૪માં જય ખોડીયાર રેસ્ટોરન્ટ અને ટી-સ્ટોલમાંથી લૂઝ ચણાનું શાક અને જામનગર રોડ પર નાગેશ્વર મંદિરની સામે જૈનમ એપાર્ટમેન્ટમાં જય ખોડિયાર ડેરી ફાર્મમાંથી લૂઝ મિક્સ દૂધનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. હરિધવા મેઈન રોડ અને કોઠારિયા રોડ પર ખાણીપીણીની ૬૧ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્થળ પર ૬૧ ખાદ્ય સામગ્રીના નમૂનાનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન રાધે ડેરીફાર્મ, ગાયત્રી પાણીપુરી, બાલાજી કોલ્ડ્રિક્સ, શ્રીશક્તિ ગાત્રાળ વડાપાંઉ-ઘુઘરા, સદ્ગુરૂ કોલ્ડ્રિક્સ, ટુ બધર્સ ઢોસા, રાધે આઈસ્ક્રીમ, વણીરાજ ફેમિલી રેસ્ટોરન્ટ, કટક-બટક નાસ્તા, જય બાલાજી ફૂડ ઝોન, કનૈયાર ડેરીફાર્મ, રાધે-ક્રિષ્ના ખમણ, મહાદેવ સ્ટીમ ઢોકળા, જલારામ ખમણ, શિવ અનાજ ભંડાર, શ્રીજી મઠાવાલા, ડાયમંડ શીંગ, સેન્ડવીચ સ્ટેશન, બ્રહ્માણી ફાસ્ટફૂડ, શ્રીરાજલ દાળ-પકવાન અને શ્રીરામ ડેરીફાર્મને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી છે.







# મચ્છરોના ઉપદ્રવ સબબ જીવરાજ પાર્કમાં બે બાંધકામ સાઈટ સીલ

## ૧૮૧ આસામીઓને મચ્છરની ઉત્પતિ સબબ નોટિસઃ ૬૯ આસામીઓ પાસેથી રૂ.૮૬,૭૦૦નો દંડ વસૂલ કરાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં ડેન્ગ્યૂ સહિતના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન મેલેરિયા વિભાગ દ્વારા ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત હોટેલ અને બાંધકામ સહિત ૧૮૧ સ્થળે મચ્છરોની ઉત્પતિ સબબ ચેકીંગ હાથ ધરી તમામને નોટિસ આપવામાં આવી છે. જ્યારે ૬૯ આસામીઓ પાસેથી રૂ.૮૬,૭૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ





સ્થાનો (મચ્છરના પોરા) જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનારકે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણાશે. જેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

મચ્છર ઉત્પતિ સબબ ચેકીંગ કામગીરી કરવામાં આવે છે. વોર્ડ નં.૧૧માં જીવરાજ પાર્ક મુખ્ય માર્ગ - ૪, આસોપાલવ લક્ષુરીયાની સામેના વિસ્તારમાં આર. જે. રેસીડેન્સી પ્લોટ ખાતે જયેશભાઈ ભરતભાઈ સોરઠીયા અને અશ્વિનભાઈ વરમોરાની ચાલુ બાંધકામ સાઈટમાં મચ્છરના પોરા મળી આવતા નોટીસ આપવામાં આવી છે. તેમ છતા બીજી મુલાકાત દરમ્યાન મચ્છરના પોરા મળી આવતા બાંધકામ સાઈટને સીલ કરવામાં આવેલ છે.

# ગંદકી કરનારાઓ પાસેથી રૂ.૧૬,૫૫૦નો દંડ વસુલાયો

## પ્રતિબંધિત પ્લાસ્ટીક અંગે ૬૨ સ્થળે ચેકીંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૬૨ આસામીઓ પાસેથી ૪.૮૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૬૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૧.૧૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૩.૨૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૬ આસામીઓ પાસેથી ૦.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

# વોર્ડ નં.૧૮માં ડ્રેનેજ અને ડીઆઇ પાઇપલાઇન માટે રૂ.૪.૪૧ કરોડ મંજૂર

**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧૮માં 'અમૃત ૨.૦' અંતર્ગત રૂ.૨.૫૩ કરોડના ખર્ચે નવી સોસાયટીઓમાં ૧૦૦ મી.મી. ડાયા.ના અંદાજે ૭૫૦૦, ૧૫૦ મી.મી. ડાયા.ના અંદાજે ૩૮૦૦ રનીંગ મીટર, ૨૦૦ મી.મી. ડાયા. ના અંદાજે ૪૦૦ રનીંગ મીટર, ૨૫૦ મી.મી. ડાયા.ના અંદાજે ૩૦૦ રનીંગ મીટર, ૩૦૦ મી.મી. ડાયા. ના અંદાજે ૧૫૦ રનીંગ મીટરમાં ડ્રેનેજ લાઈન નાખવાનુ કામ, રૂ.૫૩.૯૨ લાખના ખર્ચ બોલબાલા માર્ગ પર આવેલ આજુબાજુના વિસ્તારમાં ૧૦૦ મી.મી. ડાયા.ના અંદાજે ૩૦૫૦ રનીંગ મીટર, ૧૫૦ મી.મી. ડાયા. ના અંદાજે ૭૦૦ રનીંગ મીટર, ૨૦૦ મી.મી. ડાયા. ના અંદાજે ૩૫૦ રનીંગ મીટર ડી.આઈ.પાઈપલાઈન નુ કામ તેમજ રૂ.૧.૩૪ કરોડના ખર્ચે ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝ આજુબાજુના વિસ્તારમાં ૧૦૦ મી.મી. ડાયા. ના અંદાજે ૭૭૩૦ રનીંગ મીટર, ૧૫૦ મી.મી. ડાયા. ના અંદાજે ૧૫૪૦ રનીંગ મીટર, ૨૦૦ મી.મી. ડાયા.ના અંદાજે ૨૧૮૦ રનીંગ મીટર, ૩૦૦ મી.મી. ડાયા.ના અંદાજે ૪૩૦ રનીંગ મીટર ડી.આઈ. પાઈપલાઈનનું કામ આમ કુલ રૂ.૪.૪૧ કરોડના કામો આજરોજ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવ્યા છે.

# મવડીમાં પ્લોટ પચાવી પાડનાર પાડોશી માતા - બે પુત્રો સામે લેન્ડ ગ્રેબીંગ

## ૨૦૦ વાર જગ્યામાં દબાણ કરી ઓરડી બનાવી ભાડે ચડાવી દીધી

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ નજીક એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નં.૧૪ માં આવેલા સર્વે નં. ૯૯/૧૦૦ ના બિનખેતી પ્લોટ નં. ૪૬ ની ૨૦૦ વાર માલીકીના જગ્યા પર ગેરકાયદે દબાણ કરી ઓરડી બનાવી બારોબાર ભાડે આપી પ્લોટ પચાવી પાડવામાં માતા અને બે પુત્રો સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તપાસનો ધમધમાટ આદર્યો છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના ગોંડલ રોડ નજીક એસ.ટી. વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગર શેરી નં.૧૪ માં રહેતા મોતીબેન માંડાભાઈ બીજભાલઈ ચીરોડીયા નામના મહિલાએ લોધીકા તાલુકાના માખાવડ ગામે રહેતી નંદુબેન દાનાભાઈ સોમૈયા અને તેનો પુત્ર કીશન તેમજ રવિ સોમૈયા સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરીયાદ નોંધાવી છી.

પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે મોતીબેન ભરવાડનો મવડી રેવન્યુ સર્વે નં. ૯૯/૧૦૦ બિનખેતી પ્લોટ નં. ૪૬માં ૬૦૦ વાર પૈકી ૨૦૦ વાર જમીન કિશોરભાઈ કોરાટ, અરવિંદભાઈ ચૌહાણ અને જયંતિભાઈ લીલાભાઈ પાસેથી ગત તા. ૨૦-૨-૧૪ ના રોજ ૯.૨૦ લાખમાં વેચાણ દસ્તાવેજથી ખરીદ કર્યો હતો.

બાદ ફરીયાદીના પતિ માંડાભાઈ ચીરોડીયા પ્લોટ ખાતે ગયેલા ત્યારે ખબર પડી કે અમારા પ્લોટ ઉપર પાડોશી નંદુબેન અને તેના પુત્રો પથ્થર નાખેલા છે. અમોએ પથ્થર હટાવવાનું કહેતા પ્લોટ અમારો છે. અહી આવતા નહીં નહીંતર સારાવટ રહેશે નહી ગત તા. ૨૭-૫-૨૨ ના રોજ ગેરકાયદે બાંધકામ કરતા અમોએ અટકાવતા એટ્રોસીટી ની ધમકી આપતા હતા. બાદ નવા કાયદા અંતર્ગત જીલ્લા કલેકટર હેઠળ અરજી કરતા જેની તપાસના અંતે માતા બે પુત્રો વિરૂધ્ધ ગુનો વધુ તપાસ પશ્ચિમ વિભાગના એસપી આર.બી.ભારાઈ સહીતની ટીમ ચલાવી રહી છે.

## ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ છૂટેલા

# સુરંગ ખોદી જેલમાંથી નાસી છૂટવાના ગુનામાં નાસિર પટેલ અને નદીમ શેખના જામીન મંજુર

## સિરિયલ બ્લાસ્ટ કેસના ૨૨ આરોપીઓ સાથે મળી વર્ષ ૨૦૧૩માં ૨૧૩ ફૂટ લાંબી સુરંગ ખોદી'તી



**અબતક, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે સોમવારે ૨૦૧૩ના સાબરમતી જેલમાં સુરંગ બનાવી ભાગી જવાનો પ્રયાસ કરવાના કેસમાં બે આરોપીઓને રેગ્યુલર જામીન આપ્યા હતા. ઉલ્લેખનીય બાબત છે કે, આ બંને શખ્સો ૨૦૦૮ માં સિરિયલ બ્લાસ્ટ કેસના અન્ય ૨૨ આરોપીઓ સાથે મળી જેલમાંથી નાસી છૂટવા માટે ૨૧૩ ફૂટની સુરંગ ખોદી હતી.

સોમવારે જે બે આરોપીઓને જામીન આપવામાં આવ્યા છે તેમાં નાસિર અહેમદ પટેલ અને નદીમ સૈયદનો તે ત્રણમાંનો સમાવેશ થાય છે જેમને બે વર્ષ પહેલા ૨૦૦૮ના શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા અને સુરંગ ખોદવાની ઘટનામાં ધરપકડ કરવામાં આવી હતી. ત્રીજી વ્યક્તિ હૈદરાબાદના રઝીઉદ્દીન નાસરને જાન્યુઆરીમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા. શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ જાહેર થયા પછી જેમાં ૪૯ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, પટેલ અને સૈયદે જામીન માટે અરજી કરી હતી. જો કે, ગુનાની ગંભીરતાને ટાંકીને કોર્ટે તેમની વિનંતીને નકારી કાઢી હતી.

ક્રમિક જામીન અરજીઓ દાખલ કર્યા પછી તેમના વકીલ મુસૈબ શેખે દલીલ કરી હતી કે આરોપીઓ ૧૧ વર્ષથી આ કેસમાં જેલના સળિયા પાછળ છે અને ટૂંક સમયમાં ટ્રાયલ થવાની કોઈ શક્યતા નથી. આનું કારણ એ છે કે તમામ આરોપીઓ જેલમાં હતા અને ટ્રાયલ માટે ઉપલબ્ધ હતા, પરંતુ અમુક કાયદાકીય ગૂંચવણોને કારણે તેમાં વિલંબ થયો હતો. ટ્રાયલની લાંબી પેન્ડન્સી અને કેદને ધ્યાનમાં લેવા ઉપરાંત જસ્ટિસ નિઝર દેસાઈએ સમાનતાના લાભની માંગને પણ ધ્યાનમાં લીધી કારણ કે આ વર્ષની શરૂઆતમાં સમાન કેસમાં સર્વોચ્ચ અદાલતે એક આરોપીને નિયમિત જામીન આપ્યા હતા.

જેલ તોડવાની કોશિશ સાબરમતી સેન્ટ્રલ જેલ સત્તાવાળાઓના ધ્યાન પર આવ્યા બાદ, રાણીપ પોલીસે એફઆઈઆર દાખલ કરી અને તપાસ શરૂ કરી હતી. શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસના સંબંધમાં જેલમાં બંધ ૨૪ આરોપીઓ પર જેલ તોડવાના પ્રયાસ અને ગુનાહિત કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

(પહેલા પાનાનું ચાલું)

## નર્મદા...

આયોજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં કરવામાં આવ્યું છે.

હાલ પીવાના પાણીના જથ્થા માટે અનામત હોય તેવા જળાશયોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી દ્વારા ઉત્તર ગુજરાતના ખેડૂતો અને નાગરિકોને નર્મદાનું પાણી પહોંચાડવા એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો છે, તેમાંથી આ પાણી ઉત્તર ગુજરાતના તળાવોમાં પહોંચાડવામાં આવશે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓના કુલ ૯૫૨ તળાવોને જુદીજુદી ૧૩ પાઈપલાઈનો મારફતે નર્મદાનું પાણી આપવાનું રાજય સરકારે મુખ્યમંત્રીના દિશાદર્શનમાં આગોતરું આયોજન કર્યું છે.

હાલ આ પાઈપ લાઈનો દ્વારા ૧ હજાર ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને આ તળાવોમાં પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે તે ક્રમશઃ વધારીને ૨૪૦૦ ક્યુસેક્સ પાણીનું ઉદવહન કરીને ઉત્તર ગુજરાતના આ તળાવોમાં આગામી દિવસોમાં પહોંચાડવામાં આવશે.

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૦૦,૪૦૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૯.૯૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૬,૮૫૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૯૨ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે

રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૩ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૪૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત ૨૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૪૧ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૫.૩૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૫૩.૧૭ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૧.૪૮ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૫૦.૪૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૬૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

એક તરફ નર્મદા ડેમનું પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. બીજી તરફ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લામાં સંતોષકારક વરસાદ પડયો નથી જેના કારણે જળ જરૂરિયાત સંતોષતા જળાશયોમાં પાણીની સંતોષકારક આવક થવા પામી નથી. સૌરાષ્ટ્રના રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબી, બોટાદ, જામનગર અને ભાવનગરમાં પાણીની ખેંચ વર્તાય રહી છે. ઓગસ્ટ માસ અડધો વિતવા છતા જળાશયોમાં પાણીની સંતોષકારક આવક થવા પામી નથી જેના કારણે સ્થિતિ કફોડી બની છે. ત્યારે રાજય સરકાર દ્વારા ખુબ જ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. નર્મદાના વહી જતા પાણીનો સદપયોગ કરવામાં આવશે સૌની યોજનાની ચાર પાઈપ લાઈન મારફત સૌરાષ્ટ્રના સાત જિલ્લાના ૪૦ ડેમમાં નર્મદાના નીર ઠાલવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જો વરસાદ ખેંચાશે તો હજી વધારાના નર્મદાના નીર જરૂરિયાત વાળા વિસ્તારોને આપવામાં આવશે.

રાજકોટની જળ જરૂરિયાત સંતોષતા એકપણ ડેમમાં પાણીની સંતોષકારક આવક થવા પામી નથી. આવામાં રાજકોટ મહાપાલીકા દ્વારા ગત સપ્તાહે રાજ્ય સરકાર પાસે ૭૫૦ એમ.સી.એફ.ટી. નર્મદાના નીરની માંગણી કરવામાં આવી હતી. જેનો ત્વરિત સ્વિકાર કરી લેવામાં આવ્યો હતો ગઈકાલથી શહેરના આજી ડેમમાં નર્મદાનું પાણી ઠાલવવાનું શરૂ પણ કરી દેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે નર્મદા ડેમના દરવાજા અંતિમ ઘડીએ ખોલવામાં આવતા અનેક જિલ્લાઓમાં પુર પ્રકોપ જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી. આ વર્ષ આવી સ્થિતિનું નિર્માણ ન થાય તે માટે રાજય સરકાર દ્વારા અગાઉથી જ આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા ડેમ ૯૦ ટકા સુધી ભરાય જવાના કારણે કુલ લેવલ જાળવી રાખવા માટે ડેમના દરવાજા ખોલી લાખો કયુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. વહી જતાં આ મહામૂલ્ય પાણીનો ઉપયોગ કરી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પાણીની રેલમ છેલ કરી દેવાશે.

દર વર્ષ ઉનાળાની સિઝનમાં સૌરાષ્ટ્રવાસીઓની તરત છીપાવતા નર્મદા મૈયા આ વખતે ચોમાસામાં તારણહાર બનીને આવ્યા છે. રાજકોટમાં અપુરતા વરસાદના કારણે જળ કટોકટી સર્જાય તે પૂર્વ માઁ નર્મદાની પાવનકારી પધરામણી થઈ ચૂકી છે. રાજયના એક પણ વિસ્તારમાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટે રાજય સરકાર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં આ મેઘરાજાના બે અલગ અલગ રૂપ જોવા મળ્યા છે. એક તરફ અમુક જિલ્લામાં અનરાધાર વરસાદ પડયો છે. તો બીજી તરફ મેઘાએ માત્ર ઝાપટા સ્વરુપે જ હેત વરસાવ્યું છે.

જેના કારણે ભર ચોમાસે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જળાશયોમાં નર્મદાના નીર ઠાલવવાની આવશ્યકતા ઉભી થઈ છે.

## આઈટી...

હતું કે સમગ્ર કવાયત કરચોરીને કાબૂમાં રાખશે અને કાયદેસર નાણાં મોકલવામાં આવે તેની ખાતરી કરશે, જ્યારે વિદેશી રેમિટન્સની જાણ કરવામાં છૂટનો દુરુપયોગ અટકાવશે.

બોર્ડ ૨૦૨૦-૨૧ પછીના ડેટાની ચકાસણીના આધારે ઉચ્ચ જોખમવાળા કેસોની યાદી તૈયાર કરશે. તેણે ફીલ્ડ ફોર્મેશન્સને ઉચ્ચ જોખમવાળા કેસોને શોધવા માટે વિગતવાર માનક ઓપરેટિંગ પ્રક્રિયા તૈયાર કરવા અને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં નવીનતમ કેસોની સૂચિ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સરકારે અઘોષિત આવક ધરાવતા લોકોને પ્રથમ નોટિસ મોકલવા માટે ૩૧ ડિસેમ્બરની સમયમર્યાદા નક્કી કરી છે. અનિયમિતતાઓ અંગે વિસ્તૃત માહિતી આપતાં, ઉપરોક્ત અધિકારીએ જણાવ્યું હતું કે, એક કિસ્સામાં, રૂ.૫ લાખની જાહેર આવક ધરાવતી વ્યક્તિએ છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ અલગ-અલગ ડીલરોનો ઉપયોગ કરીને રૂ.૧૫ લાખ વિદેશમાં મોકલ્યા હોવાનું જાણવા મળ્યું છે.

તબીબી અને શિક્ષણ ખર્ચના કેટલાક અપવાદો સાથે સરકાર લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમહેઠળ રૂ. ૭ લાખથી વધુના વિદેશી રેમિટન્સ પર ૨૦% ટીસીએસ એકત્રિત કરે છે.

જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિભાગે આ છૂટછાટના સંભવિત દુરુપયોગના કેટલાક કેસ શોધી કાઢ્યા છે. આ મુક્તિઓનો દુરુપયોગ અટકાવવા માટે મુકિતનો દાવો કરતી ચુકવણીઓ પર દેખરેખ રાખવી મહત્વપૂર્ણ છે,'' અધિકારીએ ઉપર ટાંક્યું હતું. સીબીડીટી એ પહેલાથી જ બેંકોને કુલ ક્રેડિટ કાર્ડ ખર્ચ સિવાય એક અલગ કેટેગરી તરીકે કુલ વિદેશી વિનિમય ખર્ચની જાણ કરવા કહ્યું છે, પછી ભલે તેઓ ટીસીએસ એકત્રિત ન કરતા હોય. આ ડેટા વાર્ષિક આવક નિવેદનમાં દાખલ કરવામાં આવી રહ્યો છે, જેનો ઉપયોગ આવકવેરાની આકારણી કરવા માટે થાય છે. સરકારે ૧ ઓક્ટોબર, ૨૦૨૩ થી એલઆરએસ હેઠળ વિદેશી રેમિટન્સ પર ટીસીએસ ૫% થી વધારીને ૨૦% કર્યો હતો. બજેટ ૨૦૨૩માં આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડની ચૂકવણીને પણ એલઆરએસના દાયરામાં લાવવામાં આવી હતી અને આવા વ્યવહારો પર ટીસીએસ લાદવામાં આવ્યો હતો. જો કે, વ્યાપક ટીકા બાદ તે પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

## વસ્તી...

વધુ વયના લોકો ની વસ્તી વધશે

૨૦૨૬ સુધીમાં ભારતની વસ્તી નો આંક ૧૫૨.૨ કરોડ એ પહોંચશે સાથે સાથે એવો અહેવાલ પણ આવ્યું છે કે સાક્ષરતા શિક્ષણ અને જનજાગૃતિના પગલે આગામી દાયકામાં મહિલા અને પુરુષ જન્મદરના મહિલાઓની સંખ્યા વધશે જાતિ આધારિત આંકડાઓમાં આગામી વર્ષોમાં મહિલા જંગલ વધવાનું અને પ્રુધ્રોધ પતિ દર ૩૩.૯% રહેશે નિરક્ષર લોકોની વસ્તી માં ઘટાડો થશે જેના કારણે મહિલા જન્મ દર વર્ષે અને દેશની વસ્તી ૨૦૩૬સુધીમાં ૧૫૨.૨ કરોડ પહોંચશે.

## અર્થતંત્ર ટનાટન...

છે. રિટેલ મોંઘવારી દરમાં નરમાઈ બાદ વ્યાજદરમાં ઘટાડા અંગેનો નિર્ણય આરબીઆઈની આગામી પોલિસી બેઠકમાં લેવામાં આવી શકે છે. પોલિસી વ્યાજ દરોમાં ફેરફાર કરતી વખતે, સેન્ટ્રલ બેંક ચોક્કસપણે રિટેલ ફુગાવાના દરને ધ્યાનમાં રાખે છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે જુલાઈમાં છૂટક મોંઘવારી દરમાં ઘટાડો એ સકારાત્મક સંકેત છે. પરંતુ, ફુગાવો સંપૂર્ણપણે કાબૂમાં છે તે કહેવું ઘણું વહેલું છે.

## ઔદ્યોગિક ઉત્પાદન...

પાવર સેક્ટરનો ગ્રોથ ૮.૬ ટકા હતો. આ સાથે જ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલ-જૂન સમયગાળામાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ૫.૨ ટકા રહ્યો હતો. જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૪.૭ ટકા કરતાં વધુ છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંકના સ્કેલ પર દેશની આર્થિક પ્રવૃત્તિઓના વિવિધ ક્ષેત્રોની કામગીરીને માપતો માસિક ડેટા પ્રકાશિત કરે છે.

(ત્રીજા પાનાનું ચાલું)

## સ્ટેન્ડીંગ...

બહાલી આપવામાં આવી છે. હવે દર મહિને ૧૫૧ સ્માર્ટ સોસાયટીઓને સફાઈ ગ્રાન્ટ પેટે પ્રતિ ચોરસ મીટર રૂ.૩ની ચુકવણી કરવામાં આવશે. જેનો દર મહિને રૂ.૨૫,૨૦,૮૩૪નો ખર્ચ થશે. જ્યારે વાર્ષિક ખર્ચ રૂ.૩૦૨,૫૦,૦૦૮નું થશે. આ ગ્રાન્ટ બમણી કરવામાં આવતા હવે સફાઈ કામગીરીને વધુ વેગ પ્રાપ્ત થશે. તેઓ વિશ્વાસ પણ ચેરમેને વ્યક્ત કર્યો હતો.

આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સાતમા પગાર પંચ મુજબ લેવલ-૯માં (વર્ગ-૨)માં ફરજ બજાવતા અધિકારીઓને સળંગ નોકરીના ૧૨ વર્ષ બાદ લેવલ-૧૧ મુજબ પગાર ધોરણ સુધારણાનો લાભ આપવાની દરખાસ્ત વધુ એક વખત પેન્ડિંગ રાખવામાં આવી હતી. અન્ય ૫૬ પૈકી ગુલાબનગર કોમ્યુનિટી હોલનું સંચાલન દત્તક યોજના હેઠળ રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનને બે વર્ષ માટે સોંપવાની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે. જ્યારે પોપટપરા સાર્વજનિક સ્મશાન ગૃહના સંચાલન માટે સામાજીક સંસ્થાને હાલ ચુકવાતી ગ્રાન્ટમાં વધારો કરવાની, બાંધકામ માટે મંજૂરી માટે વસૂલાતી બેઝ એફએસઆઈ ઉપર વધારાની એફએસઆઈની રકમ અને ટીપી સ્કિમ અંતર્ગત ઈન્ક્રીમેન્ટલ ચાર્જીસની રકમ વસૂલવાની નીતી નક્કી કરવાની દરખાસ્ત પણ બહાલ કરવામાં આવી હતી.

વોર્ડ નં.૧૮ની નવી સોસાયટીઓમાં ડ્રેનેજ લાઈન નાંખવા રૂ.૨.૫૩ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે. જ્યારે વોર્ડ નં.૭માં શિક્ષણ સમિતિની ઓફિસમાં આવેલા હોલને તોડી પાડવાની પણ મંજૂરી આપવામાં આવી છે. મોટા મવા સ્મશાન પાસેના જૂના બ્રિજના રિપેરીંગ માટે રૂ.૮૨.૭૧ લાખનો ખર્ચો મંજૂર કરાયો છે.

## ડે.મેયર...

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગમાં મંજુર કરવામાં આવેલ છે. આ કામો મંજુર કરવા બદલ ડેપ્યુટી મેયર તથા વોર્ડ નં.૦૩ના કોર્પોરેટર નરેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટર બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી અને અલ્પાબેન દવે દ્વારા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર તથા સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોનો આભાર વ્યકત કરેલ છે.

## ઈલેક્ટ્રીક બસમાં...

કમિટી મિટીંગ રાજકોટ મહાનગરપાલિકાના કોન્ફરન્સ હોલને બદલે સ્માર્ટ સિટી વિસ્તાર, નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે આવેલ નવું નજરાણું ''અટલ સરોવર'' ખાતે રાખવામાં આવી હતી.

## કોમ્યુનીટી સેન્ટર...

વર્ષ માટે સંચાલન સોંપવા માટે દરખાસ્ત આવી હતી. દરમિયાન તપાસ કરતા એવું માલૂમ પડ્યું હતું કે રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા કોર્પોરેશનના ગુલાબનગર કોમ્યુનિટી સેન્ટર મફતમાં મેળવી ત્યાં તાલીમ વર્ગ ચલાવવામાં આવે છે. જેનો કોમર્શિયલ ઉપયોગ કરાઈ છે અને શિવણ, બ્યૂટીપાર્લર, મહેંદી અને નેઈલ આર્ટ જેવા તાલીમ વર્ગોની પ્રતિ માસ ૧૦૦૦ રૂપિયા જેટલી ફી વસૂલ કરવામાં આવે છે. આ બાબતને ધ્યાનમાં રાખી ગુલાબનગર કોમ્યુનિટી સેન્ટરનું સંચાલન વધુ બે માસ માટે રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનને સોંપવાની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી છે. સાથોસાથ અધિકારીઓને એવી પણ તાકીદ કરાઈ છે કે તાત્કાલીક અસરથી સંસ્થા પાસેથી કોમ્યુનિટી સેન્ટરનો કબ્જો લઈ આગામી દિવસોમાં કોર્પોરેશન દ્વારા આ વિશાળ જગ્યાનો લોક સુખાકારી માટે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનો સર્વે કરવાની સૂચના આપી દેવામાં આવી છે.

## લોકદરબાર...

ચેરમેનનો ઉધડો લીધો હતો. લોક રોષ જોઈને વિજીલન્સ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વોર્ડના લોકોએ એવો બળાપો ઠાલવ્યો હતો કે છેલ્લા ૧૦ વર્ષથી વોર્ડમાં રોડ બનાવવામાં આવ્યા નથી. દર વર્ષે ચોમાસાની સિઝન પછી રોડ બની જશે. તેવી ખાતરી આપવામાં આવે છે. પરંતુ કોઈ જ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી. વોર્ડ નં.૧૮ની અનેક સોસાયટીઓમાં કોમન પ્લોટ પર ગેરકાયદે કોમર્શિયલ દબાણો ખડકાઈ ગયા હોવાની પણ ફરિયાદો ઉઠી હતી. દરમિયાન પદાધિકારીઓએ લોક દરબારમાં હાજર તમામ સંબંધિત અધિકારીઓને વોર્ડમાં ખડકાયેલ ગેરકાયદે દબાણો દૂર કરવા માટે કડક ભાષામાં તાકીદ કરી હતી. એક તબક્કે મામલો ગરમા-ગરમી સુધી પહોંચી ગયો હતો. પદાધિકારીઓ અને અરજદારો વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. જેના કારણે આજી ડેમ પોલીસને બોલાવવાની પણ ફરજ પડી હતી. અપેક્ષીત રીતે જ આજનો વોર્ડ નં.૧૮નો લોક દરબાર તોફાની બની ગયો હતો. તમામ ૧૮ વોર્ડમાં લોક દરબાર પૂરા થઈ ગયા છે. હવે ફરિયાદોના નિકાલની જવાબદારી કોર્પોરેશન કેટલા દિવસમાં નિભાવે છે તે જોવાનું રહેશે.

વોર્ડ નં.૧૮ના નાગરિકો દ્વારા કનૈયા ચોક વિસ્તારમાં કાયમી પાણી ભરાયેલું રહે છે, રોડ-રસ્તા બનાવવા અને રસ્તા પરનું દબાણ દુર કરવા બાબત, સોલવન્ટ વિસ્તારમાં ગેસ કનેક્શનની લાઈન નખાવી આપવા બાબત,સોલવન્ટથી કોઠારીયા ગામ સુધીના રોડનું કામ સત્વરે પૂર્ણ કરવા બાબત,સદભાવના સોસાયટીમાં અવર-જવર માટે રસ્તો ખુલ્લો કરવા બાબત અને વરસાદી પાણીના નિકાલ માટે, દબાણ દૂર કરવા બાબત, જે. કે. પાર્કના કોમન પ્લોટમાં દબાણ દૂર કરવા બાબત,સ્ટોર્મ વોટર લાઈનમાં ડ્રેનેજ લાઈનનું કનેક્શન આપેલ છે જે બંધ કરાવવું, કોઠારીયા વિસ્તારમાં ૪૦', ૮૦', ૧૦૦'ના રોડ પર સીસીટીવી ફિટ કરવા બાબત, કોઠારીયા વિસ્તારમાં નવી આંગણવાડી બનાવવા બાબત, કોઠારીયા વિસ્તારમાં પાણી વિતરણ સિસ્ટમ ચેકીંગ કરવા બાબત, વોર્ડ નં.૧૮માં રેસિડેન્ટ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતા કલાસીસ સામે સઘન ચકાસણી કરવા બાબત, વોર્ડ નં.૧૮માં મેઈન રોડ, શેરીઓમાં રોડ, રસ્તા બનાવવા બાબત, મેઈન રોડ પરનું દબાણ દૂર કરવા બાબત, સોસાયટીમાં રસ્તા બંધ કરેલ, સોસાયટીમાં દબાણ દૂર કરવા બાબત, સોસાયટીમાં રાખેલ છાપરાનું દબાણ દૂર કરવા બાબતવગેરે મુખ્ય બાબતોના પ્રશ્નો અને રજુઆતો રજુ કરાય હતી.

## એસઓજી...

પ્રાઈમરી સ્કૂલ, શુભમ વિદ્યાલય, સત્યપ્રકાશ સ્કૂલ, ગ્લોબલ સ્કૂલ, મુરલીધર સ્કૂલ, ચાણક્ય સ્કૂલ, નવયુગ સ્કૂલ જેવી વગેરે શાળાઓ ખાતે વિદ્યાર્થીઓને નશા મુકિત સેમિનાર અન્વયે નશાના વિવિધ પ્રકાર, નશાના કારણે વ્યક્તિ, પરિવાર અને સમાજ પર થતી અસરો તથા સમાજમાં વધતી ગુનાખોરી સહિતની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને નશા મુક્તિ સંબંધે શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

નશામુકત ભારત અભિયાન અંતર્ગત રાજકોટ શહેર એસઓજી શાખા દ્વારા ધ સિગરેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ એટલે કે કોપ્ટા એક્ટ હેઠળ અસરકારક કામગીરી કરવા શહેરના વિસ્તારમાં આવેલા પાનના ગલ્લા અને દુકાનો ખાતે ચેકિંગ કરી કોપ્ટા એક્ટ હેઠળ કુલ ૧૨૬ જેટલા કેસો કરવામાં આવ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

## રકત તુલા

### અદાણી ફાઉન્ડેશન

પર્યાવરણ જાગૃતિ માટે ૭૦ ઉત્થાન શાળાઓના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓમાં ઈકો-કલબ પ્રવૃતિઓ પણ શરૂ કરવામાં આવી છે.

શ્રી અન્ન ફૂડ ફેસ્ટિવલ અંતર્ગત આયોજીત વર્કશોપમાં મહિલાઓ સાથે મિલેટના મહત્વ વિશે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ સાથે અદાણી ફાઉન્ડેશન દ્વારા પરિવર્તનના પ્રવાસની સમીક્ષા માટે બેઠક યોજી વધુ પ્રભાવશાળી પરિણામો મેળવવા નવા લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા હતા.

અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વરના ૨૮ પૂર્વ વિદ્યાર્થીઓને અદાણી ગ્રૂપમાં રક્ષિતભાઈ શાહની ઉપસ્થિતીમાં રોજગારી માટેના ઓફર લેટર આપવામાં આવ્યા હતા. તો લૂણી સ્થિત જખઉં સ્કૂલમાં ૩૪ માછીમાર પરિવારો સહિત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચતર શિક્ષણ માટે સ્કોલરશિપ આપવામાં આવી હતી.

નખત્રાણાના રસલિયા ગામમાં મલ્ટી સ્પેશિયલિટી હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગાયનેક, બાળરોગ અને આંખોના નિષ્ણાતો દ્વારા તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. મુખ્ય મહેમાન કચ્છના ઉંઇધ ડો. આર.આર.ફૂલમાલિએ મેડિકલ સહાય અને આરોગ્ય સેવાઓ માટે ઉપલબ્ધ સરકારી યોજનાઓની માહિતી આપી હતી.

અબડાસા અને લખપત તાલુકામાં પ્રોજેક્ટ ઉત્થાન અંતર્ગત બે હાઈસ્કૂલોમાં ત્રણ ઉત્થાન સહાયકોની નિમણૂંક કરવામાં આવી અને ત્રણ ગામોમાં અદાણી ઈવનીંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાલવાટિકા અને ધોરણ-૧ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી.

છેલ્લા ૨૮ વર્ષથી અદાણી ફાઉન્ડેશન શિક્ષણ, આરોગ્ય, સાતત્યપૂર્ણ આજીવિકા ઉપાર્જન, જળસંગ્રહ તથા જૈવવિવિધતાના ક્ષેત્રે અનોખુ યોગદાન આપી રહ્યુ છે. ૧૧ ઓગસ્ટે સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃતિઓ દ્વારા કચ્છના આ સમાહને યાદગાર બનાવવામાં આવ્યો હતો.

## ગ્રેટર ચેમ્બરના

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડની વેપાર ઉદ્યોગમાં જરૂરીયાત અને તેને મેળવવા માટે શું કરવું તેની માહિતી પ્રદાન કરેલ હતી. કાર્યક્રમના અતિથી વિશેષ તરીકે હાજર રહેલ જાણીતા ઉદ્યોગપતિ અમૃતલાલ ભારદીયા - રવિ ટેકનોફોર્જ લી. ના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર દ્વારા પોતાના ઉદ્યોગના સંઘર્ષગાથા રજુ કરતા પુસ્તક વિશે સૌને જણાવીને વેપાર ધંધાના ઉતારચડાવ વિશે પોતાની રસપ્રદ શૈલીમાં રજુઆત કરીને સૌને અચંબીત અને મંત્રમુગ્ધ કરી દીધેલ હતા. સૌથી અંતમાં આયુશી જૈન, લીગલ એક્ઝીક્યુટીવ દ્વારા એમએસએમઈ વેપારીઓને પોતાના વેપારમાં અટવાયેલા બાકી લેણા ગુજરાત રાજ્યની સમાધાન યોજના હેઠળ કેવી રીતે પરત મેળવવા તેની વિસ્તૃત સમજ આપેલ હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન, અતિથી વિશેષ તથા મંચસ્થ મહાનુભાવોને ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા મોમેન્ટો આપીને સન્માનીત કરવામાં આવેલ હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મયુરભાઈ શાહ તથા હેમલભાઈ કામદાર દ્વારા કરવામાં આવેલ હતું. તથા ચેમ્બરના પદાધિકારીઓ ચેરમેન ધનસુખભાઈ વોરા, વાઈસ ચેરમેન કાંતીભાઈ જાવીયા, પ્રમુખ રાજીવભાઈ દોશી, ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બ્રાંભોલીયા, ઉપપ્રમુખ રમેશભાઈ ઝાલાવડીયા, ઉપપ્રમુખ ઉપેનભાઈ મોદી, મંત્રી મયુરભાઈ શાહ, સહમંત્રી સુનીલભાઈ ચોલેરા, સહમંત્રી જગદીશભાઈ સોની, સહમંત્રી અંકીતભાઈ કાકડીયા, કોષાધ્યક્ષ અજીતસિંહ જાડેજા, સહકોષાધ્યક્ષ હેમલ કામદાર અને કારોબારી સભ્યો માંહેથી અમીતભાઈ અકબરી, હર્ષદભાઈ ખુંટ, નરેન્દ્રભાઈ મહેતા, જીતુભાઈ કુદનાણી, કુશાંગભાઈ દોશી, પિયુષભાઈ દોશી, પ્રાગજીભાઈ પરસાણા, પ્રકાશભાઈ કલોલા, રાજેન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ મહેતા, તપન વોરા અને પ્રવિણસિંહ ચુડાસમાએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## વી.વી.પી.

# બાલાજી ઈ- એન.ટી. ક્લિનિક દ્વારા જરૂરીયાતમંદ દર્દીને નિઃશુલ્ક શ્રવણ યંત્ર આપશે

**અબતક, રાજકોટ**

કાન, નાક, ગળાની તપાસ તથા સાંભળવાની તકલીફ ધરાવતા લોકોને બહેરાશની તપાસ તથા ગરીબ જરુરીયાત મંદ દર્દીને તદ્દન નિઃશુલ્ક શ્રવણ યંત્રનું બાલાજી ઈ.એન.ટી. કિલનીક માં ડો. વૈભવ હાપલિયા દ્વારા તા. ૧૮-૮-૨૪ રવિવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી બાલાજી ઈ.એન.ટી. કિલનીક સન્માન હોસ્પિટલ સૂર્યમુખિ હનુમાન મંદિરની બાજુમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રવણયંત્રના મુખ્યદાતા તરીકે પ્રશાંત કાસ્ટિંગ ઈન્ડસ્ટ્રીના માલીક શંભુભાઈ પરસાણા તરફથી સેવા આપશે.આવનાર દર્દીઓએ કેમ્પ પહેલા પોતાનું નામ મો. નં. ૯૦૯૦૫ ૨૭૦૨૭ પર સંપર્ક કરવો.

# લોધિકા પંથકની સગીરા ને ગર્ભવતી બનાવનાર શખ્સને ૨૦ વર્ષની કેદ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

લોધીકા તાલુકામાં મેટોડા જી.આઈ.ડી.સીમાં રહેતા ફરીયાદીની ભોગબનનાર દિકરીને આ કામનો આરોપી ડીકેસકુમાર હોરીન જે તે સમયે મેટોડા જી.આઈ.ડી.સીમાં રહેતો હતો. સગીરાના ઘરે બનાવના દીવસે રાત્રે સગીરાની માતા તથા કુટુંબી જનો બહારગામ ગયેલ હોય અને આરોપી ડીકેસકુમારે સગીરા ભોગબનનારનો એકલતાનો લાભ લઈ બળજબરી પુર્વક શરીર સંબંધ બાંધેલ અને બનાવની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ. ત્યારબાદ સગીરીએ કોઈને જાણ કરેલ નહી અને સગીરાનું પેટ મોટું થતા સગીરાની માતા ભોગબનનાર દીકરીને દવાખાને લઈ ગયેલ અને ડોક્ટર સાહેબ સગીરા ભોગબનનાર ગર્ભવતી હોવાનું જણાવેલ.જેથી સગીરાની માતાએ આરોપી ડીકેસ શિવકુમાર હોરીન સામે લોધીકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. આ ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર પોલીસ અધિકારી એન.જી.ગોસાઈ એ આરોપી ડીકેસકુમાર હોરીનની ધરપકડ કરેલ અને ધરપકડ કર્યા બાદ પોકસો અદાલતમાં ચાર્જશીટ થયેલ અને સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા દ્વારા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ થયેલ અને નામ. કોર્ટમાં ભોગબનનાર સગીરાની જુબાની તથા દસ્તાવેજી પુરાવા તેમજ માતા પિતાની જુબાની તથા સરકારી વકીલ ધનશ્યામ ડોબરીયાની દલીલો ધ્યાને રાખી ગોંડલના સેશન્સ જજ એમ.એ.ભટ્ટી ૨૦ વર્ષ કેદની સજા ફરમાવેલ છે.આ કામમાં સરકાર તરફે સરાકારી વકીલ ઘનશ્યામ કે.ડોબરીયા રોકાયેલ હતા.

વિભાગમાં પલક હર્ષીલભાઈ દોશી ને પણ સર્ટિફિકેટ તથા બુક દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. શાહીલભાઈ યાજ્ઞિક, વી.વી.પી.ના વિદ્યાર્થીઓ આયુષ તથા હેમંગે કરેલ હતું. ટ્રસ્ટી , આચાર્ય તથા વિભાગીય વડાઓ દ્વારા વિજેતાઓને સન્માનિત કરાયાં હતા.

કાર્યક્રમની સફળતા માટે ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ, હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા તથા ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવિનભાઈ શેઠે શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય ડો. પીયુષભાઈ વણઝારાના સીધા માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરીયન ડો. તેજસભાઈ શાહ તથા લાઈબ્રેરીના કર્મચારીઓ કલ્પેશભાઈ છાયા, ધવલભાઈ જોષી, હિતેશભાઈ ત્રિવેદી, કેતનભાઈ પરમાર, દર્શનભાઈ દવે તથા સંસ્થાના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓનો સહયોગ રહ્યો હતો.

(૧૧માં પાનાનું ચાલુ)

## ડો. સ્નેહા પંડયા

૨૦૨૪ના કોઓડીનેટર ડો. પિયુષ સોલંકી તેમજ ડો. ડેવિટ ધ્રુવ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ચિંતન પંચાસરા નિસર્ગ રાવલ પાયલ જોશી હેમાંગી ઓઝા હેમતત્રી ત્રિવેદી સંગીતા ચાવડા મેહુલ પરમાર મયુર પરમાર વિગેરે જહેમત ઉઠાવેલ હતી.

## નયારા એનર્જીએ ઈનોવેટિવ

પુનઃસ્થાપિત કરવા માટે થર્મલ ઓક્સિડેશનમાંથી પસાર થાય છે, જે આ પ્રક્રિયાને ટકાઉ અને કિફાયતી બનાવે છે.

નયારા એનર્જીના રિફાઈનરી હેડ અમર કુમારે જણાવ્યું હતું કે આ પેટન્ટ નયારા એનર્જી માટે એક મહત્વના સીમાચિહ્નરૂપ છે કારણ કે તે નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે જે પ્રોડક્ટની ગુણવત્તા તો વધારે જ છે, સાથેસાથે ઉદ્યોગમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરે છે.

વર્ષોથી નયારા એનર્જી એક અગ્રણી ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની તરીકે ઉભરી આવી છે, જેણે ભારતની ઊર્જા સુરક્ષામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને ભારતની ઊર્જા ક્ષેત્રની મુખ્ય કંપની તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## 'ઈવેન્ટ મેનેજમેન્ટ'

એમ્યુઝમેન્ટ પાર્ક માટે બનાવવામાં આવેલી નવી એસઓપીના કારણે રાઈડ્સના ધંધાર્થીઓએ નિયમ હળવા કરવાની માંગણી કરવામાં આવી હતી.સરકારી તંત્રએ રાઈડ્સ સંચાલકોની માગણી ફગાવી દેતા મડાગાંઠ સર્જાઈ હતી. એક તબક્કે મેળો રાઈડ્સ વગરનો થાય તેવી સ્થિતિનું નિમાર્ણ થયું હતું. બાદમાં તંત્રએ વચલા રસ્તા તરીકે શહેરના ચાર ખાનગી સંચાલકો સાથે વાટાઘાટ કરી મેળામાં ભાગ લેવા આંમત્રણ આપ્યું હતું. જે હરાજીમાં જૂના વેપારીઓ આવ્યા હતા. પરંતુ તેઓએ બોલી નહી લગાવતા અંતે તમામ ૩૧ પ્લોટની તંત્ર દ્વારા ૧.૧૬ કરોડની અપસેટ કિંમત નક્કિ કરવામાં આવી હતી. તેમાં ચાર વેપારી વચ્ચે બોલી લાગી હતી અને રાજકોટના એક ખાનગી મેળા સંચાલક વેપારીએ ૧.૨૭ કરોડમાં તમામ પ્લોટ ખરીદી લીધા હતા.

ગત વખતે મેળામાં રાઈડ્સના કુલ ૪૪ પ્લોટ હતા. તેમાં હરાજીથી કુલ ૧.૪૨ કરોડમાં પ્લોટ વહેચાયા હતા. આ વખતે પ્લોટનો ઘટાડો કરવામાં આવ્યા બાદ પણ માત્ર ૩૧ પ્લોટ ૧.૨૭ કરોડમાં વહેચાતા તંત્રને ગત વખત કરતા આ વખતે રેકોર્ડ બ્રેક આવક થઈ હતી.

## બુસ્ટર ડોઝ

એવા આ લોકમેળાને માણવા માટે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના લોકોમાં જબરો ઉત્સાહ છવાયેલ હોય લોકમેળાની રંગત લેવા માટે લોકોનો અવિરત પ્રવાહ રેસકોર્ષ ગ્રાઉન્ડ તરફ વહે છે. લોકમેળામાં ચકરડી, ફજેતફાળકા ટોરા ટોરા, મોતનો કુવો, ઝૂલા સહિતની અવનવી રાઈડસની મજા લોકો લ્યે છે. આ ઉપરાંત મેળામાં વિવિધ સ્ટોલો ઉપરથી કટલેરી, ઈમીટેશન જવેલરી, રમકડા, લેધર આઈટમો સહિતની વસ્તુઓની ધૂમ ખરીદી લોકો કરે છે અને મેળામાં આઈસ્ક્રીમ અને ખાણી-પીણીની લીજજત પણ લોકો માણે છે.

## નડિયાદ

રાજ્ય સરકાર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિતે રાજયભરમાં અબજો રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે.

આ ઉપરાંત રાજયકક્ષાના મંત્રી ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી વડોદરા ખાતે, જગદીશભાઈ વિશ્વકર્મા વલસાડ ખાતે, પુરૂષોત્તમભાઈ સોલંકી ભાવનગર ખાતે, બચુભાઈ ખાબડ દાહોદ ખાતે, મુકેશભાઈ પટેલ તાપી ખાતે, પ્રફુલ્લભાઈ પાનસેુરિયા ડાંગ ખાતે, ભીખુસિંહ પરમાર દેવભુમિ દ્વારકા ખાતે અને કુંવબજીભાઈ હળપતિ નવસારી ખાતે ધ્વજ વંદન સમારોહમાં સમાલ થશે.

જ્યારે આણંદ, પોરબંદર, છોટા ઉદેપુર, રાજકોટ, અરવલ્લી, પાટણ, જામનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, મહિસાગર, ગાંધીનગર, નર્મદા, અને ભરૂચ ખાતે સંબંધિત જિલ્લા કલેકટર ધ્વજવંદન કરાવશે.

## રાજય સરકારના કર્મચારી

કરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના વ્યાપક હિતમાં આ સંદર્ભમાં ઉદાર વલણ અપનાવીને એલ.ટી.સી. બ્લોક-૨૦૨૦-૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત દરમ્યાન આ નિર્ણયનો લાભ મળશે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં નાણા વિભાગ દ્વારા આ અંગેના ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવશે.

## તિરંગા યાત્રાનું સમાપન

વિધાનસભાના મુખ્ય દંડક બાલુભાઈ શુકલાની ઉપસ્થિતિમાં શાનદાર કાર્યક્રમો સાથે તિરંગા યાત્રા યોજાઈ હતી. આજે તિરંગા યાત્રાના સમાપનમાં અમદાવાદ શહેરમાં કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો સાથે થશે. રાજ્યના ચાર મહાનગરો ઉપરાંત નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. હર ઘર તિરંગા અભિયાનને પણ રાજ્યભરમાં અભૂતપૂર્વ જન સમર્થન મળી રહ્યું છે.

# દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ઔદિચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ, રાજકોટ (મુળ ગામ પાચિયાવદર) જીતેન્દ્રભાઈ નાથાલાલ ઠાકર (ઉ.વ.૬૬) તે મૃદવભાઈ, પ્રિયદર્શનીબેન ભાર્ગવકુમાર મહેતા (કેનેડા), ધ્રુવિકાબેન મૌલિકકુમાર પંડયા (સુરત)ના પિતા, નીતાબેન લાભશંકર જોશીના પતિ, માનસીબેન શૈલેષભાઈ ઓઝાના સસરા, સ્વ. હંસાબેન અ. ઠાકર (રાજકોટ), સ્વ. રેખાબેન અ. દવે (રાજકોટ), રશ્મિબેન જ. પંડયા (રાજકોટ), લતાબેન જ. દવે (રાજકોટ)ના ભાઈ, રમેશભાઈ જોશી (ભુજ), સ્વ. અનિલભાઈ જોશીના બનેવીનું તા.૧૧ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન જગજીવન રામ સિનીયર રેલવે ઈન્સ્ટિટયુટ, કોઠી કમ્પાઉન્ડ રેલવે કોલોની, ઓફીસર કલબ સામે જંકશન મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ગં.સ્વ. હસુમતિબેન પ્રમોદરાય જાની તે કોટડા સાંગાણી નિવાસી બાલકૃષ્ણ આચાર્યના પુત્રી, નિતેષભાઈ, ધર્મેશભાઈના માતા, જીતેન્દ્રભાઈ જાનીના ભાભીનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને ગુરુવારના રોજ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર માસ્તર સોસાયટીમાં સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.

**રાજકોટઃ** ગોમટા નિવાસી સ્વ. હસમુખભાઈ બાબુભાઈ હાંસલીયા તે રમેશભાઈના ભાઈ, પરીદ (લાલો) રમેશભાઈના કાકા, ભાવિક ચુનીભાઈ પરવાડીયા, વિવેક દિપકભાઈ ભાલોડીયાના સસરાનું તા. ૧૨ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને ગુરૂવારે સવારે ૮ થી ૧૦ કડવા પટેલ સમાજ, ગોમટા ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

અનિલ મારૂ હાય...હાયના સુત્રોચ્ચાર

# કોંગ્રેસે લાંચીયા સીએફઓની ઓફિસમાં ગંગાજળનો કર્યો છંટકાવ: પદાધિકારીઓના રાજીનામા માંગ્યા

## કોર્પોરેશનમાં ભ્રષ્ટાચારનું ટર્ન ઓવર કરોડો રૂપિયા, આર્કિટેક્ટસ અને સિવિલ એન્જિનિંયર જ મોટા દલાલ-વચેટીયા: અતુલ રાજાણી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખામાં ચાલતો બેફામ ભ્રષ્ટાચાર બંધ કરાવવા માટે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી સહિતના હોદેદારોની માંગણી છે. આરએમસી હવે જાણે રાજકોટ કરપ્શન કોર્પોરેશન બની ગયુ હોય તે હદે પ્રતિષ્ઠા ખરડાઈ ગઈ છે. લોકો હવે કોર્પોરેશનમાં પૈસા આપ્યા વિના કામ થશે નહીં તેવું માનવા લાગ્યા છે. કોંગ્રેસ દ્વારા આજે ચીફ ફાયર ઓફિસરની ચેમ્બરમાં ગંગાજળનો છંટકાવ કર્યો હતો અને લાંચની જવાબદારી સ્વિકારી પદાધિકારીઓએ રાજીનામા આપી દેવા જોઈએ તેવી પણ માંગ કરી છે.



મ્યુનિસિપલ કમિશનર તરીકે ડી.પી.દેસાઈએ ચાર્જ સંભાળ્યા બાદ પણ શહેર કોંગ્રેસ સમિતિએ વિસ્તૃત આવેદનપત્ર પાઠવી તેમને જાણ કરી હતી. ફાયર એનઓસી આપવા માટે ફાયર બ્રિગેડના અધિકારીઓ લાખો રૂપિયા લાંચ પેટે વસુલી રહ્યા છે અને ભ્રષ્ટાચારનું વાર્ષિક ટર્નઓવર કરોડો રૂપિયામાં પહોંચ્યું છે છતાં કોઈપણ પગલા લેવાયા નથી. અગ્નિકાંડની દુર્ઘટના, સાગઠીયા કાંડ, અલ્પના મિત્રા ફાઈલ કાંડ સહિતની ઘટનાઓની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ગઈકાલે હજુ તો દોઢ મહિના પૂર્વ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે નવનિયુક્ત અનિલ બી. મારૂ રૂા.૧.૮૦ લાખની લાંચ લેતા પોતાની કચેરીમાં જ ઝડપાઈ ગયાની ઘટના બનતા તંત્રની પ્રતિષ્ઠાનું વસ્ત્રાહરણ થઈ ગયું છે. ફાયર બ્રિગેડનો સ્ટાફ આટલો બેફામ ભ્રષ્ટાચાર કરે છે તો તેમના ઉપરી એવા આસી. કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર વિગેરે કેમ તેઓને નિયંત્રીત કરી શકતા નથી? તેનો ખુલાસો કરશો. વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને બિલ્ડર્સ અને ડેવલપર્સ વિગેરેએ હાલ સુધીમાં ફાયર બ્રિગેડને કરોડો રૂપિયા લાંચ-રૂશ્વત પેટે આપ્યા છે અને ફાયર બ્રિગેડે આર્કિટેકટસ, કન્સલ્ટીંગ સિવિલ એન્જીનીયર્સ મારફતે આ લાંચ સ્વીકારવાનો ધંધો વર્ષો સુધી કર્યો છે. એક પછી એક કલાસ વન અધિકારીઓ લાખો રૂપિયાની લાંચ લેતા ઝડપાઈ રહ્યા છે. ત્યારે મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ ચેરમને સહિતના પદાધિકારીઓ અને ભાજપના તમામ કોર્પોરેટરો નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપે તેવી માંગ કરી હતી અને લાંચીયા અધિકારી ચીફ ફાયર ઓફીસર અનિલ મારૂની ઓફિસમાં ગંગાજળ છાંટી ગૌ મૂત્ર છાંટી શુધ્ધિકરણનો કાર્યક્રમ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ કરાયો હતો.

ભ્રષ્ટ ઓફીસને પવિત્ર બનાવી હતી. મ્યુનિસિપલ કમિશ્નર ડી.પી. દેસાઈને આવેદનપત્ર પાઠવતી વેળાએ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ડો. હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, ધરમ કાંબલિયા, મેઘજીભાઈ રાઠોડ, રાજદિપસિંહ જાડેજા, ગોપાલ અનડકટ સહિતના ઉપસ્થિત રહ્યાં હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૪૪ શિક્ષકો બિનઅધિકૃત રીતે લાંબી રજા પર

## તપાસ દરમિયાન જો એવા શિક્ષકોની વિગતો સામે આવશે કે જેઓ પોતે રજા પર હોય અને અન્ય વ્યક્તિને તેમની જગ્યાએ સ્કૂલમાં મોકલતા હશે તો તેમની સામે કાર્યવાહી કરાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છના ૪૪ જેટલા શિક્ષકો વિદેશમાં હોવાની અને સક્ષમ તંત્રની મંજૂરી લીધા વિના કે બિનઅધિકૃત રીતે રજા ઉપર હોય તેવા ૩૧ શિક્ષકોની વિગત શિક્ષણ વિભાગની તપાસમાં બહાર આવી છે. આવા જે શિક્ષકો છે તેમને કોઇ પણ પગાર આપવામાં આવતો નહીં હોવાનો દાવો રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ કર્યો છે. તે સાથે જેમણે નિયમભંગ કર્યો છે તેમની સામે વિભાગ દ્વારા કાયદેસરના પગલાં લેવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર મામલે કડક તપાસની સૂચના આપી પગલાં લેવા શિક્ષણ વિભાગને સૂચના આપી છે. ગુજરાતમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૫૧ શિક્ષકો ૩ માસ કરતા વધુ સમય સુધી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. જેમાં ૬૦ શિક્ષકો વિદેશ પ્રવાસે ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે બિન અધિકૃત રીતે રજા પર રહેનાર શિક્ષકોની સંખ્યા ૭૦ છે.

પોલીસ કેસના કારણે ૩ જ્યારે માંદગીના કારણે ૧૮ શિક્ષકો ગેરહાજર છે. કચ્છમાં સૌથી વધુ ૧૩ શિક્ષકો બિન અધિકૃત રીતે ગેરહાજર હોવાનું જણાવવામાં આવ્યું છે. જ્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સૌથી વધુ ૧૩ શિક્ષકો વિદેશ પ્રવાસને કારણે ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. આ મામલે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે રાજ્યના જિલ્લામાંથી જે શિક્ષક બિનઅધિકૃત રીતે રજા પર છે અને જે વિદેશ ગયા છે. તમામ શિક્ષકને પગાર ચૂકવાતો નથી. પોતાના સ્થાને અન્ય શિક્ષકને પણ મોકલતા હશે તો કાર્યવાહી થશે. મુખ્યમંત્રીએ તમામ સામે કાર્યવાહી કરવાની સૂચના આપી છે. કોઈપણ લાલિયાવાડી ચલાવી લેવામાં આવશે નહીં. બનાસકાંઠા જિલ્લાના એક શિક્ષક લાંબા સમયથી રજા પર હોવાનું અને વિદેશમાં સ્થાયી થઈ ગયા હોવાનું સામે આવ્યા બાદ શિક્ષણ વિભાગ ચોંકી ઉઠ્યું હતું અને અન્ય જિલ્લામાં પણ આવી લાલિયાવાડી ચાલી રહી છે કે નહીં તેની તપાસના આદેશ આપ્યા હતા.

કચ્છમાં જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસ હાથ ધરતા જિલ્લાની અલગ અલગ શાળામાં ફરજ બજાવતા ૧૧ શિક્ષકો લાંબા સમયથી રજા પર હોવાનું સામે આવ્યું છે. જેમાં ચાર શિક્ષકો તો વિદેશમાં સ્થાયી થયાનું પણ સામે આવ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા લાંબા સમયથી ગેરહાજર રહેલા શિક્ષકોને બીજી નોટિસ પણ ફટકારવામાં આવી છે. આગામી દિવસમાં ત્રીજી નોટિસ ફટકાર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# નેશનલ ફ્રેમ રેન્કિંગમાં ગુજરાત યુનિવર્સિટી ૯૪માં જયારે આઈઆઈટી ૨૯માં ક્રમે

## રાજયની માત્ર બે સંસ્થા ગુજરાત યુનિવર્સિટી અને આઈઆઈટી-ગાંધીનગરને ટોપ ૧૦૦માં સ્થાન મળ્યું

**અબતક, રાજકોટ**

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમવર્કનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ઓવરઓલ કેટેગરીમાં ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રાજ્યની માત્ર બે સંસ્થા ગુજરાત યુનિવર્સિટી અને આઈઆઈટી-ગાંધીનગરને ટોપ ૧૦૦માં સ્થાન મળ્યું છે. જેમાં આઈઆઈટી ઓલ ઈન્ડિયામાં ગત વર્ષે ૨૪મા ક્રમે હતી, તે ચાલુ વર્ષે ૨૯મા ક્રમે આવી છે અને ગુજરાત યુનિવર્સિટી ગત વર્ષે ૮૫મા ક્રમે આવી હતી, તે ચાલુ વર્ષે ૯૪મા ક્રમે આવી છે. સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી કેટેગરીમાં રાજ્યની એકમાત્ર ગુજરાત યુનિવર્સિટી ૨૯મા ક્રમે આવી છે.

### ડો.બાબાસાહેબ આંબેડકર યુનિ. ત્રીજા ક્રમે આવી

ગુજરાતની એકમાત્ર ઓપન યુનિવર્સિટી ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીને ઓપન યુનિવર્સિટી કેટગરીમાં ત્રીજા ક્રમનું સ્થાન મેળવ્યું છે. કુલપતિ ડો. અમી ઉપાધ્યાયના કાર્યકાળમાં નેકમાં એ ડબલ પ્લસ ઉપરાંત યુજીસીના ૧૨-બી સર્ટિફિકેટ પછી નેશનલ રેન્કિંગમાં પણ ત્રીજા ક્રમે સ્થાન મેળવ્યું છે.

જોકે, ગત વર્ષની જેમ મેનેજમેન્ટ કેટેગરીમાં આઈઆઈએમ-અમદાવાદ દેશમાં પ્રથમ ક્રમે આવી છે. આ સાથે જ અન્ય ચાર મેનેજમેન્ટ સંસ્થાએ પણ ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, યુનિવર્સિટી કેટેગરીમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ ટોપ-૧૦૦માંથી બહાર ફેંકાઈ ગઈ ત્યારે ગુજરાત યુનિવર્સિટી સતત પાંચમા વર્ષે ટોપ ૧૦૦માં સ્થાન જાળવી રાખ્યું છે. ચાલુ વર્ષે યુનિવર્સિટી કેટેગરીમાં ૭૬મા ક્રમે સ્થાન મેળવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીએ ઓવરઓલ કેટેગરીમાં ટોપ ૧૦૦મા ૯૪માં ક્રમે સ્થાન જાળવી રાખ્યું છે.

અગાઉના વર્ષોમાં યુનિવર્સિટી ૪૩મા અને ૫૮મા ક્રમે પહોંચી ગઈ છે. જે ઉત્તરોત્તર પાછળ ધકેલાઈ રહી છે. આ જ રીતે આઈઆઈટી ગાંધીનગર અગાઉ ઓવરઓલ કેટેગરીમાં ૧૦૦માંથી ગત વર્ષે ૨૪મી ક્રમે આવી હતી, તે ચાલુ વર્ષે ૨૯મા ક્રમે ધકેલાઈ છે. આમ, ભૂતકાળમાં ઓવરઓલ કેટેગરીમાં હતી.

# વિદેશી પર્યટકોને દેશી ચસ્કો લાગ્યો

## વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ૯.૧% તેમજ વિદેશી હૂંડિયામણની કમાણીમાં ૨૨.૫ % નો થયો વધારો

**અબતક, નવી દિલ્હી**

આ વર્ષે જાન્યુઆરી અને મે વચ્ચે, ભારતમાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં વિદેશી પ્રવાસીઓના આગમન અને વિદેશી હૂંડિયામણની આવકમાં વૃદ્ધિ જોવા મળી છે. આ વર્ષે ૪૦.૭ લાખ વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી, જે ગયા વર્ષ કરતાં ૯.૧% વધુ છે. તેમજ વિદેશી હૂંડિયામણની કમાણીમાં લગભગ ૨૨.૫% જેટલો વધારો નોંધાયો છે. રોગચાળા પછી પ્રવાસન ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે સરકાર દ્વારા વિશેષ પગલાં લેવાયા છે.



આ વર્ષે જાન્યુઆરીથી મે વચ્ચે, ૪૦.૭ લાખ વિદેશી પ્રવાસીઓએ દેશની મુલાકાત લીધી હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૩૭.૩ લાખ હતી. મતલબ કે ગયા વર્ષની સરખામણીએ ૯.૧% ની વૃદ્ધિ નોંધાય છે. મે સુધીના સમાન સમયગાળા માટે વિદેશી હૂંડિયામણની કમાણી ગયા વર્ષે રૂ. ૮૮,૪૪૧ કરોડની સરખામણીએ આ વર્ષે રૂ. ૧.૧ લાખ કરોડ થઈ હતી, જે લગભગ ૨૨.૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

સાંસદના ચોમાસુ સત્ર દરમિયાન લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં સરકાર દ્વારા ડેટા શેર કરવામાં આવ્યો હતો. સરકારે રોગચાળાની ટોચ પર પર્યટન ક્ષેત્ર પર રોગચાળાની અસર અને પુનઃપ્રાપ્તિ માટે લેવામાં આવેલા પગલાંનું મૂલ્યાંકન કરવા માટેના અભ્યાસના તારણો પણ શેર કર્યા છે.

આ વર્ષના મે મહિનાના આંકડા શેર કરતા, પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે મે, ૨૦૨૩માં ૫.૯ લાખની સરખામણીમાં વિદેશી પ્રવાસીઓનું આગમન ૬ લાખની આસપાસ પહોચ્યું છે, જે ૦.૩% ની વૃદ્ધિનો સંકેત આપે છે. મે ૨૦૨૩માં રૂ. ૧૭,૨૦૬ કરોડની સરખામણીએ આ વર્ષે સમાન સમયગાળા દરમિયાન વિદેશી હુંડિયામણની કમાણી (એફઈઇ) રૂ. ૧૭,૭૬૨ કરોડ થઈ હતી, જેમાં ૩.૨ ટકાની વૃદ્ધિ નોંધાય છે.તેમણે જણાવ્યું હતું કે હાઈલાઈટ કરાયેલ વલણ દેશના સમગ્ર આર્થિક વિકાસ અને પ્રવાસન ક્ષેત્રના વિકાસ પર હકારાત્મક અસર દર્શાવે છે.'' ડેટા એફટીએમાં સતત વધારો મજબૂત અને વિસ્તરી રહેલા પ્રવાસન ઉદ્યોગનું સૂચન કરે છે,'' તેમણે કહ્યું.

મંત્રીએ છેલ્લા ત્રણ વર્ષનો ડેટા પણ શેર કર્યો જે દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં જ્યારે રોગચાળો ફાટી નીકળ્યો હતો ત્યારે ભારતમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા ૧૦.૫ લાખ હતી. જે ૨૦૨૨માં વધીને ૮૫.૯ લાખ થઈ હતી. તેમજ ૨૦૨૩ માટેના કામચલાઉ ડેટા અનુસાર ૧.૯ કરોડથી વધુ વિદેશી મુલાકાતીઓએ ભારતની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત મંત્રીએ પ્રવાસન અને હોસ્પિટાલિટી ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે સરકારે લીધેલા પગલાઓની યાદી આપી હતી. જેમાં પ્રવાસ ઓપરેટરો, ટ્રાવેલ એજન્ટો, પ્રવાસી પરિવહન ઓપરેટરોને સહાય કરવા માટે લોન યોજનાથી લઈને નાગરિકોને ભારતભ્રમણ માટે પ્રોત્સાહિત કરવા 'દેખો અપના દેશ' પહેલ શરૂ કરવામાં આવી હતી.

# ભારતમાં ટૂંક સમયમાં જ વંદે મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે

## અમદાવાદમાં પ્રથમ વંદે મેટ્રો નું આગમન ગાંધીનગર થી લોકાર્પણ કરવાની તૈયારી

**અબતક ,રાજકોટ**

વિશ્વની શ્રેષ્ઠતમ ગણાતી ભારતીય રેલવે હવે ૨૧મી સદીના આધુનિકરણ માં પૂરી રંગાઈ ચૂકી છે અને મુસાફરોને અત્યાધુનિક સુવિધા સભર મુસાફરી માટે કમર કસી છે .રાજાશાહી વખતના કોલસાથી ચાલતા એન્જિન નેરોગેજ અને મીટરગેજની બાબા ગાડી ની જગ્યાએ હવે બ્રોડગેજ અને ઈલેક્ટ્રીક ટ્રેનોના વચ્ચે હવે દેશમાં લક્ઝરી મોટર જેવી મેટ્રો ટ્રેનની સુવિધા નો યુગ શરૂ થઈ ચૂક્યો છે ..અમદાવાદ ખાતે પ્રથમ વંદે ભારત મેટ્રો ટ્રેનનું આગમન થયું હતું આ ટ્રેન નું ગાંધીનગર થી સત્તાવાર રીતે લોકાર્પણ કરવામાં આવશે પ્રથમ વંદે મેટ્રો ટ્રેન ગાંધીનગર અને ભુજ વચ્ચે દોડતી થશે ત્યાર પછી ક્રમશઃ વંદે મેટ્રો ટ્રેન સુરત ગાંધીનગર જામનગર અમદાવાદ સુરત ઈન્ટરસિટી ના રૂપમાં સુરતના રૂટ ઉપર દોડતી થશે આ નવી મેટ્રો ટ્રેન સંપૂર્ણપણે એર કન્ડિશન અને વંદે ભારત એકસપ્રેસ જેવી જ સુવિધાઓ ધરાવતી હશે વંદે ભારત મેટ્રો સંભવિત રીતે સ્વતંત્ર પર્વ પર દોડતી થઈ જશે



રેલ્વે દ્વારા રક્ષાબંધન સ્પેશિયલ ટ્રેન તરીકે બાંદ્રા અમદાવાદ બાંદ્રા સુપરફાસ્ટ રૂટો શરૂ કરવામાં આવશે આ ટ્રેન બાંદ્રા થી બુધવારે ૯:૩૦ વાગે ઉપડશે અને અમદાવાદ સવારે ૦૫:૩૦ વાગે ગુરુવારે પહોંચશે અને આ જ રીતે અમદાવાદથી સવારે ૯:૪૫ વાગે ઉપડશે અને બાંદ્રા સાંજે ૫:૧૫ વાગે પહોંચશે

બી ઈ એમ એલ લિમિટેડ દ્વારા વંદે ભારત ટ્રેનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે પશ્ચિમ રેલવેની જેમ પૂર્વ રેલ્વે એ પણ વંદે ભારત એકસપ્રેસ ટ્રેનોનું શિડયુલ વિશાખાપટનમ અને સિકંદરાબાદ વચ્ચે ગોઠવ્યું છે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન ૨૦૨૮ સુધીમાં દોડતી થઈ જશે અત્યારે સ્વતંત્ર પડવા ની ભેટ રૂપે વંદે મેટ્રો ટ્રેન નો આવિષ્કાર પ્રાપ્ત થશે

# કોલકત્તા: તબીબ બળાત્કાર હત્યા કેસનો આરોપી હિંસક પોર્નનો વિકૃત મનોરોગી

## આરોપી સંજય રોયની અંગત તપાસમાં તે મહિલા વિરોધી મનોરોગી હોવાનું સામે આવ્યું

**અબતક,રાજકોટ**

સમગ્ર દેશમાં હાહાકાર મચાવનારા કલકત્તામાં તબીબ પર બળાત્કાર અને નિરમમ હત્યાના બનાવમાં પોલીસે મુખ્ય આરોપી સંજય રોયની અટકાયત કરી તપાસ હાથ ધરતા સંજય હિંસક પોર્ન નો વિકૃત મનોરોગી હોવાનું બહાર આવ્યું છે તપાસમાં તેની વર્તણૂક અને અંગત તપાસમાં તેના મોબાઈલમાંથી ઈન્સક પોર્ન ના કન્ટેન્ટ વાળા વિડીયો મળી આવ્યા હતા. સંજય રોય હિંસક મનોવૃત્તિ અને પોર્ન નો શોખીન હોવાનું બહાર આવ્યું છે ૩૩ વર્ષનો સંજય ૨૦૧૯ માં



કલકત્તા પોલીસમાં સામાજિક લોક સેવક તરીકે જોડાયો હતો તે ચાર ચાર વખત પરણયો હતો. પોલીસ ના મત મુજબ રોય તેની પત્નીઓને સતત કન્નડતો હતો અને તેમને મારીને વિકૃત આનંદ લેતો હતો રોહિત ત્રીજી વખત બેરકપૂરની એક છોકરી સાથે પરણ્યો હતો પરંતુ તેની સાથે પણ તેને ફાવ્યું ન હતું પોલીસે રોય સામે આઈપીસી કલમ ૬૪ બળાત્કાર ૧૦૩ હત્યા સહિત કલમો સાથે ગુનો નોંધ્યો છે

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ અઠવાડિયામાં થશે?

## અમેરિકાની અખાત પર ચાંપતી નજર; પ્રમુખ જો બાઈડને મધ્ય પૂર્વ તણાવ મુદ્દે બ્રિટન સાથે કરી મસલત, ઈઝરાયેલને એકલું નહીં પડવા દેવાની જાહેરાત

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વ પર ફરી એકવાર યુદ્ધના વાદળા ઘેરાવા લાગ્યા છે, અમેરિકાના પ્રમુખ જોબીડને સોમવારે મધ્ય પૂર્વ ની સ્થિતિ ની સમીક્ષા સાથે ઈરાન ની ઈઝરાયેલ પર હુમલાની ધમકીને લઈને ગંભીર પગલાના નિર્દેશો આપ્યા છે. અમેરિકા પ્રમુખ દ્વારા બ્રિટન જર્મની અને ઈટાલી ના નેતાઓ સાથે ચર્ચા સાથે ઈઝરાયેલ ના બચાવ ની રણનીતિ માટે વિચાર વિમર્શ કર્યો હતો. વ્હાઈટ હાઉસના પ્રવકતાએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ પરના સંભવિત હુમલા ની શક્યતા લઈને અમે પ્રતિકાર માટે તૈયાર છીએ, ઈરાન સંભવિત આ અઠવાડિયામાં જ ઈઝરાયેલ પર ત્રાટકે તેવી સ્થિતિના પગલે ઈઝરાયેલ ના મિત્રો ખાસ કરીને અમેરિકા બ્રિટન અને ફ્રાન્સે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા માટે લલકાર કર્યો છે, અને અમેરિકાએ મધ્ય પૂર્વ તરફ યુદ્ધ જહાજ પણ રવાના કરી દીધું હોવાના અહેવાલો મળી રહ્યા છે સમગ્ર પરિસ્થિતિને જોતા ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે એક અઠવાડિયામાં યુદ્ધના મંડાણ થઈ જાય તેવી સ્થિતિએ સમગ્ર વિશ્વની ચિંતા વધારી દીધી છે.

ઈરાનમાં હમાસ ના કમાન્ડર હાંનીયા હત્યા ના પગલે હ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધની રેખા ખેંચાઈ ગઈ છે. બીજી તરફ તહેવાર ઈરાને અનિયાની હત્યાનો બદલો કોઈપણ સંજોગોમાં લેવાની જાહેરાત કરીને ઈઝરાયેલને ચેતવણી આપી દીધી હતી. બીજી તરફ વ્હાઈટ આવશે ગાજા યુદ્ધ વિરામ ની સ્થિતિને યાદ કરતા જણાવ્યું હતું કે ઈઝરાયેલ પર કોઈ પણ પ્રકારની કાર્યવાહી થશે તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે અમેરિકાએ યુરોપિયન સંઘ ના દેશોને પણ ઈઝરાયેલને મદદરૂપ થવા માટે સ્થિતિ સ્પષ્ટ કરવા નિર્દેશ આપી દીધો છે. અમેરિકાએ આધુનિક શસ્ત્ર ભરેલું જહાજ મધ્ય પૂર્વ આખાત તરફ રવાના કરી દીધું છે ઈરાનના સંભવિત ઈઝરાયેલ પરના હુમલાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ તૈયારીઓ અમેરિકાએ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે અમેરિકાએ ઈઝરાયેલ ની સુરક્ષા માટે અબ્રાહમ લિંકન સ્ટ્રાઈક ગ્રુપ ને સાથે કર્યો હતો. ઈરાનના રાજદ્વારી ધાર્મિક નેતા અને હમાસ ના કમાન્ડર હોવાનું મનાતા ઈસ્માઈલ હાનિયા પર ૩૧ મી જુલાઈએ જીવલેણ હુમલો થયો હતો ત્યારથી ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. આ ઉપરાંત બુલાના સિનિયર કમાન્ડર અવાદ શુક્ર ની હત્યા પણ થઈ હતી ઈઝરાયેલ ના હુમલામાં મારીઆ ગયેલા બંને નેતાઓની હત્યાનો બદલો લેવા ઈરાને ખાંડા ખખડાવવાનું શરૂ કરી દીધું છે.



ઈરાન ઈઝરાઈલ પર સંભવિત એક અઠવાડિયામાં હુમલો કરી શકે તેવો સંદેહખુદ અમેરિકાએ વ્યક્ત કર્યો છે બીજી તરફ અમેરિકાએ ઈઝરાયેલ ઉપરાણું લેતા આખાતમાં વધારે યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ છે ઉપરાંત શુક્રવારે સીરિયામાં પણ ઈઝરાયેલને ડ્રોન હુમલો કર્યો હતો તેની સ્થિતિને લઈને ઈરાન ઈઝરાયેલ પર ગમે ત્યારે ત્રાટકે તેવી પરિસ્થિતિ એ સમગ્ર વિશ્વની ચિંતા વધારી દીધી છે

# મ્યુ.કમિશનરના ઠપકાને નહિ ગણકારનાર સીએફઓ અનિલ મારૂ રૂ. ૧.૮૦ લાખની લાંચ લેતા ઝડપાયા

## ફાયર એનઓસી માટે રૂ. ૩ લાખની કરી'તી માંગણી : બીજો હપ્તો લેતા જામનગર એસીબીએ રંગે હાથ પકડી લીધા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલ મારૂને રૂ. ૧.૮૦ લાખની લાંચ લેતા જામનગર એસીબીએ ઝડપી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે. ફાયર એનઓસી માટે રૂ. ૩ લાખની લાંચ માંગ્યા બાદ રૂ. ૧.૮૦ લાખનો બીજો હપ્તો લેતા એસીબીએ રંગે હાથ ઝડપી લીધા હતા. ઉલ્લેખનીય બાબત છે કે, ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ મનપાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા વિરુદ્ધ ગુનો નોંધાતા બંનેને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ ભુજના ફાયર ઓફિસર અનિલ મારૂને રાજકોટ મનપાના ઈન્ચાર્જ ફાયર ઓફિસર તરીકે મુકવામાં આવ્યા હતા. અત્યંત ઉલ્લેખનીય બાબત છે કે, ત્રણથી ચાર દિવસ પૂર્વે જ મનપા કમિશ્નર દેવાંગ દેસાઈએ મારૂને ઠપકો આપ્યો હતો. સૂત્રો જણાવી રહ્યા છે કે, મ્યુનિસિપલ કમિશ્નરે તમારી ખુબ ફરિયાદો આવે છે, ધ્યાન રાખજો તેમ કહી સુધરી જવા તાકીદ કરી હતી પણ મારૂએ આ ઠપકાને ગણકારી ન હતી અને અંતે લાંચ લેતા ઝડપાયા હતા.



રાજકોટની ટીઆરપી ગેમ ઝોનની ગોઝારી ઘટનામાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. આ અગ્નિકાંડ બાદ ગુજરાતમાં ફાયરની કામગીરી સામે અનેક સવાલો ઊઠ્યા હતા. આમ છતાં ફાયર વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ પોતાનો ભ્રષ્ટાચારનો ધર્મ છોડતા ન હોય એ રીતે એક બાદ એક ભ્રષ્ટ અધિકારીઓ ઝડપાઈ રહ્યા છે. અગ્નિકાંડમાં આઈ. વી. ખેર હાલ જેલમાં છે છતાં બેશરમ ઈન્ચાર્જ ફાયર ઓફિસર અનિલ મારુએ ફાયર એનઓસી આપવા માટે ૩ લાખની લાંચ માગી હતી, જેનો બીજો હપતો ૧.૮૦ લાખ લેવા જતાં ઝડપાયો છે.

રાજકોટ મહાનગરપાલિકાના કલાસ ૧ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર બેચરભાઈ મારુને જામનગર એસીબીએ ૧.૮૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો છે. જામનગર એસીબી પાસેથી મળતી માહિતી મુજબ ફરિયાદી ફાયર સેફ્ટી ફિટિંગનું કામ કરે છે અને તે શહેરમાં એક બિલ્ડિંગમાં પોતે કરેલા ફાયર સેફ્ટીના કામ અંગેનું એનઓસી લેવા ફાયર ઓફિસર પાસે ગયો હતો, જ્યાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અનિલકુમાર મારુએ તેની પાસે એનઓસી આપવા ૩ લાખની લાંચ માગી હતી, જોકે ફરિયાદીએ આ કામ માટે ૧.૨૦ લાખ રૂપિયા આપ્યા હતા અને બાકીના ૧.૮૦ લાખ ચાર-પાંચ દિવસમાં આપવાનું કહ્યું હતું.

જોકે ફરિયાદી લાંચની રકમ આપવા માગતો ન હોવાથી તેણે જામનગર એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદની ફરિયાદ બાદ જામનગર એસીબીએ લાંચિયા અધિકારીને ઝડપી પાડવા છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂપિયા ૧.૮૦ લાખ આપવા કહ્યું હતું. આ દરમિયાન અનિલ મારુએ ફરિયાદી પાસેથી લાંચના ૧.૮૦ લાખ નાણાં સ્વીકારતા જ જામનગર એસીબીએ તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

### ફક્ત ૪૩ દિવસ પૂર્વે જ રાજકોટ ખાતે કરાઈ'તી નિયુક્તિ

અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા પોલીસ તપાસનું એપી સેન્ટર બની ગયું હોય તેમ સતત તપાસના ધમધમાટ વચ્ચે ચીફ ફાયર ઓફિસર અને ડે.ચીફ ફાયર ઓફિસરની ધરપકડ થયા પછી ખાલી પડેલી ચીફ ફાયર ઓફિસરની જગ્યા પર રાજ્ય સરકારે કચ્છ-ભુજના અનિલ મારુની ફક્ત ૪૩ દિવસ પૂર્વે નિમણૂક કરી હતી. તાજેતરમાં મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈએ રાજ્ય સરકાર પાસે ચીફ ફાયર ઓફિસરની ડેપ્યુટેશન પર નિમણૂક કરવા અને સમસ્યા હલ કરવા રજૂઆત કરી હતી, જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ભુજ-કચ્છના અનિલ મારુને રાજકોટના ચીફ ફાયર ઓફિસર તરીકેનો વધારાનો હવાલો અપાયો છે. અનિલ મારુ સૌરાષ્ટ્ર-કચ્છના રીજનલ ફાયર ઓફિસર તરીકે અગાઉ રાજકોટ જિલ્લા સેવા સદનમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે.

### મારૂના ભાઈ-ભાભી પણ અગાઉ લાંચ લેતા ઝડપાયા'તા

અનિલ બેચર મારૂ અગાઉ ભુજમાં ફરજ બજાવતો હતો. અનિલની કામગીરી સતત વિવાદમાં રહી હતી. અનિલ બેચરના ભાભી કંકુબેન ભુજના કુકમા ગામના સરપંચ હતા ત્યારે વર્ષ ૨૦૨૧માં એક ઔદ્યોગિક બાંધકામ માટે આકારણી અને તેની મંજૂરી માટે ઉદ્યોગપતિ પાસેથી રૂ.૪ લાખની લાંચ માગી હતી. ઉદ્યોગપતિએ પણ તે સમયે ભુજ એસીબીને જાણ કરી હતી અને છટકું ગોઠવાયું હતું. અનિલ મારૂના સરપંચ ભાભી કંકુબેન અને અનિલનો મોટો ભાઈ અમૃત મારૂ ભુજમાં ઉદ્યોગપતિ પાસે રૂ.૪ લાખની લાંચ લેવા ગયા હતા અને લાંચની રકમ સ્વીકારતાં જ એસીબીએ દંપતીને ઝડપી લીધું હતું.

### મારૂએ મંજુર કરેલી ૧૩૯ ફાયર એનઓસીની તપાસ કરાશે

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટમાં નિમણુંક થયાં બાદ ૪૩ દિવસના સમયગાળામાં મારૂએ કુલ ૧૩૯ જેટલી ફાયર એનઓસી મંજુર કરી હતી. હવે ફાયર એનઓસી માટે જ લાંચ લેતા ઝડપાયા બાદ હવે મારૂએ મંજુર કરેલી તમામ ફાયર એનઓસીની ફરીવાર તપાસ કરવામાં આવનાર છે.

# પડવલામાં ૧૭ વર્ષીય સગીરે દુષ્કર્મ આચરતા ૧૪ વર્ષની તરૂણી કુંવારી માતા બની

## શાપર પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી સગીરને સકંજામાં લીધો

**અબતક, રાજકોટ**

શાપરના પડવલામાં રહેતી ૧૪ વર્ષની પરપ્રાંતીય તરુણી પર ૧૭ વર્ષના પરપ્રાંતીય સગીરે દુષ્કર્મ આચર્યું હતું. સગીરે આચરેલા દુષ્કર્મથી તરુણી કુંવારી માતા બની હતી. તરુણીએ બાળકીને જન્મ આપ્યો હતો. તે બાળકીની હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. પ્રાપ્ત વિગત અનુસાર પડવલામાં રહેતા ઉત્તર પ્રદેશના વતની પરિવારની ૧૪ વર્ષની પુત્રીને પેટમાં દુખાવો ઉપડતાં પરિવારજનો તેને રાજકોટ હોસ્પિટલે લઈ આવ્યા હતા. તરુણી સગર્ભા હોવાનું અને તેના પેટમાં આઠ માસનો ગર્ભ હોવાનું તબીબી નિદાનમાં ખુલ્યું હતું. તરુણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને તેણે બાળકીને જન્મ આપ્યો હતો.

તરુણી માતા બન્યા અંગેની જાણ કરાતા શાપર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.કે.ગોહિલ સહિતની ટીમ હોસ્પિટલે દોડી આવી હતી અને તરુણી તથા તેના પરિવારજનોની પૂછપરછ કરતાં તરુણી પર પાડોશમાં રહેતા બિહારના વતની ૧૭ વર્ષના સગીરે દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બિહારનો વતની ૧૭ વર્ષનો સગીર પડવલામાં એકલો રહે છે તેના માતા-પિતા બિહારમાં રહે છે. ૧૭ વર્ષનો સગીર પડવલામાં રહી ફેક્ટરીમાં કામ કરે છે. સગીરે પાડોશમાં રહેતા યુપીના વતની પરિવારની ૧૪ વર્ષની પુત્રી પર નજર બગાડી હતી અને તેણે તરુણીને પોતાની જાળમાં ફસાવી અનેક વખત તેની સાથે શરીરસંબંધ બાંધ્યા હતા.

પોતાના સંબંધ અને શારીરિક અત્યાચાર અંગે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી આરોપી ધમકી આપતો હોય તરુણીએ કોઈને જાણ કરી નહોતી. ધમકીથી ગભરાયેલી તરુણીનો ૧૭ વર્ષીય સગીર ગેરલાભ ઉઠાવતો હતો અને તરુણીને વારંવાર શિકાર બનાવતો હતો. તરુણીને પેટમાં દુખાવો ઉપડ્યો ત્યારે તેના પરિવારજનોને કોઈ બીમારીને કારણે તરુણીને પેટમાં દુખતું હશે તેવી શંકા હતી પરંતુ જ્યારે તબીબોએ તરુણી સગર્ભા હોવાનું કહેતા પરિવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. દુષ્કર્મનો ભોગ બનેલી તરુણીએ બાળકીને જન્મ આપ્યો હતો, બાળકીની હાલત ગંભીર હોવાનું તબીબોએ કહ્યું હતું. પોલીસે તરુણી પર દુષ્કર્મ આચરનાર બિહારના વતની ૧૭ વર્ષના સગીર સામે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેને સકંજામાં લીધો હતો. સગીરે પોતે તરુણીને પ્રેમ કરતો હોવાનું રટણ રટ્યું હતું, આ ઘટનાએ પડવલામાં રહેતા પરપ્રાંતીય પરિવારોમાં ભારે ચર્ચા જગાવી હતી.

# કોઠીગામે નશીલા પદાર્થની ખેતી કરવામાં ખેડુતને ૧૦ વર્ષની જેલ


## પ૨૨ કિલો અફીણના ડોડવા સાથે વૃધ્ધને ઝડપી લીધો' તોઃ ૧ લાખનો દંડ

**અબતક, રાજકોટ**

જસદણના કોઠી ગામે પ૨૨ કિલોગ્રામ અફીણના ડોડવાનું વાવેતર કરનાર કનેસરા ગામના ખેડુતની પોલીસે ધરપકડ કરી હતી. જે કેસ ચાલી જતા કોર્ટે કનેસરાના ખેડૂતને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૧,૦૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ એસ.ઓ.જી. શાખાની ટીમ તા.૧પ/૦૨/૨૦૧૯ ના રોજ જસદણ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે કનેસરા ગામના ખેડૂત દેહાભાઈ મનજીભાઈ સાસકીયાએ કોઠી ગામની સીમમાં આવેલ તેઓના ખેતરમાં અફીણનું વાવેતર કર્યું હોવાની બાતમી મળતા એસ.ઓ.જી.ની ટીમે જસદણ તાલુકાના તલાટી મંત્રીને સાથે રાખી પ્રાથમીક ભાગનું પંચનામું કરી દેહાભાઈ મનજીભાઈના ખેતરમાં પંચોની હાજરીમાં રેઈડ કરી હતી. આ રેઈડ દરમ્યાન પ૨૨ કિ.ગ્રા.

અફીણના ડોડવાઓનું વાવેતર મળી આવ્યું હતું. પોલીસે ખેડૂત દેહાભાઈ સાસકિયાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે કેસમાં તપાસ પુર્ણ થતા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતું. જે કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ



દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ પ્રિન્સીપાલ સેશન્સ જજ વી.બી. ગોહિલે આરોપી દેહાભાઈ મનજીભાઈ સાસકીયાને તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ. ૧,૦૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# પરિવારના તાલીબાની ફરમાનથી તરૂણીએ ફિનાઈલ ગટગટાવ્યુ

## બહાર જવા બાબતે દાદી રોકટોક કરતા પૌત્રીએ કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના મવડી મેઈન રોડ નવલનગર નવ શેરી નંબર એકમાં રહેતી અને ધોરણ ૯ માં અભ્યાસ કરતી તરુણીએ પરિવારે ઘરની બહાર જવા રોક ટોક કરતા દાદીએ ઠપકો આપ્યો જેથી માઠું લાગી આવતા ફિનાઈલ પીધું હતું. તરુણીએ પરિવાર ટોર્ચર કરે છે એમ કહી પગલું ભર્યું છે.

શહેરના મવડી મેઈન રોડ નવલનગર ૯ શેરી નંબર ૧ માં રહેતી અને ધોરણ ૯ માં અભ્યાસ કરતી તરુણીએ ગઈ કાલે રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતે પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી લેતા તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં તરુણી ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે.પરિવારે જણાવ્યા અનુસાર તેણીને હરવા ફરવામાં ધ્યાન હોય,જેથી તરૂણીના દાદીએ તેણીને ભણવામાં ધ્યાન આપવાનો ઠપકો આપતા લાગી આવતા તેણીએ પગલું ભર્યું છે. પરિવારે જણાવ્યા અનુસાર, તરુણીને પરિવાર ટોર્ચર કરતો હોય,તેવું લાગતું હોવાથી તેણીએ પગલું ભર્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવિયાનગર પોલીસ મથકને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર તરુણી સરકારી શાળામાં નવમાં ધોરણમાં અભ્યાસ કરે છે.

# પત્ની સાથે માથાકૂટ થતાં પતિએ ફિનાઈલ પીધું

## પાંચ વર્ષિય પુત્રને ઠપકો આપવા મામલે દંપત્તિ વચ્ચે બોલચાલી થતાં પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ, પરસાણાનગર શેરી નંબર નવ માં રહેતા યુવકે પત્ની સાથે ઝઘડો થતા માઠું લાગી આવતા ફિનાઈલ પીધું

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના જામનગર રોડ પરસાણાનગર શેરી નંબર ૯ માં રહેતા સંજયભાઈ મહેશભાઈ ચૌહાણ (ઉં.વ.૨૭) નામના યુવકે ફિનાઈલ પી લેતા તેને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકનો પાંચ વર્ષનો પુત્ર આરવ દીવાલમાં પેન્સિલ વડે લીટા કરતો હોય,જેથી પત્નીએ પુત્રને ઠપકો આપતાં પુત્રને ન ખીજાવા બાબતે વચ્ચે પડેલા પતિ સાથે ચડભડ થઈ હતી.દંપતી વચ્ચે તે મુદ્દે માથાકૂટ થતાં યુવકે પગલું ભર્યું હતું.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.દંપતીને સંતાનમાં એક પુત્ર છે.યુવક ખાનગી કંપનીમાં નોકરી કરે છે.

## ભક્તિનગર પોલીસનો ફિલ્મી ઢબે દરોડો

# પાયલોટિંગ સાથે દારૂ ભરીને નીકળેલી બોલેરો ગોંડલ ચોકડી નજીકથી ઝડપાઈ

## દારૂની ૩૯૬ નાની-મોટી બોટલ મળી કુલ રૂ.૮.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

જન્માષ્ટમી પર્વ પૂર્વે રાજકોટ શહેરમાં દારૂ ઘુસાડવા બુટલેગરો રઘવાયા થયાં હોય પણ પોલીસની સજાગતાને કારણે બુટલેગરોનો પ્રયાસ નાકામ બની રહ્યો હોય તેવા અહેવાલ સામે આવી રહ્યા છે. હજુ ગઈકાલે હલેન્ડા ગામની સીમમાંથી દારૂ ભરેલુ આઈસર ઝડપી ક્રાઈમ બ્રાન્ચે ૨૪૨૭ બોટલ કબ્જે કર્યા બાદ ભક્તિનગર પોલીસે પણ ફિલ્મી ઢબે બોલેરો કાર ઝડપી ૩૯૬ બોટલ પકડી પાડી બે શખ્સોની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, પોલીસથી બચવા બોલેરો કારને પાયલોટિંગ આપવામાં આવી રહ્યું હતું. ભકિતનગર પોલીસે પાયલોટિંગ કરનાર પાયલોટને પણ ઝડપી લીધો છે.

**રામવન નજીક રહેતા 'પાયલોટ' પ્રશાંત ભરવાડ અને સાયલાના બોલેરો ચાલક સુરેશ રબારીની ધરપકડ**

પ્રાપ્ત વિગત અનુસાર ભકિતનગર પોલીસને બાતમી મળી હતી કે, એક બોલેરો કાર દારૂની જથ્થો લઈને ગોંડલ ચોકડી તરફ જનાર છે અને બોલેરો કારની આગળ આગળ એક અન્ય કાર પાયલોટિંગ કરી રહી છે. ત્યારે ભકિતનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયાના નેતૃત્વમાં પીએસઆઈ એમ એન વસાવાની ટીમ વોચમાં ગોઠવાઈ હતી. ત્યારે બાતમીના આધારે શંકાસ્પદ સ્વીફ્ટ કાર નંબર જીજે-૧૪-એકે-૦૭૭૪ને અટકાવી ચાલકની પૂછપરછ કરવામાં આવતા તે પોતે જ પાયલોટિંગ કરતો હોય તેવી કેફીયત આપી હતી.

જે બાદ ભકિતનગર પોલીસે પાછળથી આવી રહેલ બોલેરો કાર નંબર જીજે-૦૪-બીઈ-પ૨૮૯ને અટકાવી ઝડતી કરતા બોલેરો કારમાથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમએલની ૧૨૦ બોટલ તેમજ ૧૮૦ એમએલની ૩૭૬ બોટલ એમ કુલ ૩૯૬ બોટલ કબ્જે કરવામાં આવી હતી. પોલીસે સ્વીફ્ટ કાર અને બોલેરો કાર સહીત કુલ રૂ. ૮,૧૫,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પાયલોટિંગ કર્તા પ્રશાંત પરબતભાઈ બવ(ભરવાડ) ઉ.વ.૨૪ રહે રામવનની પાસે, રાજકોટ અને બોલેરો ચાલક સુરેશ રણછોડભાઈ ખાંભલા(રબારી) ઉ.વ.૨૪ રહે રાતકડી, સાયલા, સુરેન્દ્રનગરવાળાની ધરપકડ કરી છે.

## ટ્રકના બે હપ્તા ચૂકવી દીધા છતાં

# રામદેવ ફાંગલિયા અને અજય ચૌહાણે પઠાણી ઉઘરાણી કરતા રૂખડીયાપરાના પ્રૌઢે આપઘાત કર્યો

## વીડિયો ઉતારી ફાંસો ખાઇ લીધો : પ્ર. નગર પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરમાં રૂખડિયાપરા ફાટક પાસે ભાડેથી મકાનમાં રહેતા રમેશભાઈ રઘુભાઈ દૂધકિયા (ઉ.૪૨)એ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવની જાણ થતા પ્ર.નગર પોલીસે તપાસ કરતા મૃતકના મોબાઈલમાં એક વીડિયો હતો જેમાં તેને પગલું ભર્યા પહેલાં વીડિયો ઉતારી જણાવ્યું હતું કે, તેને જે વાહન લીધું હતું તેના હપ્તાના રૂપિયા તેમજ વાહન પણ પાછું આપી દીધા બાદ વાહન માલિક સહીત બે શખ્સ તેની પાસેથી પઠાણી ઉઘરાણી કરતા હોય જેથી કંટાળી જઈ આ પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

રૂખડિયાપરામાં રહેતા મૃતક રમેશભાઈની પત્ની રંજનબેને ફરિયાદ કરી હતી. જેમાં તેને આરોપી તરીકે રામદેવ ફાંગલિયા અને અજય ઉર્ફે લાલિયો રઘુભાઈ ચૌહાણના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર હોવાનું અને પતિ રમેશભાઈ ડ્રાઈવિંગ કામ કરતા હતા. અગાઉ પાંચેક માસ પહેલાં મારા પતિએ જૂનો ટ્રક રામદેવભાઈ ફાંગલિયા પાસેથી લીધી હતી અને તેમાં રૂ.૧૧ હજાર ટોકન આપ્યું હતું.

બાદમાં રૂ.૮૦ હજાર આપવાના હતા જેમાં માસિક ૨૩ હજારનો હપ્તો હતો જેમાં બે માસ હપ્તા આપ્યા હતા અને ત્રીજા મહિને પૈસા નહીં થતા તેની ગાડી રામદેવભાઈને પરત આપી દીધી હતી અને બાકીના રૂપિયા માગતાં તેને રામદેવભાઈને પૈસા પછી આપી દઈશ કહ્યું હતું. બાદમાં રામદેવભાઈ અવારનવાર પઠાણી ઉઘરાણી કરતા હોય અને તેની સાથે અજય ઉર્ફે રઘુભાઈ ચૌહાણ પણ રૂપિયાની લેતી-દેતીમાં સાથે હોય તે પણ ધમકાવતો હતો અને બન્ને શખ્સ ફોન કરી તેમજ ઘેર આવી ઉઘરાણી કરતાં હોય જેથી તેની પત્નીને વાત કરી હતી. બાદમાં તેની બાજુમા રહેતા તેના ભાઈ રોહિતના ઘેર પૈસા હોય તો વાત કરું કહી ત્યાં ગયા હતા. ત્યાં તેના ભાઇ હતા નહીં પરંતુ બહારથી ઘેર રિક્ષા લઈને આવતા તેને દેકારો કરતા તે પણ ત્યાં જતા તેના પતિ લાકડાંની આડીમાં સાડી બાંધી ફાંસો ખાઈ લટકતી હાલતમાં જોવા મળ્યા હતા. બાદમાં તેના પરિવારે જાણ કરતા ૧૮૦ તેમજ પોલીસ પહોંચી ગઈ હતી બાદમાં તેના પતિના મોબાઈલમાં તપાસ કરતાં તેમાં તેને પગલું ભર્યા પહેલાં વીડિયો ઉતારેલ હતો જેમાં તે બોલતા હોય કે, આ રામદેવભાઈ ફાંગલિયા પાસેથી જે ગાડી લીધેલ હતી તેના બે હપ્તાના રૂપિયા મેં તેઓને આપી દીધેલ હતા અને ગાડી પણ મેં તેઓને આપી દીધેલ છે. તેમ છતાં પણ આ રામદેવભાઈ મને ફોન કરી મારી પાસેથી રૂપિયા માગી હેરાન પરેશાન કરી ત્રાસ આપતા હોય તેમજ આ અજય ઉર્ફે લાલિયો રઘુભાઈ ચૌહાણ પણ હેરાન કરતો હોય જેથી હું આત્મહત્યા કરું છું અને આ બન્નેને લીધે હું આવું પગલું ભરું છું. તેમ કહી મારા દિયરના ઘેર પગલું ભરી લીધાનું જણાવતા પીએસઓ ભગોરા સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# બાર કાઉન્સીબલ ગુજરાતની માંદગી સહાયની બેઠકમાં રૂ.૨૬ ૫૦ લાખની સહાય મંજૂર

## ૧૭ બીસીઆઈને અને ૩૦ બીસીજીને વધારાની સહાય માટે ભલામણ કરતા ચેરમેન દિલીપ પટેલ

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની માંદગી સહાયની મળેલી વીસી ની બેઠકમાં ગુજરાતની ૮૩ જેટલી અરજીઓ આવી હતી જેમાં રૂપિયા ૨૬.૫૦ લાખની માનવી સહાય મંજૂર કરી બીસીઆઈ ને અને ૩૦ બીસીજીને વધારાની સહાય માટે ભલામણ કરી મોકલવામાં આવી છે.વધુ વિગત બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય અને માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિના ચેરમેન દિલીપ કે. પટેલ અને સભ્ય ભરત વી. ભગત (joined via video conferencing) અને



શંકરસિંહ એસ.ગોહિલ ની હાજરીમા તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ બેઠક મળી હતી. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિમાં રાજયના ૮૩ જેટલા ધારાશાસ્ત્રીની માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે રૂપિયા ૨૬.૫૦ લાખ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલો હતો. ૧૭ ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૩૦ ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમીટીને ભલામણ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર અને પ્રેક્ટીસ વેરીફીકેશન ફોર્મ ભરનાર ધારાશાસ્ત્રીઓને જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાયનો લાભ મેળવવા હકકદાર બને છે.

# ટંકારા નજીકથી પિસ્તોલ સાથે રાજકોટનો શબ્બીર મીર પકડાયો

## ક્રાઈમ બ્રાંચે હથીયાર અને ખાલી મેગ્ઝીન સહિત રૂ.૧૦,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક,ૠષી મહેતા, મોરબી**

ટંકારાની ખીજડીયા ચોકડીથી આગળ અમરાપર ગામ જવાના રસ્તે સિવિલ હોસ્પિટલની બાજુમાંથી રાજકોટના અતિ સંવેદનશીલ વિસ્તાર એવા જંગલેશ્વરના એક ઈસમને દેશી બનાવટની મેગ્ઝીન વાળી પિસ્તોલ સાથે ઝડપી લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી એલસીબી પોલીસ ટીમને સયુંકતમાં બાતમી મળેલ કે ખીજડીયા ચોકડીથી અમરાપર ગામ જવાના રસ્તા તરફ સિવિલ હોસ્પિટલ બાજુમાં એક શખ્સ પિસ્તોલ જેવા હથિયાર સાથે ઉભો હોવાની ચોક્કસ બાતમીને આધારે તુરંત બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા ઉભેલ શખ્સને કોર્ડન કરી તેની તલાસી લેતા પેન્ટના નેફામાંથી લોખંડની દેશી હાથ બનાવટની મેગ્ઝીનવાળી પિસ્તોલ મળી આવી હતી.

તથા પેન્ટના ખિસ્સામાંથી એક ખાલી મેગ્ઝીન મળી આવતા તુરંત આરોપી સબ્બીરભાઈ રફીકભાઈ મીર ઉવ.૧૯ રહે.રાજકોટ જંગલેશ્વર કનૈયા ચોક શેરી નં.૯ વાળાની ધરપકડ કરી તેની પાસેથી પિસ્તોલ તથા ખાલી મેગ્ઝીન સહિત ૧૦,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે ટંકારા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ અને જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું લોધિકા ખાતે રિહર્સલ

## રિહર્સલ માં ધ્વજ લહેરાવવાથી માંડીને પરેડ નિરીક્ષણ, સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત તેમજ રાષ્ટ્રગાન સહિતના કાર્યક્રમોની તબક્કાવાર રજુ કરાયા

અબ તક, રાજકોટ

રાજકોટ જિલ્લામાં ''૭૮મા સ્વાતંત્ર પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી'' આ વર્ષે લોધિકા ખાતે થનાર છે. આ પર્વને આન, બાન અને શાનથી ઉજવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે આજે લોધિકા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં ધ્વજ લહેરાવવાથી માંડીને પરેડ નિરીક્ષણ, સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત તેમજ રાષ્ટ્રગાન સહિતના કાર્યક્રમોની તબક્કાવાર રજૂઆત થઈ હતી.

સૌપ્રથમ ડી.આઈ.જી. જયપાલસિંહ રાઠોર તથા નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ બંને અધિકારીએ પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પરેડમાં પોલીસની બે પ્લાટૂન, મહિલા પોલીસની પ્લાટૂન સહિત કુલ છ પ્લાટૂન જોડાઈ હતી.

આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા તેમના શિક્ષકોના માર્ગદર્શનમાં વિવિધ સંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન સાથે રિહર્સલ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોરે પોલીસ ટીમોને તેઓનું પ્રદર્શન વધુ ઉત્તમ બનાવવા માટે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. જયારે નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીએ સમગ્ર વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી ફેરફારો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ તકે રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી તથા વહીવટી તંત્રની ટીમોએ વિવિધ વ્યવસ્થાઓ સંભાળી હતી.





# બ્રહ્મ મુહુર્તમાં જાગો ઓમકારનો ઉચ્ચાર કરવાથી શરીર ઉર્જાવાન બને છેઃ ડો. સ્નેહા પંડયા

## સૌ.યુનિ.ના વિજ્ઞાનના ભવનો અને વિજ્ઞાન ગુર્જરીની સંયુકત ઉપક્રમે ભારતીય વૈજ્ઞાનિકો અને ભારતીય પરંપરા પાછળનું વિજ્ઞાન અંગે ગોષ્ઠી યોજાઈઃ ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



અબતક,રાજકોટ

વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજિત સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ અંતર્ગત તારીખ ૧ થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં ૫૦૧ વ્યાખ્યાનોની શ્રેણીના આયોજન થકી વિશ્વ વિક્રમ બનવા જઈ રહ્યો છે. આવા જ એક વ્યાખ્યાનનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેનો લાભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવન, રસાયણ વિજ્ઞાન ભવન તેમજ જીવ વિજ્ઞાન ભવનના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લીધો હતો. આ વ્યાખ્યાનમાં તજજ્ઞ તરીકે વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં ફરજ બજાવતાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સ્નેહા પંડયા રહ્યાં હતાં. ડો. સ્નેહા પંડ્યા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિષય પર પીએચડીની પદવી ધરાવે છે, તેમજ તેમણે ૨૦ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંશોધનપત્રો પબ્લિશ કરેલ છે.

ડો. પંડ્યાએ ભારતીય વૈજ્ઞાનિકોના જીવન અને પ્રેરણા'' વિષય પર એક રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન દરમ્યાન તેઓએ આપણી વિવિધ પરંપરાઓ અને માન્યતાઓ જેવી કે ઓમનું ઉચ્ચારણ, બ્રહ્મ મુહુર્તમાં શું કામ જાગવું જોઈએ, જમીન પર બેસીને જમવું, ઉપવાસ શું કામ કરવો, ગાયની અગત્યતા, પીપળાનું પૂજન વગેરે પાછળના વૈજ્ઞાનિક કારણો કે જે ભારતીય લોકોનાં જીવન-આચરણમાં હોય છે, તેના વિશે વિસ્તૃત ચર્ચા કરી. આ ઉપરાંત તેમણે આપણા પૌરાણિક વૈજ્ઞાનિકો અને તેમના સંશોધનો વિષયે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. આ માટે ડો. પંડયાએ આર્યભટ્ટ, મહર્ષિ કર્ણદ, મહર્ષિ સુશ્રુત વગેરેના ઉદાહરણો વિદ્યાર્થીઓને આપ્યા હતા.

આ કાર્યક્રમમાં એઆઈએફ ૨૦૨૪ના કન્વનર તથા વિજ્ઞાન ગુર્જરીના સૌરાષ્ટ્ર કચ્છ ઝોનના અધ્યક્ષ પ્રોફેસર નીકેશ શાક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જીવ વિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રો. રમેશ કોઠારી, કાર્યક્રમના કોડીનેટર રસાયણ વિજ્ઞાન ભવનના પ્રો. રંજનબેન ખૂંટ તથા એસઆઈએ

(અનું. આઠમાં પાને)

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપક્રમે

# શહેરના હજારો વિદ્યાર્થીઓ સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં થશે સામેલ

## શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારા અને વા.ચેરમેન ડો. પ્રવિણ નિમાવતે સ્વતંત્ર પર્વમાં જોડાવવા કર્યુ આહવાન

અબતક,રાજકોટ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, દ્વારા ૧૫-ઓગષ્ટ ગુરૂવારના રોજ સવારે સ્વાતંત્ર્ય દિનની પ્રભાતે ધ્વજનંદન કાર્યક્રમ ૯૩ શાળાઓમાં યોજવામાં આવનાર હોય જેમાં રાજકોટ શહેરના સાંસદઓ, ધારાસભ્યઓ, શહેર ભાજપના હોદ્દેદારઓ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરઓ, શિક્ષણ સમિતિના સભ્યઓ, વોર્ડ પ્રમુખઓ, મહામંત્રીઓ, સમાજના આગેવાનો તેમજ વિવિધ મોરચાના હોદ્દેદારો અને સમાજના અગ્રણીઓ, બાળકોના વાલીઓ સાથે જોડાઈ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો




કરશે.

કાર્યક્રમને તમામ મોરચે સફળ બનાવવા શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવીણકુમાર નિમાવત, શાસનાધિકારી કિરીટસિંહ પરમારના માર્ગદશન હેઠળ શિક્ષણ સમિતિ પરીવાર, યુ.આર.સી., સી.આર.સી., શાળાના આચાર્યઓ અને શાળા પરીવાર સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવા માટે ઉત્સાહ સાથે જહેમત ઉઠાવી રહ્યા છે.

# માર્કેટીંગ યાર્ડના ઉપપ્રમુખ વિજય કોરાટે ગીરગંગા પરિવારે બનાવેલા ચેકડેમોની કરી 'સરાહના'

અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૦૦ થી વધુ ચેકડેમ રીપેરીંગ, ઊંડા, ઊંચા કરેલ તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટિને જોઈએ તો ખેડુતોને ખુબજ મોટો ફાયદો થવાથી પ્રકૃતિથી રક્ષાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થયા રહી છે. ગીરગંગા પરિવાર દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમ તૈયાર કરવા અને ૧૧, ૧૧૧ બોરરીચાર્જ નો સંકલ્પ કરવામાં આવ્યો છે.



એના ભાગ સ્વરુપે રાજકોટ શહેરમાં પણ નાના મોટા ૧૧ ચેકડેમો અને સરોવર તૈયાર કરેલ છે. જેનાથી સરોવરની આજુબાજુના વિસ્તારમાં સોસાયટી અને ફલેટમાં ૧૫૦૦ થી ૨૫૦૦ ફુટના બોરમાં તુરુ, કડવું, કડછું પાણી હોવાથી પીવા અને વાપરવા લાયક હતું નહી અને તેનાથી બીમારીનું પ્રમાણ વધતું અને પીવા માટે પાણીના ટાંકા મંગાવતા જેનો આર્થિક બોજો ખુબ જ રહેતો, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ લોગ ભાગીદારીથી ચેકડેમ બનતા વરસાદમાં બધા જ ચેકડેમ ભરાય જવાથી દરેક લોકોને બોરમાં ૨૦ થી ૨૫ ફુટે પાણી પાણી આવી જવાથી ખુબ મોટો ફાયદો થયેલો છે. જેથી પહેલા જ વરસાદમાં ઘણા ડેમો ઓવરફલો થયેલ હતા. આજુબાજુના વિસ્તારમાં પાણીના સ્તર ઉંચા આવતા લોકોમાં પણ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો. જેનાથી હિતેન્દ્રભાઈ પટેલ આ કાર્યને વધુ વેગ મળે તેના માટે દરેક લોકો આ કાર્યમાં જોડાઈ તેવી આશા વ્યકત કરી હતી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, ડો. વલ્લભભાઈ કથીરીયા, ભરતભાઈ ગાજીપરા, ધીરુભાઈ કાનાબાર, દિનેશભાઈ ચોવટીયા, કાન્તીભાઈ ભૂત, પ્રકાશભાઈ કનેરીયા, હરિભાઈ ચૌહાણ, વિઠલભાઈ બાલધા વગેરે લોકો આ કાર્યને વધુમાં વધુ વેગ આપવા જોડાયેલ છે.

# નયારા એનર્જીએ ઈનોવેટિવ રિફાઈનિંગ ટેકિનક દ્વારા કેરોસીનની ગુણવત્તા વધારવા નવી પેટન્ટ મેળવી

## નયારા એનર્જીએ કેરોસીન રિફાઈનિંગ ટેકનોલોજીમાં નવા ધોરણો કર્યા સ્થાપિત

અબતક,રાજકોટ

ભારતની અગ્રણી ઓઈલ કંપનીઓમાંની એક અને સૌથી ઝડપથી વિકસતા ખાનગી ઈંધણ નેટવર્ક નયારા એનર્જી લિમિટેડે નોવેલ એબ્સોર્બન્ટ ટેક્નિક દ્વારા કેરોસીન જેવા પેટ્રોલિયમ ડિસ્ટીલેટ્સની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરવાના હેતુથી એક ઈનોવેટિવ પ્રોસેસની સફળતાપૂર્વક પેટન્ટ મેળવી છે. આ સફળતા મિનરલ ટર્પેન્ટાઈન ઓઈલ, એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ, ઉત્કૃષ્ટ કેરોસીન ઓઈલ અને પેટ્રોલિયમ સોલવન્ટ્સ સહિત પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની વેચાણક્ષમતા અને સ્થિરતામાં વધારો કરે છે.




ઈન્ડિયન પેટન્ટ નંબર ૫૪૫૭૯૭ તરીકે નોંધાયેલી આ પેટન્ટ કેરોસીન જેવા પેટ્રોલિયમ ડિસ્ટીલેટ્સને રિફાઈન કરવા માટે એક આધુનિક પ્રોસેસ રજૂ કરે છે, જે પ્રોડક્ટના રંગની ગુણવત્તા અને તેની સ્થિરતા સંબંધિત સતત પડકારોનું સમાધાન કરે છે. આ શોધ પ્રોડક્ટની ધારણા તથા ઉપયોગને અસર કરતા ખૂબ જ મહત્વના ગુણવત્તા પરિબળ એવા સેબોલ્ટ કલરને સુધારે છે અને સ્થિર કરે છે તથા એક સાથે ઓર્ગેનિક નાઈટ્રોજન અને ભેજનું પ્રમાણ ઘટાડે છે.

એબ્સોર્પ્શન ટ્રીટમેન્ટ: કેરોસીન જેવા પેટ્રોલિયમ ડિસ્ટીલેટ્સ એબ્સોર્બન્ટ બેડમાંથી પસાર થાય છે અને અનિચ્છનીય દૂષણોને ઘટાડીને અસરકારક રીતે સેબોલ્ટ કલર અને સ્થિરતામાં વધારો કરે છે.

હાઈડ્રોકાર્બન રિકવરીઃ સરફેસ હાઈડ્રોકાર્બન કન્ટેન્ટની રિકવરી માટે, પર્યાવરણીય અસરને ઓછી કરવા અને રોર્સ રિકવરીને ઓપ્ટિમાઈઝ કરવા માટે વપરાયેલા એબ્સોર્બન્ટને પાણીથી ટ્રીટ કરવામાં આવે છે.

એબ્સોર્બન્ટનું રિજનરેશનઃ વાપરવામાં આવેલ એબ્સોર્બન્ટ વધુ ઉપયોગ માટે તેની અસરકારકતાને

(અનું. આઠમાં પાને)

# વિજયભાઈ રૂપાણી અને સી.આર.પાટીલે પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવ્યો




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્વાતંત્ર્ય પર્વ નિમિતે દેશભરમાં ''હર ઘર તિરંગા અભિયાન'' શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના કદાવર નેતા વિજયભાઈ રૂપાણીએ રાજકોટ સ્થિત અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ-કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરત સ્થિત પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવ્યો હતો. રાજયભરમાં હર ઘર તિરંગા અભિયાનને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### મહિલા તબીબ પર દુષ્કર્મ આચરી અને મોતને ઘાટ ઉતારવાના વિરોધમાં

# પીડીયુ મેડિકલ કોલેજના તબીબોની કેન્ડલ માર્ચ

અબતક,રાજકોટ

પશ્ચિમ બંગાળના કોલકાતામાં આર.જી.કર મેડિકલ કોલેજમાં ટીબી ચેસ્ટ વિભાગમાં ફરજ બજાવનાર મહિલા રેસિડન્ટ ડોક્ટર ઉપર બળાત્કાર બાદ હત્યા કરવાના પીચાસી કૃત્યથી સમગ્ર દેશના મેડિકલ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બનાવને પગલે કોલકાતામાં ડોક્ટરો અને મેડિકલ છાત્રો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને ભોગ બનનાર મહિલા ડોક્ટરને ન્યાય મળે તેમજ શ્રદ્ધાંજલિ રૂપે કેન્ડલ માર્ચ સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ ઘટનાના પડઘા ગુજરાતની મેડિકલ કોલેજોમાં પણ પડ્યા છે.

રાજકોટ પીડીયુ મેડિકલ કોલેજના જુનિયર ડોક્ટર એસોસિયેશન ઈન્ટર્ન ડોક્ટર તથા યુ.જી. મેડિકલના સ્ટુડન્ટ મોટી




## તંત્ર સમક્ષ ન્યાયની માંગ સાથે પીડિતાને શ્રદ્ધાંજલિ પાઠવી

સંખ્યામાં હાજર રહી જુદા જુદા સ્લોગન સાથેના બેનર પ્રદર્શિત કરી કેન્ડેલ માર્ચ યોજી હતી અને પીડિતને ન્યાય મળી રહે તે માટે સંકલ્પ લીધો હતો.

તેમજ તેમના પરિવારજનો માટે સહાનુભૂતિ દાખવી હતી.વધુમાં જણાવ્યું હતું કે, અમને સરકાર અને તંત્ર પર વિશ્વાસ છે કે આ બાબતમાં પારદર્શક રીતે તપાસ કરી આ ક્રૂર ઘટનામાં સંડોવાયેલા આરોપીને આકરી સજા કરી પીડિતાને ન્યાય આપવામાં આવશે. અને ભવિષ્યમાં પણ આવી અનિચ્છનીય ઘટના ફરીવાર ના બને તથા ડોક્ટર્સ સુરક્ષિત તથા ભયમુક્ત વાતાવરણમાં રહી સલામતી અનુભવી દર્દીઓની સેવા કરી શકે એ માટે યોગ્ય ન્યાયીક કાયદાની સરકાર અને તંત્ર પાસે માગ કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# હર ઘર તિરંગા લહેરાવીએ



## તિરંગાથી શણગારીએ ગુજરાત

દેશની શાન તિરંગાને આપીએ માન









માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

તેમજ

**શ્રી અમિતભાઈ શાહ**

માનનીય કેન્દ્રીય મંત્રી,
ગૃહ અને સહકારિતા મંત્રાલય, ભારત સરકાર
અમદાવાદ ખાતે **તિરંગા યાત્રા**માં
ઉપસ્થિત રહેશે.

**તારીખઃ** ૧૩ ઑગસ્ટ, ૨૦૨૪ **સમયઃ** સાંજે ૪:૦૦ વાગે
**સ્થળઃ** કેસરી નંદન ચોક, વિરાટનગર રોડ, વિરાટનગર, અમદાવાદ




www.harghartiranga.com

# આરટીઓએ ધોકો પછાડ્યો : જુલાઈમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ રૂ.૫૦.૫૪ લાખનો દંડ

## ઝુંબેશ દરમિયાન ટ્રાફિક નિયમોનો ઉલાળીયો કરવા બદલ ૧૪૧૬ કેસ કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ આરટીઓ તંત્ર દ્વારા ગત જુલાઈ મહિનામાં ચલાવવામાં આવેલી ટ્રાફિક નિયમન અંગેની ઝુંબેશમાં કુલ ૧૪૧૬ જેટલાં કેસો કરી કુલ રૂ. ૫૦.૫૪ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર આરટીઓ-રાજકોટ કચેરી દ્વારા વર્ષ ૨૦૨૪ના જુલાઈ મહિના દરમ્યાન ગુનાહિત વાહનો જેના કુલ કેસ ૧૪૧૬ ઉપર દંડની કાર્યવાહી કરવામાં આવી છે જેમાં કુલ રૂ. ૫૦,૫૪,૦૬૦નો દંડ ફટકારવામાં આવેલ છે. આરટીઓ તંત્ર દ્વારા ઈન્સ્પેક્ટર કે એમ ખપેડના માર્ગદર્શનમાં ઓવરલોડ વાહનો, ઓવર ડાઈમેંશન, કલેન્ડેસ્ટાઈન ઓપરેશન, ટેક્સ વગર ચાલતા વાહનો, રેડિયમ રેફલેકટર, અંડર એજ ડ્રાઈવિંગ, મોબાઈલ પર વાત કરવી, ફિટનેસ, હેલ્મેટ, સીટબેલ્ટ, પીયુસી વગર વાહન હાંકરનાર, ભયજનક રીતે વાહન ચલાવનાર, ઓવરસ્પીડિંગ, વીમા વગરના વાહનો વિરુદ્ધ ધોકો ઉગામવામાં આવ્યો હતો.

આરટીઓ તંત્ર દ્વારા સૌથી વધુ દંડ ઓવરલોડેડ વાહનોણે કરવામાં આવ્યો છે. ઓવર લોડેડ વાહનના ૧૭૪ કેસો કરીને રૂ. ૨૨.૧૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે જયારે ઓવર ડાઈમેન્સનના ૩૯ કેસો કરીને ૨,૧૧,૫૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે કલેન્ડેસ્ટાઈન ઓપરેશન બદલ ૧૪ કેસો કરીને રૂ. ૧,૩૨,૫૦૦નો દંડ કરવામાં આવ્યો છે. ટેક્સ વગર ચાલતા ૧૩ વાહનો પર કેસ કરીને રૂ. ૪,૦૯,૦૬૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

વ્હાઈટ લાઈટ, એલઈડી ચેકીંગ, રરોંગ લેન ડ્રાયવિંગના ૫૩ કેસ કરીને રૂ. ૫૮ હજાર, રેડિયમ રીફલેકટરના ૩૭ કેસ કરીને રૂ. ૩૭ હજાર, ફિટનેસ વિના દોડતા ૮૬ વાહનો વિરુદ્ધ કેસ કરીને રૂ.૪.૩૦ લાખ, હેલ્મેટ, સીટબેલ્ટ, પીયુસી વગર દોડતા વાહન વિરુદ્ધ ૩૨૭ કેસો કરીને રૂ. ૨,૯૫,૫૦૦, ભયજનક રીતે વાહન ચલાવનાર, ઓવરસ્પીડિંગ કરનાર વિરુદ્ધ ૪૮૬ કેસો કરીને રૂ. ૯,૭૧,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત ડ્રાયવીંગ લાયસન્સ વિના વાહન ચલાવતા ૧૧૦ લોકો વિરુદ્ધ કેસો કરીને રૂ. ૨.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત આરયુપીડી અને એસયુપીડીના ૬૯ કેસો કરીને રૂ. ૬૯ હજારનો જયારે અન્ય નિયમભંગ બદલ ૮ કેસ કરીને રૂ. ૪ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### સૌથી વધુ ઓવરલોડેડ વાહનોને રૂ.૨૨.૧૬ લાખનો દંડ

આરટીઓ તંત્ર દ્વારા સૌથી વધુ ઓવરલોડેડ વાહનો વિરુદ્ધ ૧૭૪ કેસો કરીને રૂ. ૨૨.૧૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે ઓવર ડાઈમેન્સનના ૩૯ કેસો કરીને ૨,૧૧,૫૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે કલેન્ડેસ્ટાઈન ઓપરેશન બદલ ૧૪ કેસો કરીને રૂ. ૧,૩૨,૫૦૦નો દંડ કરવામાં આવ્યો છે. ટેક્સ વગર ચાલતા ૧૩ વાહનો પર કેસ કરીને રૂ. ૪,૦૯,૦૬૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

### હમ નહિ સુધરેંગે : બેફામ વાહનો દોડાવી સીન-સપાટા કરવા જતાં ૪૮૬ લોકો દંડાયા : રૂ.૯.૭૧ લાખનો દંડ

ભયજનક રીતે વાહન ચલાવનાર, ઓવરસ્પીડિંગ કરનાર વિરુદ્ધ ૪૮૬ કેસો કરીને રૂ. ૯,૭૧,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત ડ્રાયવીંગ લાયસન્સ વિના વાહન ચલાવતા ૧૧૦ લોકો વિરુદ્ધ કેસો કરીને રૂ. ૨.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# 'મારી યુનિવર્સિટી, મારૂ ઋણ' એ નિરંતર સ્વયં ચાલતુ કાર્યઃ કુલપતિ



**સૌરાષ્ટ્ર યુનિ.માં કુલપતિ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને એનએસએસના ૨૦૦ થી વધુ કર્મી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા**

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ ''મારી યુનિવર્સિટી, મારું ઋણ'' અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરાયું.

કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય હેતુ સ્વચ્છતા અંગેની જાગૃતિ માટેનો છે. આપણે સ્વયં આપણું આંગણું, આપણી યુનિવર્સિટી સ્વચ્છ રાખવી જોઈએ. આ કાર્ય આજ પુરતું સિમિત નથી પરંતુ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. એન.એસ.એસ. એ સેવાકીય પ્રવૃતિ છે અને આપ જેવા યુવાનો આ યુનિવર્સિટીની મુડી છો અને ભવિષ્યમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ ઉજાગર કરનારા છો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયા, એન.એસ.એસ. કોઓર્ડીનેટર ડો. એન.કે. ડોબરીયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એન.એસ.એસ. ના ૨૦૦ થી વધુ સ્વયંસેવકો અને કર્મચારીઓ દ્વારા યુનિવર્સિટી કેમ્પસ ખાતે જુદા જુદા ભવનોમાં સફાઈ કરવામાં આવી હતી. કુલપતિએ એન.એસ. એસ. ના સ્વયંસેવકો સાથે સફાઈ કાર્ય કરતાં વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થયા હતાં. કુલપતિએ સૌ વિદ્યાર્થીઓને આ યજ્ઞમાં સામેલ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ અભિયાનને સફળ બનાવવા એન.એસ.એસ. ના કોઓર્ડીનેટર ડો. એન.કે. ડોબરીયા, એન.એસ. એસ.ના વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફીસરઓ, એન.એસ. એસ. ના સ્વયંસેવકો, યુનિવર્સિટીના સિવીલ ઈજનેરો તથા કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## ન્યૂઝ ફલેશ

### શેરબજારમાં મંદીનો ફૂંફાડો સેન્સેક્સમાં ૭૨૫ અને નિફ્ટીમાં ૨૨૦ પોઈન્ટનો તોતીંગ કડાકો

### રાજકોટમાં મેઘાવી માહોલ: ધીમાધારે હેત વરસાવતા મેઘરાજા, વેસ્ટ ઝોનમાં ૭મીમી, સેન્ટ્રલ ઝોનમાં ૪મીમી અને ઈસ્ટ ઝોનમાં ૩મીમી પાણી પડ્યું

# સન પોલી પ્લાસ્ટના ભાગીદારો સામે ટ્રેડમાર્કના ઉલ્લંઘનની ફોજદારી

**અબતક, રાજકોટ**

રાજકોટની અદાલતે ભાગીદારી પેઢી સન પોલી પ્લાસ્ટ અને તેના ભાગીદારો તેજસભાઈ જીવરાજભાઈ પીપળીયા, રાજેશભાઈ પરસોતમભાઈ હિરાણી અને સતીષભાઈ તુલસીભાઈ વોરા સામે ભાગીદારી પેઢી શિવાંજલી ના ટ્રેડ માર્ક સર્જન નો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ ફોજદારી કેસ નોંધ્યો છે. રાજકોટની ભાગીદારી પેઢી સન પોલી પ્લાસ્ટ અને તેના ભાગીદારો સામે રાજકોટની કોર્ટે ટ્રેડ માર્કસ એક્ટ ૧૯૯૯ ની કમલ ૧૦૨, ૧૦૩, ૧૦૪ અને ૧૧ ની જોગવાઈઓ હેઠળ ફોજદારી કેસ નોંધ્યો છે. ફરીયાદમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે સન પોલી પ્લાસ્ટ અને તેના ભાગીદારો ફરીયાદી ફર્મના બ્રાન્ડ અને પ્રતિષ્ઠાને નુકશાન પહોચાડી છે. રાજકોટની કોર્ટે પાર્ટનશીપ ફર્મ સન પોલી પ્લાસ્ટ અને તેના ભાગીદારો એટલેક તેજસભાઈ જીવરાજભાઈ પીપળીયા, રાજેશભાઈ પરસોત્તમભાઈ હિરાણી, અને સતીષભાઈ તુલસીભાઈ વોરા સામે ટ્રેડમાર્ક એકટ ૧૯૯૯ હેઠળ ટ્રેડ માર્કના ઉલ્લંઘન બદલ સમન્સ જારી કર્યો હતો. ટ્રેડમાર્કના ઉલ્લંઘન માટેનો સિવીલ દાવો પણ રાજકોટની કોર્ટ સમક્ષ પેન્ડીગ છે જેમાં કોર્ટે ફરીયાદીની તરફેણમાં મનાઈ હુકમની અરજી પસાર કરી છે. અને આરોપીને ફરીયાદની બ્રાન્ડ સર્જન નો ઉપયોગ ન કરવા સુચના આપી છે. ફરીયાદી પેઢી શિવાંજલી પાઈપ્સ વતી એડવોકેટ અમન શ્રોત્રિયા રોકાયા છે.

રાજકોટની અદાલત દ્વારા આ નિર્ણાયિક કાર્યવાહી બૌધ્ધિક સંપદા અધિકારોના રક્ષણ માટે ન્યાયતંત્રનું સમર્પણ દર્શાવે છે. આ કેસ ટ્રેડ માર્ક કાયદાઓને મજબુત બનાવવાની મહત્વપૂર્ણતાને દર્શાવે . આ ગેરકાયદે ટ્રેડમાર્ક વપરાશકર્તાને તેનો ગેરકાયદે વપરાશકર્તાના હિતને સુરક્ષીત કરવા માટે કાર્ય કરે છે. ફરીયાદી ફર્મ, શિવાંજલી પાઈપ્સે આ પગલાને તેમના બ્રાન્ડને રક્ષિત કરવા માટે અને બજારમાં ન્યાયી સ્પર્ધા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ પગલુ ગણાવીને આવકાર્યુ છે.

# પીડીએમ ફાટક પાસે સશસ્ત્ર હુમલો કરી પ્રૌઢને મોતને ઘાટ ઉતારનાર બુટલેગર આણી ટોળકીની ધરપકડ

### ભક્તિનગર પોલીસે ગુનો નોંધી મુખ્ય આરોપી સહિત નવને ઉપાડી લીધા

### ભીમા બાબુ, રાજુ બાબુ નામના શખ્સો પિતા-પુત્રો પર તલવાર વડે તૂટી પડ્યા'તા

**અબતક, રાજકોટ**

શહેરમાં રવિવારે રાત્રીના પીડીએમ ફાટક પાસે માથાકુટમાં બે જુથ આમને સામને આવી ગયા હતા અને બુટલેગર ટોળકીએ પિતા-પુત્ર સહિત પાંચ પર છરી-પાઈપ અને તલવારથી હુમલો કરી પથ્થરમારો કરતા ઈજા પહોચી હતી.અને આ બનાવના પગલે રાહદારીઓમાં પણ ભય વ્યાપી ગયો અને નાસભાગ મચી જવા પામી હતી. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન સુરેશ સોલંકી નામના પ્રૌઢનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. ભક્તિનગર પોલીસે મામલામાં ૯ વિરુદ્ધ ગુનો નોંધી તમામની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઢેબર રોડ પરની ઢેબરકોલોનીમાં રહેતા સુરેશ દલાભાઈ સોલંકી, અર્જુન સુરેશભાઈ સોલંકી, પ્રકાશ સોલંકી અને વિકકી સુરેશ સોલંકી સહીત પાંચ વ્યકિતઓને ભીમા બાબુ સોલંકી, પ્રકાશ બાબુ સોલંકી, રાજુ બાબુ સોલંકી, શૈલેષ ભીમા, નિલેશ ભીમા, અરવિંદ જાદવ, અનિલ રણછોડ, ધના માવજીભાઈ, યોગેશ ભગવાનજીભાઈ સહીતના શખસો બોલાચાલી થઈ હતી અને સામુ જોવાની બાબતમા ફરીથી મામલો બીચકયો હતો.

ફરિયાદીને પીડીએમ ફાટક પાસે પાનની કેબીન હોય અને આરોપી રાજુ બાબુ લોહાનગરના વિજય રામદાસ સાથે ઝગડો કરતો હોય ત્યારે ફરિયાદી અને તેના પિતાએ આ બંનેને ઝઘડો નહિ કરવા કહ્યું હતું. જે બાબતનો ખાર રાખી રાજુ બાબુએ અન્ય શખ્સોને બોલાવી લીધા હતા. સુરેશ દલા સોલંકી અને ભીમા રાજુના જુથવચ્ચે સરાજાહેર પીડીએમ ફાટક પાસે મારામારી થઈ હતી.જેમાં ભીમા રાજુના જુથે સુરેશ સોલંકી સહીતના પર છરી-પાઈપ અને તલવારથી હુમલો કરી પથ્થરમારો કરતા રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ અને કેટલાંક વાહનોમાં તોડફોડ પણ થઈ હતી.

આ બનાવ અંગેની જાણ થતા ભકિતનગર, માલવીયાનગરનો પોલીસ કાફલો દોડી ગયો હતો. અને હુમલાખોરો નાસી છુટયા હતા. હુમલામાં ધવાયેલા સુરેશ દલા સોલંકી, અર્જુન સુરેશ, પ્રકાશ સૌલંકી,વિકકી સુરેશ સોલંકી સહિત પાંચને ઈજા થવાથી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાહતા.આ બનાવના પગલે હોસ્પિટલ ખાતે ટોળા ઉમટી પડતા હતા.સારવાર દરમિયાન સુરેશ દુલા સોલંકી (ઉ.વ.૪૫)નું તલવારના આડેધડ ઘાને લીધે મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.

બનાવમાં ભક્તિનગર પોલીસે નવ શખ્સો વિરુદ્ધ હત્યા તેમજ વાહનમાં નુકસાની સહીતની કલમો હેઠળ ગુનો નોંધી મુખ્ય આરોપી સહીત નવને ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાષ્ટ્રીય કક્ષાએ તૃતિય ક્રમાંકે

## કુલપતિ અમિ ઉપાધ્યાયના કાર્યકાળમાં મોટી સિધ્ધી હાંસલ કરી

**અબતક, રાજકોટ**

ગુજરાતની એક માત્ર રાજ્ય સ્તરીય ઓપન યુનિવર્સિટી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને કેન્દ્ર સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યુશન રેન્કિંગ ફ્રેમ વર્ક અંતર્ગત સમગ્ર દેશની ઓપન યુનિવર્સિટી કેટેગરીમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે. યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ આ રાષ્ટ્રકક્ષાનું સન્માન નેક A++ પછીની સૌથી મોટી સિદ્ધિ છે.

કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાયના કાર્યકાળમાં નેક એક્રેડિટેશન (NAAC - A++), ૧૨ B ઉપરાંત રાષ્ટ્રકક્ષાએ ઓપન યુનિવર્સિટીઝ રેન્કિંગમાં India Rankings - ૨૦૨૪ અંતર્ગત અગ્રહરોળમાં પુરસ્કૃત થવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું છે.

દિલ્હીમાં ભારતમંડપમ ખાતે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનજી, રાજયકક્ષાના મંત્રી સુકાંતા મજમુદાર, તથા UGCના ચેરમેન એમ. જગદીશકુમાર અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાયની હાજરીમાં યોજાયેલ અભિવાદન સમારોહમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દેશની અગ્રણી ઉચ્ચ શિક્ષણ સંસ્થા યાદીમાં સ્થાન પ્રાપ્ત કરે છે. રાજ્યના વિદ્યાજગતમાંથી બહોળી સંખ્યામાં અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે.

# જેતપુરના કેરાળી ગામે શ્રમિકનો ફાંસો ખાઈ આપઘાત

### પોરબંદરમાં વૃદ્ધાએ બીમારીથી કંટાળી એસિડ પી જીવન ટૂંકાવ્યું

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના વીરપુર તાલુકાના કેરાળી ગામની સીમમાં જયંતીભાઈ હરિભાઈની વાડીમાં કામ કરતા અને રહેતા યુવકે ગઈ કાલે બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં વાડીમાં હતો ત્યારે પીપળાના વૃક્ષની ડાળ સાથે પ્લાસ્ટિકની નળી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા કેરાળી ગામે ચકચાર સાથે અરેરાટી મચી જવા પામ્યો છે,જ્યારે પોરબંદર શહેરમાં ઝૂરી બાગ પાસે રહેતા વૃદ્ધાએ બીમારીથી કંટાળીને આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

રાજકોટ જિલ્લાના વીરપુર તાલુકાના કેરાળી ગામની સીમમાં જયંતીભાઈ હરિભાઈની વાડીમાં કામ કરતા અને રહેતા રાયલાભાઈ ઉર્ફે રવજીભાઈ તેરસિંગભાઈ રાઠવા (ઉં.વ.૩૭) નામના યુવકે ગઈ કાલે બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં વાડીમાં હતો ત્યારે પીપળાના વૃક્ષની ડાળ સાથે પ્લાસ્ટિકની નળી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા કેરાળી ગામે ચકચાર સાથે અરેરાટી મચી જવા પામી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક મૂળ એમપીનો છે અને અહી તે દશેક વરસથી વાડીમાં મજૂરી કામ કરે છે.નજીકની વાડીમાં કામ કરતા વ્યક્તિનું ધ્યાન જતા તેણે બૂમો પાડી ગામને એકઠું કર્યું.બનાવ અંગે વીરપુર પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ ચૌહાણ સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી બનાવ મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી આગળની તપાસ હાથધરી છે.મૃતકને સંતાનમાં એક પુત્ર છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. અન્ય બનાવમાં પ્રાપ્ત માહિતી અનુસાર,પોરબંદર શહેરમાં ઝૂરી બાગ કૈલાશ ગેરેજ, ભવાની બોટલિંગની સામે રહેતા રતનબેન નાથાલાલ હોદાર (ઉં.વ.૭૦) નામના વૃદ્ધાએ બીમારીથી કંટાળીને એસિડ પી લેતા તેને સારવાર અર્થે પોરબંદર બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા,જ્યાં ટૂંકી સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોરબંદર કમલાબાગ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી તપાસ હાથ ધરી છે.મૃતક વૃદ્ધાને સંતાનમાં બે પુત્ર પુત્રી છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

# આતે કેવી મજબૂરી? ૧૬ વર્ષનો કિશોર રીક્ષા ચલાવતો દેખાયો



**અબતક રાજકોટ**

શહેરમાં આજે સવારે એક ૧૬ વર્ષનો કિશોર ઢેબર રોડ એસ.ટી. બસ્ટેન્ડ નજીક gj 03 aw 4836 નંબરની પેસેન્જરથી ભરેલી રીક્ષા ચલાવી નીકળેલો નજરે પડ્યો હતો ત્યારે નજરે જોનાર લોકોના મનમાં સવાલ ઉઠ્યો હતોકે આવા કિસ્સામા અકસ્માત થાય તો જવાબદાર કોણ. ખુલ્લેઆમ આવી રીતે કિશોર રીક્ષા ચલાવી સરા જાહેરમા આર.ટી.ઓ. નિયમોનો ઉલાળીયો કરે છે તો તંત્ર પગલાં લેશેકે કેમ? તેવા સવાલો પ્રજામાં જાગ્યા છે.

# જેતપુરઃઅકસ્માતમાં મિત્રની નજર સામે પ્રોઢનું મોત

**અબતક રાજકોટ**

જેતપુરથી મિત્ર સાથે નાસ્તો કરીને ઘરે પરત ફરેલા પ્રોઢનું પાંચપીપળાથી લુણાગરી જતા રોડ પર આવેલ બેઠી ધાબી પાસે બાઈક પરથી પટકાતા મોત નીપજ્યું છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જેતપુરના કેરાળી ગામે રહેતા પ્રભાતભાઈ છગનભાઈ ઝાલા ઉવ ૫૦ વાળા પોતાના મિત્ર સાથે બાઈક પર બેસીને જેતપુર થી નાસ્તો કરીને પરત ફરતી વેળાએ પાંચપીપળાથી લુણાગરી જતા રોડ નજીક બેઠી ધાબી પર અચાનક બાઈક પરથી પડી જતા માથે શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી જેને ઈજા ગ્રસ્ત હાલતમાં સરકારી હોસ્પિટલ ખાતે લઈ જતા ત્યાં હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર માળે તે પહેલાજ તેનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું પ્રોઢના અવશાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક ખેતી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હોવાનું પરિવારના સભ્યોએ જણાવ્યું છે.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા પ્રણવ પરમારના જન્મદિવસની સેવાકાર્ય થકી ઉજવણી

**અબતક, રાજકોટ**

રાજકોટ જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભાવેશભાઈ પરમારના પુત્ર પ્રણવના જન્મદિવસે સિંધુરીયા હનુમાન મંદિર પાસે આવેલ ઝુપડપટ્ટીમાં બાળકોને સેન્ડવીચનું વિતરણ કરી બાળકોને આનંદ કરાવ્યો હતો. આ કાર્ય સફળ બનાવવામાં સંજયભાઈ ગાંગાણી જનકલ્યાણના ચેરમેન ઉમેશ મહેતા, ભાવેશભાઈ પરમારની સમગ્ર પરિવાર હાજર રહેલ.



## લોકમેળા હવે લોકો માટે નથી ?

# નાના માણસોનો મોટો મેળો હવે 'ઈવેન્ટ મેનેજમેન્ટ'ના હાથમાં !!

### લોકમેળામાં એક જ ખાનગી સંચાલકે રાઈડ્સના તમામ ૩૧ પ્લોટ રૂ.૧.૨૭ કરોડમાં ખરીદી લીધા : વર્ષોથી રાઈડ્સ ચલાવતા વેપારીઓ પ્રથમવાર આ વર્ષે મેળામાં નવરા ધૂપ રહેશે : તંત્રનું શોર્ટકટ મેળાના રાઈડ્સ સંચાલકો માટે ઘાતક સાબિત થયું



**અબતક, રાજકોટ**

લોકમેળાએ આપણી સંસ્કૃતિ સાથે વણાયેલા છે. તેમા લોકમેળા સંચાલકોએ નફા નુકસાન નહિ પણ લોકોનો આનંદ કિલ્લોલ તેમજ વેપારીઓની રોજીરોટી ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે. પણ હવે નાના માણસોનો મોટો મેળો હવે 'ઈવેન્ટ મેનેજમેન્ટ'ના હાથમાં હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. લોકમેળામાં એક જ ખાનગી સંચાલકે રાઈડ્સના તમામ ૩૧ પ્લોટ રૂ.૧.૨૭ કરોડમાં ખરીદી લીધા છે. વર્ષોથી રાઈડ્સ ચલાવતા વેપારીઓને પ્રથમવાર આ વર્ષે મેળામાં નવરા ધૂપ રહેવાનો વારો આવ્યો છે. બીજી તરફ તંત્રએ એક જ ખાનગી સંચાલકને તમામ રાઈડ્સના પ્લોટ સોંપીને જે શોર્ટકટનો રસ્તો લીધો છે. તે લોકમેળાની વ્યાખ્યા સાથે બંધ બેસતો નથી. લોકો માટે યોજાતો આ લોકમેળો દરેક લોકોને આનંદ આપવા માટેનો હોય છે. પણ તંત્રના એક જ ખાનગી સંચાલકને તમામ રાઈડ્સના પ્લોટ સોંપી દેવાના નિર્ણયથી વર્ષો જુના રાઈડ સંચાલકોને મોટો ફટકો પડયો છે.

રાજકોટના રેસકોર્સ મેદાનમાં સૌરાષ્ટ્રનો સૌથી મોટો જન્માષ્ટમીનો લોકમેળો યોજાઈ છે. આ વખતે તા.૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન આ લોકમેળો યોજાનાર છે. જેમાં ત્રણ-ત્રણ વખત રાઈડ્સની હરાજી મુલત્વી રહ્યા બાદ ચોથી વખત કરવામાં આવેલ હરાજીમાં જૂના વેપારીઓએ ભાગ લીધો હતો. પરતું નવા નિયમના કારણે હરાજીની બોલીમાં ભાગ નહી લેતા તેની સાથે આવેલા જ ખાનગી મેળાના સંચાલકોએ તમામ ૩૧ પ્લોટ રૂ. ૧.૨૭ કરોડમાં ખરીદી લીધા છે.

## મેળો રાજકોટના અર્થતંત્રને આપે છે બુસ્ટર ડોઝ

રાજકોટમાં મેળાને લઈને વેપારીઓને મોટી આશા હોય છે. લોકમેળામાં મોતના કૂવા, મોટી ફનરાઈડ્સ, મધ્યમકક્ષાની રાઈડ્સ, ચિલ્ડ્રન રાઈડ્સ, ફૂડ કોર્ટ, ખાણીપીણીના સ્ટોલ, આઈસસ્ક્રીમના સ્ટોલ, રમકડાના સ્ટોલ, સરકારી સંસ્થાઓના સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ મેળો દર વર્ષે રાજકોટના અર્થતંત્રને બુસ્ટર આપે છે. અનેક વેપારીઓ આ મેળામાંથી મોટી કમાણી કરે છે. તો બીજી તરફ સરકારી તંત્રને પણ આ મેળામાંથી આવક થાય છે. મેળામાં વરસાદ થવો એ સામાન્ય વાત ગણાય છે.ગારા-કીચડની ચિંતા કર્યા વગર લોકો મેળામાં મોજ મસ્તીના ધૂબાકા મારે છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા (અનુ. આઠમા પાને)

## જન્માષ્ટમીનો લોકમેળો રાજકોટની ઓળખ

રાજકોટના મેળાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું. ઉત્સવપ્રિય રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે નિમિત્તે ૧૯૮૪માં રાજ્ય સરકારના યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે જ લોકમેળો યોજવામાં આવ્યો. આ આયોજનનું ૧૯૮૫માં પણ પુનરાવર્તન કરાયું ત્યાર બાદ, ૧૯૮૬થી સરકારી અધિકારીઓની વિવિધ સમિતિ દ્વારા આયોજનબધ્ધ રીતે લોકમેળો યોજાવાની શરૂઆત થઈ. આ લોકમેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે. શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતો આ મેળો વધતા જતાં માનવ મહેરામણના લીધે વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ ખાતે યોજવામાં આવે છે. મેળાના સમયગાળો ત્રણ દિવસથી વધારીને પાચ દિવસનો કરવામાં આવ્યો.

## આઈસ્ક્રીમના સ્ટોલ વેપારીઓને બદલે સીધા કંપનીઓને જ સોંપાઈ તેવી શકયતા

આ વખતે રાઈડ્સની જેમ જ આઈસ્ક્રિમના ૧૬ પ્લોટમાં પણ કોકડું ગુચવાયું છે. આઈસક્રિમના અગાઉ ૧૧ પ્લોટ નક્કિ કરવામાં આવતા વેપારીઓએ તેમાં ફોર્મ ભરી દાવેદારી કરી હતી. પરતું તેમાં પાછળથી તંત્રએ પ્લોટમાં વધારો કરતા વેપારીઓ નારાજ થયા હતા અને હરાજીનો બહિષ્કાર કર્યો હતો.તંત્રએ ગઈકાલે પણ આઈસ્ક્રિમના વેપારીઓને બોલાવ્યા હતા. પરતું તેઓ નહીં આવતા હવે આઈસ્ક્રિમના પ્લોટ સીધા જ આઈસ્ક્રિમની કંપનીઓને ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ કંપનીઓએ આમાં રસ દાખવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## અમને પોષાયુ નહિ એટલે હરાજીમાં બોલી ન કરી : રાઈડ સંચાલકો

રાઈડ સંચાલકોએ આ અંગે જણાવ્યું કે તેઓને નિયમો જે બનાવવામાં આવ્યા છે અને એ નિયમોની અમલવારી કરીને જે ભાવ નક્કી કરવામાં આવ્યા છે તે પોષાય એમ ન હતા જેથી દર વર્ષે ભાગ લેતા રાઈડ સંચાલકોએ કોઈ બોલી લગાવી ન હતી. ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ રાઈડ્સ સંચાલકો મેળામાં ભાગ લેતા હોય છે. આની સાથે જોડાયેલા મોટી સંખ્યામાં લોકોની રોજીરોટી તેના ઉપર નભતી હોય છે.

ગેમઝોન દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા મેળા સહિત (અનુ. આઠમા પાને)

# સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી નડિયાદમાં થશે

## રાજકોટ સહિત ૧૫ જિલ્લામાં મંત્રીઓ નહીં આવે જિલ્લા કલેકટર કરશે ધ્વજવંદન

**અબતક, રાજકોટ**

સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે થશે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. રાજકોટ સહિત ૧૫ જિલ્લામાં મંત્રી મંડળના સભ્યો ધ્વજ વંદન માટે આવશે નહી. જીલ્લા કલેકટર દ્વારા ધ્વજ વંદન કરવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી પદે નરેન્દ્રભાઈ મોદી હતા ત્યારે તેઓએ એક નવી પ્રણાલી શરુ કરી હતી. પ્રજાસત્તાક પર્વ અને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પાટનગર ગાંધીનગર ખાતે કરવાના બદલે રાજયના અલગ અલગ જિલ્લાઓમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાની શરુઆત કરાવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી રાજય સરકાર દ્વારા ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટની ઉજવણી અલગ અલગ જિલ્લામાં કરવામાં આવે છે. આ સીલસીલો આગળ ધપાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આગામી સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી ખેડા જિલ્લાના નડિયાદ ખાતે કરવાનો નિર્ણય કર્યા છે. સીએમના અધ્યક્ષ સ્થાને ધ્વજ વંદન સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, દંડક અને મંત્રી મંડળના સભ્યો અલગ અલગ જિલ્લાઓમાં ધ્વજવંદન કરાવશે.

નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સુરત ખાતે, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ મહેસાણા ખાતે, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ જુનાગઢ ખાતે, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત કચ્છ ખાતે, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અમરેલી ખાતે, વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા બોટાદ ખાતે, કુબેર ડિંડોર સાબરકાંઠા ખાતે, ભાનુબેન બાબરીયા ગીર સોમનાથ જિલ્લા ખાતે, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ખાતે ધ્વજ વંદન કરાવશે (અનુ. આઠમા પાને)



# રાજય સરકારના કર્મચારી એલટીસી અને વતન પ્રવાસ વંદે ભારત ટ્રેનમાં કરી શકશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારી કર્મચારીઓને સ્વાતંત્ર્ય પર્વની ભેટ

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજય સરકારના કર્મચારીઓને સ્વાતંત્ર્ય પર્વની યાદગાર ભેટ આપી છે. સરકારી કર્મચારીઓ ને એલટીસી ટુર અને વતન પ્રવાસ હેતુ માટે વંદે ભારત ટ્રેનના પ્રવાસને માન્યતા આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી કર્મચારીઓમાં હર્ષની લાગણી વ્યાપી જવા પામી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલ.ટી.સી/વતન પ્રવાસનો લાભ ૬૦૦૦ કિ.મી. ની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા આવા પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે.

ભારતીય રેલવે દ્વારા છેલ્લા થોડાક વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારનાં કર્મચારીઓ દ્વારા તેમને મળતા આવી રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ (અનુ. આઠમા પાને)

**શ્રાવણના સરવડા**

# ૧૮૨ તાલુકામાં ઝાપટાથી લઈ ચાર ઈંચ સુધી વરસાદ વરસ્યો

## સૌથી વધુ નવસારીમાં ચાર ઈંચ જયારે સુરતના ઉંમરપાડામાં ત્રણ ઈંચ વરસાદ: આજે પણ રાજયભરમાં સાર્વત્રિક સામાન્ય વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં થોડા દિવસના વિરામ બાદ ચોમાસું ફરી સક્રિય થયું છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જ્યારે આજના દિવસે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા જાહેર કરેલા વરસાદના આંકડા પ્રમાણે સોમવારે સવારે ૬ વાગ્યાથી લઈને મંગળવારે સવારે ૬ વાગ્યા સુધી ૨૪ કલાકના સમયમાં રાજ્યના ૧૮૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમં ૮ તાલુકા એવા છે જેમાં બે ઈંચથી ૪ ઈંચ વચ્ચે વરસાદ નોંધાયો હતો. ૨૮ તાલુકા એવા છે જેમાં ૧ ઈંચથી ૨ ઈંચ વચ્ચે વરસાદ નોંધાયો હતો. જેમાં તાપીના વાલોડમાં આશરે બે ઈંચ, ડાંગના સુબિરાં પોણા બે ઈંચ, સુરતના મહુવામાં પોણા બે ઈંચ, નવસારીના વાંસદામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુજરાતના વરસાદ અંગે હવામાન વિભાગે આજના દિવસની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. વિસ્તારોની વાત કરીએ તો બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ પડી શકે છે. આ ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ,બોટાદ, કચ્છ અને દીવમાં આગામી સાત દિવસોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. ચોમાસાની સિઝનનો રાજયમાં અત્યાર સુધીમાં ૭૦.૩૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ કચ્છમાં સિઝનનો ૮૭.૩૪ ટકા વરસાદ ખાબકી ચૂક્યો છે. તો દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૮૩.૯૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

સૌરાષ્ટ્રમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૭૮.૭૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તો મધ્ય ગુજરાતમાં સિઝનનો ૫૩.૯૦ ટકા અને ઉત્તર ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૫૨.૬૭ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

**છેલ્લા ૨૪ કલાકનો વરસાદ**

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| નવસારી | નવસારી | ચાર ઈંચ |
| સુરત | ઉમરપાડા | ત્રણ ઈંચ |
| આણંદ | આંણદ | ત્રણ ઈંચ |
| સુરત | પલસાણા | અઢી ઈંચ |
| તાપી | ડોલવણ | બે ઈંચ |
| તાપી | વાલોડ | બે ઈંચ |
| નવસારી | વાસનદા | બે ઈંચ |
| સુરત | બારડોલી | દોઢ ઈંચ |

**રાજ્યમાં સિઝનનો ૭૧.૯૫ ટકા વરસાદ વરસી ગયો**

| ઝોન | વરસાદ |
|---|---|
| કચ્છ | ૮૭.૪૦ ટકા |
| ઉત્તર ગુજરાત | ૫૩.૮૫ ટકા |
| મધ્ય ગુજરાત | ૫૬.૦૯ ટકા |
| સૌરાષ્ટ્ર | ૭૯.૪૪ ટકા |
| દક્ષિણ ગુજરાત | ૮૬.૨૨ ટકા |
| કુલ | ૭૧.૯૫ ટકા |

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના સાનીસધ્યમાં આજે તિરંગા યાત્રાનું સમાપન

## બપોરે અમદાવાદમાં વિશાળ તિરંગા યાત્રા યોજાશે: હર ઘર તિરંગા યાત્રામાં હોંશભેર સામેલ થતા રાજયવાસીઓ



**અબતક, રાજકોટ**

સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ચાર મહાનગરોમાં તિરંગા યાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ સામેલ થશે. અમદાવાદ ખાતે યોજાનારી તિરંગા યાત્રાનું તેઓ આરંભ કરાવશે.

આજે સાંજે ૪ કલાકે અમદાવાદના વિરાટ નગરમાં કેસરી નંદન ચોક (ફૂવારા સર્કલ) ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ તિરંગા યાત્રાને ફ્લેગ ઓફ કરાવશે. આ તકે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ઉપરાંત આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજયકક્ષાના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ સામેલ થશે.

અતિથી વિશેષ તરીકે સાંસદ હસમુખભાઈ પટેલ, દિનેશભાઈ મકવાણા અને રાજ્યસભાના સાંસદ નરહરી અમિત ઉપરાંત વિશેષ આમંત્રીત તરીકે ધારાસભ્ય બાબુભાઈ પટેલ, અમિતભાઈ પી.શાહ, જીતેન્દ્રભાઈ પટેલ, ડો.હર્ષદ પટેલ, અમૂલભાઈ ભટ્ટ, અમિત ઠાકર, કૌશિક જૈન, દિનેશ કુશવાહ, અલ્પેશ ઠાકોર, ડો.હસમુખ પટેલ, બાબુસિંહ જાદવ, દર્શનાબેન વાઘેલા, કંચનબેન રાદડિયા અને ડો.પાયલબેન કુકરાણી ખાસ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં ૮મી થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. ગત તા.૧૦મી ઓગસ્ટે રાજકોટ ખાતેથી તિરંગા યાત્રાનો પ્રારંભ થયો હતો. કેન્દ્રિય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રિય મંત્રી અને ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. ૧૧મી ઓગસ્ટે સુરત ખાતે યોજાયેલી તિરંગા યાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા તેમજ વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ જોડાયા હતા. ગઈકાલે વડોદરા ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત (અનુ. આઠમા પાને)